Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्



ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 15, Issue. 268, December 2024

**પ્રિય વાચક મિત્રો,**

"એક દિશાવિહિન સમાજ એ નાવ વિના સમુદ્રમાં તરતા માનવ સમાન છે." – સ્વામી વિવેકાનંદ

આજનો સમાજ સતત બદલાય રહ્યો છે. એ ઘણી વખતતો દિશાહિન લાગતો હોય છે. આધુનિક ટેકનૉલૉજી, આર્થિક સ્પર્ધા અને વ્યકિતત્વવાદના વધતા પ્રભાવના કારણો લોકો માટે સાચુ શું અને ખોટું શું. એ નિર્ધારિત કરવું મુશ્કેલ બન્યુ છે. લોકો સ્વતંત્ર બનવા માંગે છે. પરંતુ સાચે જ પોતાનું લક્ષ્ય ગુમાવી રહ્યા છે. પારંપારીક સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યો ધીમે ધીમે નબળા પડી રહ્યા છે. જેનાથી લોકોમાં સંબંધો અને જવાબદારી માટેની સંવેદના ઘટી છે. "મારું જીવન મારા નિયમો" વાળી માનસિકતાથી લોકો સ્વહિત ને પ્રાધાન્ય આપે છે. જેથી સમાજ સાથે જોડાણ નબળા પડે છે. આકાંક્ષાઓ અને સ્પર્ધાને કારણો જીવનની હકિકત ભૂલીને ફકત ભૌતિક સુખ તરફ દોડી રહ્યા છે, યુવા પેઠી દિશાવિહિન બની રહી છે. નકલી સફળતાઓ ધનપ્રતિષ્ઠા માટે લોકો ખોટા માર્ગે જતા હોય છે.

વર્તમાન સમયનો કદાચ સૌથી મોટા પ્રશ્ન તરીકે સંપત્તિને ગણાવી શકાય. પહેલાંના સમય કરતા આજે દરેક વ્યકિત પાસે સંપત્તિ ઘણી વધી છે. તેમ છતાં લોકો વધુ સુખી થવાની વાત તો દુર પરંતુ વધુ બેબાકળા બનીને જીવતા દેખાય છે. દુનિયામાં ઘણા લોકો એક જુદી ધાર્મિકતા તરફ વળ્યા છે. મહદ અંશે આ ધાર્મિકતા તેમની ઓળખના કે રૂઢિના ભાગ રૂપે નથી, કે નથી તે શ્રધ્ધામાંથી જન્મી. એ જન્મી છે દરેક વ્યકિતને પડતી તકલીફો અને ચિંતાઓમાંથી બહાર આવવા કોઈ દૈવી શકિત (પછી ભલે તે ગમે તે ધર્મની હોય, જાતિની હોય) ની અવિરત મદદ માંગતી આ ધાર્મિકતા છે. આતંકવાદ કયાંક વકરી રહ્યો છે અથવા તો આંતકવાદ જેવી ભીતિ દ્રઢ થતી જાય છે. વળી બીજી બાજુ મોટા દેશોમાં ફાસીવાદી તત્વો જોરશોરથી સત્તા પર આવી રહ્યા છે અને કેટલાક દેશોમાં આવી ગયાં છે.

બીજી તરફ એક લગભગ આક્રમક બની ગયેલો કહી શકાય તેવો વ્યકિતવાદ (Individualism) લગભગ દરેક જગ્યાએ દેખાય છે. દરેક વ્યકિત પોતાને માટે જવાબદાર બની રહ્યો છે અને બીજા તેમના સમાજના પ્રશ્નોથી વધુ ને વધુ વેગળો થતો જાય છે. દૂર થતો જાય છે. એને આ બધામાં રસ નથી. એને ચિંતા છે તો માત્ર 'સ્વ'ની સામાન્ય માણસને પોતાના જીવન નિર્વાહમાંથી કે હજી વધુ કમાવામાંથી ફુરસદ નથી. તો બીજી તરફ વધતી ઝડપે જનતાનું વિકેન્દ્રીકરણ થઈ રહ્યું છે. પરિવાર કુટુંબના બંધારણમાં ધરમૂળથી પરિવર્તન આવી રહ્યું છે. અપરિવારના અનેક પ્રશ્નો સામે આવી રહ્યા છે. સંયુકત કુટુંબની ભાવના દિવાસ્વપ્ન બની ગઈ છે. કારણકે નવી પેઢીને તેનું કોઈ મૂલ્ય નથી. સૌને સ્વતંત્રતા જોઈએ છે. એટલું જ નહી, નવી પેઢીએ લગ્ન કરવા નથી અથવા તો લગ્ન પછી બાળક જોઈતું નથી. છૂટાછેડાનું પ્રમાણ વધ્યું છે, આપધાતો વધ્યા છે. વિકસિત દેશો સહિતના સમાજોમાં પણ બાળકોના પ્રશ્નોમાં સતત અને ભયજનક વધારો થઈ રહ્યો છે. એક જ વાકયમાં કહીએ તો આજનો સામાન્ય માણસ કે જે ગમે ત્યારે દરેક સમાજનો બહોળો ભાગ હોય છે, તો આ બધામાં પીસાતો હોય તેવી લાગણી અનુભવે છે.

આજે જે કંઈ બની રહ્યું છે તેની પીડા સાર્વત્રિક હોવા છતાં આક્રોશ છૂટો છવાયો અને વ્યકિતગત ધોરણે જ વ્યકત થાય છે, જાણે કે લોકો એકલા અટુલા અને દિશાહીન બની ગયા છે. દરેક વખતે આ પીડા અનુભવાતી નથી. ઘણીવાર એ પીડા ઉપભોકતાની અવિરત દોડ અને ભવિષ્યના રંગબેરંગી સપના પાછળ છુપાયેલી હોય છે. બહુધા તો લોકો, પ્રસ્થાપિત થયેલા ઉપભોકતાવાદ (Consumerism)માં મસ્ત છે, અને પરિસ્થિતિ બદલવા અંગે કોઈ વૈચારિક ભૂમિકાનો અને સંઘબળનો અભાવ જણાય છે. આજના સમાજની આ એક ચિતાંજનક સેલ્ફી છે. પરિસ્થિતિ કઈ રીતે ઉદભવી તે અંગેના વિવિધ મતો હોઈ શકે છે. પરંતુ એ સઘળા મતો સાંપ્રત પરિસ્થિતિને સમજવા પૂરતા નથી. કારણ કે, વર્તમાનના બનાવો બહુ સ્પષ્ટ રીતે સમજવા અઘરા હોય છે. તેનું એક કારણ એ પણ છે કે ઘણા બધા અનિર્ણિત પરિબળો નજીકના કે દુરના ભવિષ્યમાં બહું જુદું સ્વરૂપ ધારણ કરી કલ્પના બહારના પરિણામો સુધી પહોંચી શકે છે. આ શકયતા નકારી ન શકાય તેવી છે. ટૂંકમાં કહીએ તો વર્તમાન અંગેનું વિશ્લેષણ એટલા માટે દિશાહિન હોય છે કે હજી ઘણાં પરિણામો આવવાના બાકી હોય અને તે પરિણામો અણધાર્યા અને કલ્પના બહારના આવે તેવી પૂરી શકયતા હોય છે. બીજું, આપણે એ ભૂલવું ન જોઈએ કે આપણી દરેકની કોઈક ને કોઈક મર્યાદાઓ છે જ. તેમજ માનવીની એક લાક્ષણીકતા એ છે કે માહિતીનો અભાવ આપણને મંતવ્ય, અભિપ્રાય કે અભિગમ બાંધતા રોકતો નથી. આપણે કશાક અનુમાન સુધી પહોંચીએ છીએ. ઘણીવાર અભિપ્રાય અને અભિગમોની દ્રઢતા અપૂરતી કે ખોટી માહિતી જોડિયાભાઈ બનીને ઉભા હોય છે. વળી સામાન્ય રીતે આપણો અભિગમ પરિણામલક્ષી હોય છે. મહદઅંશે એમ બને છે કે જેનાં પરિણામ સારા તે બાબત આપણે સારી કહેતા થઈએ છીએ. એક વિશાળ દ્રષ્ટિકોણથી જોઈએ તો આ બનાવો ઉત્ક્રાંતિની પ્રક્રિયાનો જ એક ભાગ હોઈ શકે.

**તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૫** **(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વિશ્વવિદ્યાલયનાં આંકડાશાસ્ત્ર વિભાગમાં શિષ્યવૃત્તિ ફંડ તરીકે રૂ. ૧૦ લાખનું માતબર દાન પ્રાપ્ત થયું



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયે આનંદ સાથે જાહેરાત કરી છે કે ૮૮ વર્ષીય નિવૃત્ત વ્યાખ્યાતા, શ્રીમતી ઉષા કાઝી, જે.સર. પી.ટી.સાર્વજનિક કૉલેજ ઓફ સાયન્સમાં ૪૦ વર્ષ સુધી આંકડાશાસ્ત્ર ભણાવતા રહ્યા છે, તેઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આંકડાશાસ્ત્ર વિભાગના બિનઅનામત શ્રેણીના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ ફંડ માટે રૂ. ૧૦ લાખનું ઉદાર દાન આપ્યું છે.

૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રોફેસર સી.આર.રાવની જન્મજયંતિ નિમિત્તે 'STATATION 2024'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટેટેથોન–૨૦૨૪ના વિદાય સમારંભના મહેમાન શ્રીમતી ઉષા કાઝીએ આંકડાશાસ્ત્ર વિષયને લોકપ્રિય બનાવવાના આંકડાશાસ્ત્ર વિભાગના પ્રયત્નોને બિરદાવતા, રૂા. ૧૦ લાખના શિષ્યવૃત્તિ ફંડના દાનની જાહેરાત કરી હતી.

શ્રીમતી ઉષા કાઝીએ પોતાની કારકિર્દીમાં ઘણી પેઢીઓના વિદ્યાર્થીઓને આંકડાશાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો છે અને શિક્ષણ ક્ષેત્રે તેમની સંપૂર્ણ પ્રતિબદ્ધતા અને ખ્યાતિ માટે જાણીતા છે. આ દાન તેમના આંકડાશાસ્ત્ર વિષય અને તેના શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમના શબ્દોમાં 'આંકડાશાસ્ત્ર વિષય એ તેમનો પ્રથમ પ્રેમ છે'.

આ શિષ્યવૃત્તિ ફંડ બિનઅનામત શ્રેણીના વિદ્યાર્થીઓને આંકડાશાસ્ત્રના અભ્યાસમાં સહાય માટે વાપરવામાં આવશે, જેથી જે વિદ્યાર્થીઓને આર્થિક પરિસ્થિતિના કારણે તેમની શિક્ષણ યાત્રા પર અવરોધો ભોગવી રહ્યા છે, તેઓને આર્થિક સહાય મળી શકે. આ દાન એવી શ્રેષ્ઠ તકો પ્રદાન કરશે, જેમાં આ વિદ્યાર્થી તેમના શૈક્ષણિક લક્ષ્યોને નિર્વિઘ્ન હાંસલ કરી શકશે.

શ્રીમતી ઉષા કાઝી એ જણાવ્યું હતું કે 'મને હંમેશા વિશ્વાસ રહ્યો છે કે શિક્ષણ એ સશક્તિકરણનું સાધન છે, અને આંકડાશાસ્ત્ર વિષય એ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય આપી શકે છે, હું આ રીતે વિદ્યાર્થીઓની મદદ કરવા માટે દાન આપી રહી છું. આ દાનથી હું આશા રાખું છું કે બિનઅનામત શ્રેણીના વિદ્યાર્થીઓ તેમના સ્વપ્નોને પૂરા કરી શકશે અને આંકડાશાસ્ત્ર ક્ષેત્રમાં યોગદાન આપી શકશે.'

આ દાન એક ઉમદા ફાળો છે, જે શિષ્યવૃત્તિ માટે ઉપયોગી થશે અને આગામી શૈક્ષણિક વર્ષમાં પ્રથમ શિષ્યવૃત્તિ વિતરણ કરવામાં આવશે. આ દાન માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને તેનો આંકડાશાસ્ત્ર વિભાગ શ્રીમતી ઉષા કાઝીનાં ઋણી છે અને આશા રાખે છે કે આ યોગદાન અન્ય લોકો માટે પ્રેરણારૂપ બની રહેશે.

### ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૬૭મી પુણ્યતિથિ નિમિત્તે વિશ્વવિદ્યાલય ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ





વિશ્વવિદ્યાલય એસ.સી. સેલ દ્વારા તા. ૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની ૬૭મી પુણ્યતિથિ નિમિત્તે વિશ્વવિદ્યાલયના વહીવટી ભવનના મુખ્ય સભાગૃહમાં ગૌરવપૂર્ણ પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સવારે ૧૧:૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યોજાયો હતો, જેમાં વિશ્વવિદ્યાલયના ૧૦૦ જેટલા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં કુલપતિશ્રીએ બાબાસાહેબ આંબેડકરના જીવન અને કાર્યો પર પ્રકાશ પાડી આવનાર યુથ ફેસ્ટિવલમાં બાબાસાહેબ આંબેડકરની થીમ રાખવામાં આવી હોવાની માહિતી આપી વિદ્યાર્થીઓને આ અંગે વિવિધ કૃતિઓ રજૂ કરવા પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત અધ્યાપકોને આહવાન કર્યું હતું, તેમજ બાબાસાહેબના વિચારો અને બંધારણના મૂલ્યો વધુને વધુ લોકો સુધી પહોંચે તે માટે સંશોધન કરવા, પ્રકાશન કરવા તથા રીલ અને વિડીયો બનાવવા જેવી આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ પોતાના પ્રસંગોચિત ઉદબોધનમાં ડૉ. બાબાસાહેબના જીવન સંઘર્ષ

અને તેમના દ્વારા સમાજમાં કરવામાં આવેલ મહાન સુધારા વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી તથા બંધારણના ડ્રાફ્ટિંગ જેવું મહત્વનું, મુશ્કેલ વિદ્વતાપૂર્ણ યોગદાન આપવા બદલ બાબાસાહેબને યાદ કરી કોલંબિયા વિશ્વવિદ્યાલય સહિત દેશ વિદેશમાં બાબાસાહેબને મળતા માન-સન્માનને યાદ કરી બાબાસાહેબને શાબ્દિક શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

એસ.સી.સ્ટેન્ડિંગ કમિટીના સભ્યશ્રી ડૉ. હિનાબેન મકવાણાએ પોતાના વકતવ્યમાં મહાપરિનિર્વાણનો અર્થ સમજાવતા જણાવ્યું હતું કે 'મહાપરિનિર્વાણ' આ સંસ્કૃત શબ્દ, ઊંડો દાર્શનિક અને આધ્યાત્મિક અર્થ ધરાવે છે. તે મૃત્યૃ પછી પ્રાપ્ત થયેલ નિર્વાણ અથવા મૃત્યુ પછીની મુકિતની અંતિમ સ્થિતિ દર્શાવે છે. બૌદ્ધ પરંપરામાં, તે દુઃખની સંપૂર્ણ સમાપ્તિ અને પુનર્જન્મના ચક્રમાંથી મુકિતનો સંદર્ભ આપે છે. બાબાસાહેબના યોગદાનના સંદર્ભે આ શબ્દ એટલા માટે વધુ યથાયોગ્ય છે, કારણ કે તે પીડિતોના ઉદ્ધાર અને સામાજિક ન્યાય માટે સમર્પિત હતા. માટે ડૉ. આંબેડકરના સંદર્ભે મહાપરિનિર્વાણ એ યથોચિત શ્રદ્ધાંજલિ છે. ડૉ. આંબેડકરનું વિઝન આજે પણ ખૂબ જ સુસંગત છે. તેમણે વાત કરી કે અસમાનતા અને અન્યાયથી ઝઝૂમી રહેલી દુનિયામાં, સામાજિક ન્યાય અને સશકિતકરણનો તેમનો સંદેશ સતત ગુંજતો રહે છે. તેમણે ભારતીય બંધારણના મુસદ્દામાં બી.આર.આંબેડકરની ભૂમિકા વિશે વાત કરી. રાષ્ટ્રના મુખ્ય કાયદા તરીકે બંધારણ, ભારતમાં રહેતા તમામ લોકો માટે હોવાનું જણાવી તેમણે પ્રસ્તાવનામાં 'બંધુત્વ' શબ્દ વિશે પણ વાત કરી હતી અને સમાનતા અને બંધુત્વ બંને કેવી રીતે એકબીજા સાથે જોડાયેલા છે તેની ચર્ચા પણ કરી હતી. તેમણે બાબાસાહેબના મહિલાઓ માટેના યોગદાન સંદર્ભે વાત કરી હતી. તેમના વકતવ્યમાં અંતમાં તેઓએ બંધારણની પ્રસ્તાવના વાંચી કાર્યક્રમના સહભાગીઓ પાસે તેનું પુનરોચ્ચારણ કરાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા કાર્યક્રમના અંતે આભારવિધિ એસ.સી.સ્ટેન્ડિગ કમિટીના સભ્યશ્રી ડૉ. જાગૃતિ બારોટે કરી હતી.

## તાલીમ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા તા. ૧૧/૧૧/૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયના ઓથોરીટી હોલમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીની અધ્યક્ષતામાં SVNITના પ્રાધ્યાપકશ્રી મધુરેન્દ્ર કુમાર દ્વારા વિશ્વવિદ્યાલય પરિસરના અધ્યાપક સહાયકશ્રીઓને તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં અધ્યાપક સહાયકશ્રીઓને ટીચિંગ ઉપરાંત કઈ રીતે વહીવટી કાર્યો કરી શકે તથા AIનો વધુમાં વધુ કઈ રીતે ઉપયોગ થાય જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આ તાલીમનો મુખ્ય હેતુ અધ્યાપક સહાયકશ્રીઓને શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવા અને વહીવટી કાર્યોને સરળ બનાવવા ટૅક્નોલોજીમાં થઈ રહેલા ઝડપી પરિવર્તનને ધ્યાનમાં રાખીને AIની મદદથી પદ્ધતિઓમાં સુધારો કરવાનો હતો.

તાલીમ દરમિયાન માનનીય કુલપતિશ્રીએ AIનો ઉપયોગ પર ભાર મુકતા જણાવ્યું કે, શૈક્ષણિક ક્ષેત્રમાં, સંશોધન ક્ષેત્રમાં AIનો ઉપયોગ કરીને આપણે નવી નવી શોધો કરી શકીએ છીએ અને વિજ્ઞાન અને તકનીકના ક્ષેત્રમાં આગળ વધી શકીએ છીએ, સંસ્થાના વિકાસમાં AIનો ઉપયોગ કરીને આપણે વધુ કાર્યક્ષમ અને અસરકારક બની શકીએ છીએ, વહીવટી કાર્યોને સરળ બનાવવા માટે તેમજ વિદ્યાર્થીઓ માટે AI શીખવું ખૂબ જ જરૂરી છે કારણકે ભવિષ્યમાં AIનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં વધશે અને ખાસ કરીને વહીવટી કાર્યમાં AIનો ઉપયોગ કઇ રીતે કરવો તેની વિસ્તૃત છણાવટ કરવામાં આવેલ છે. આ તાલીમ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના ૧૦૦ જેટલા અધ્યાપક સહાયકશ્રીઓએ ભાગ લીધો હતો.







## વિશ્વવિદ્યાલય માટે ગૌરવમય ક્ષણ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની કરાટે ભાઈઓની ટીમ-સાઉથ વેસ્ટ ઝોન આંતર વિશ્વવિદ્યાલય પ્રતિયોગિતા માટે એલ.એન.સી.ટી., ભોપાલ ખાતે રમવા ગયેલ. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત સંલગ્ન કૉલેજ એસ.ડી.જે. વેસુના વિદ્યાર્થી રાઠોડ કુનાલએ 75kg વેઈટ કેટેગરીમાં અને એમ.ટી.બી. આર્ટસ કૉલેજ, સુરતના વિદ્યાર્થી રાજપુરોહિત આશિષએ +84kg વેઈટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી

વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે. આ બંને ખેલાડીઓની સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના કુલગુરૂશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઑ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. કરાટે ભાઈઓની ટીમ સાથે કોચ તરીકે શ્રી દિપક પટેલ અને મેનેજર તરીકે શ્રી લવ શર્મા સેવા આપી રહ્યા છે.





## લોકમાતા અહિલ્યાબાઈ હોલકર ૫૧માં યુવક મહોત્સવનો ભવ્ય અને રંગારંગ આરંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા ચાલુ વર્ષે ૫૧મો 'લોકમાતા અહિલ્યાબાઈ હોલકર' યુવક મહોત્સવનું વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં આયોજન કરવામાં આવ્યું હતું. જે તા. ૧૮/૧૨/૨૦૨૪ થી તા. ૨૩/૧૨/૨૦૨૪ એમ કુલ ૬ દિવસ યોજાયો હતો. યુવા મહોત્સવના પહેલા દિવસે સવારે ૮:૦૦ કલાકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી એ શ્રીફળ વધેરીને રંગમંચ–૧ કન્વેન્સન હોલથી કળાયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. જે રંગમંચ–૨ પર્વમંચ પહોંચી પૂર્ણ થઈ હતી. આ કાર્ય પૂર્વે કુલપતિશ્રી અને કુલસચિવશ્રીએ ગૌમાતાનું પૂજન કર્યું હતું. કળાયાત્રામાં વિશ્વવિદ્યાલયના જુદા જુદા વિભાગો અને વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજો પૈકી કુલ ૧૯ સંસ્થાઓએ ભાગ લીધો હતો. જેમાં બધા મળીને ૧૩૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ જુદી જુદી પ્રદર્શનીઓમાં ભાગ લીધો હતો. આ પ્રદર્શનીઓમાં શક્તિનું સામ્રાજ્ય, નારી સન્માન કી ધરોહર વિરાંગનાઃરાની દુર્ગાવતી કી શોર્ય ગાથા, નારી તું નારાયણી, ભારત હજારો સાલ પુરાની જીવંત સંસ્કૃતિ, જનજાતિ, ક્રાંતિ તીર્થઃ બિરસા મુંડા, મહાત્મા ગાંધી અને પર્યાવરણ સુરક્ષા, સુદ્રઢ ભારત–વિકસિત ભારત, ભારતના બંધારણના ૭૫ વર્ષ, અખંડ ભારત, ભગવાન બિરસા મુંડા, અહિલ્યાબાઈ, નાગરિક કર્તવ્ય, બિરસા મુંડા : ૧૫૦મી જન્મ જયંતી, અહિલ્યાબાઈ હોલકર, ભારતઃ સોમનાથનો ઇતિહાસ, ભારતઃ સંવિધાનના ૭૫ વર્ષ અને ભારતીય સંસ્કૃતિ જેવા વિષયો પર પ્રદર્શનીઓ ઝાંખીઓ વગેરે પ્રસ્તુત કરવામાં આવી હતી. અહીં રંગમંચ ૨ પર કલાયાત્રામાં ભાગ લીધેલ વિભાગો અને કૉલેજો દ્વારા ઉપરોક્ત કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી. આ પ્રસ્તુતિ બાદ યુવક મહોત્સવને ખુલ્લો મૂકવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ મંચપર બિરાજમાન કુલપતિશ્રી, કુલસચિવશ્રી, યુવકકલ્યાણ વિભાગના વડા શ્રી તેમજ અન્ય મહાનુભાવોનો પરિચય આપવામાં આવ્યો હતો. પરિચયબાદ વિશ્વવિદ્યાલય ગીતનું ગાન કરવામાં આવ્યું હતું. ગીતગાન બાદ દીપપ્રાગયટ વિધિ મંચપર બિરાજમાન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવકકલ્યાણ વિભાગના વડાશ્રી તેમજ અન્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ યુવકકલ્યાણ વિભાગના વડા અને યુવક મહોત્સવના સંયોજક શ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા મંચપર બિરાજમાન મહેમાનો, વિશ્વવિદ્યાલય વિભાગોના વડાઓ, જુદી જુદી કૉલેજોના આચાર્યશ્રીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ વગેરે શાબ્દિક આવકાર અને સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગતબાદ મંચપર બિરાજમાન મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં કુલપતિશ્રી અને કુલસચિવશ્રીનું સ્વાગત ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા ખેસ અને પુસ્તક દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે ડૉ. પ્રકાશચંદ્ર પટેલનું સ્વાગત શ્રી ચિરાગ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. સ્વાગતવિધિ બાદ કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા પ્રસંગને અનુરૂપ સંક્ષિપ્ત આવકાર પ્રવચન આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે કળાયાત્રામાં ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેમણે લોકમાતા અહિલ્યાબાઈ હોલકરના જીવનની મહત્વપૂર્ણ બાબતો પર પ્રકાશ પાડયો હતો. તેમજ ABC IDમાં રાષ્ટ્રીય સ્તરે ટોપમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાવેશ વિશે વાત કરી પોતાનું પ્રવચન પૂર્ણ કર્યું હતું.

આ પ્રવચન બાદ સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝનો લોગો કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી તથા મંચસ્થ મહાનુભાવો દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. આ લોન્ચિંગ બાદ સનાતમ ધર્મ પુસ્તકનું વિમોચન કુલપતિશ્રી અને અન્ય મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. પુસ્તક વિમોચન પછી કુલપતિશ્રી અધ્યક્ષીય ઉદબોધન કર્યું હતું. જેમાં તેમણે કલાયાત્રામાં ઉપસ્થિત સૌને આવકાર અને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે પોતાના પ્રવચનમાં કલા યાત્રામાં ૧૧ થીમ તૈયાર કરનારા વિદ્યાર્થીઓ, યુવા મહોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા ૩૬૦૦ ઉપરાંત રજીસ્ટ્રેશન, ૩૦ જેટલી સ્પર્ધાઓ, રામોત્સવની બીજી શૃંખલા યોજવાનું આયોજન, વિદ્યાર્થીઓને યસ સરની જગ્યાએ 'જય ભારત' બોલવાનું, ગુજરાત ગ્લોબલ ઍક્સપો જેવી બાબતો વિશે વાત કરી, લોકમાતા અહીલ્યાબાઈ ૫૧મો યુવા મહોત્સવ ખુલ્લો મૂકયો હતો.

કાર્યક્રમના અંતે કલા યાત્રામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિશ્વવિદ્યાલયના વિભાગો અને કૉલેજોને સન્માનિત કરવામાં

આવી હતી. જેમાં પહેલું ઇનામ વિવેકાનંદ કૉલેજ ફોર બી.સી.એ, બી.બી.એ, બી.કોમ એન્ડ બી.એડ., દ્વિતીય ઇનામ સી.કે.પીઠાવાલા કૉલેજ ઓફ કોમર્સ અને સાસમાં ઇંગ્લિશ મીડિયમ કૉલેજ તથા તૃતીય ઇનામ એમ.ટી.બી. આર્ટસ કૉલેજ, ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ, ડીપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી અને અખંડ આનંદ આર્ટસ કૉલેજ, વેડ રોડને ફાળે ગયું હતું. પ્રોત્સાહક ઇનામો ગ્રામ અધ્યયન વિભાગ, અંબાબા કોમર્સ કૉલેજ, ગણિત વિભાગ, અગ્રવાલ વિદ્યા વિહાર ઇંગ્લિશ મીડિયમ કૉલેજ અને આત્માનંદ સરસ્વતી સાયન્સ કૉલેજના ફાળે ગયું હતું.























## યુવક મહોત્સવના જુદી જુદી સ્પર્ધાઓના પહેલા દિવસના પરિણામ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતમાં ચાલુ વર્ષે ૫૧મો લોકમાતા અહિલ્યાબાઈ હોલકર યુવક મહોત્સવનું તા. ૧૮/૧૨/૨૦૨૪ થી તા. ૨૩/૧૨/૨૦૨૪ એમ કુલ ૬ દિવસ યોજાનાર છે. જેમાં સવારે ૮:૦૦ કલાકે કળાયાત્રાના પ્રસ્થાન થકી યુવા મહોત્સવનો આરંભ થયો હતો. આ કળાયાત્રા રંગમંચ–૧ કન્વેન્શન હોલથી પ્રસ્થાન કરીને રંગમંચ–૨ પર્વમંચ પહોંચી પૂર્ણ થઈ હતી. યુવા મહોત્સવમાં આજે પહેલા દિવસે કળાયાત્રાની સાથે સાથે જુદી જુદી સ્પર્ધાઓનો પણ આરંભ થયો હતો.

આમાં રંગમંચ–૧ કન્વેન્શન હોલ ખાતે બપોરે ૧:૦૦ કલાકે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં કુલ સ્પર્ધકો પૈકી પ્રથમ ક્રમે અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, સુરત, બીજા ક્રમે ડિપાર્ટમેન્ટ ઓફ આર્કિટેકચર, વી.એન.એસ.જી.યુ, સુરત, ત્રીજા ક્રમે નારણલાલા કૉલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સ, નવસારી, ચોથા ક્રમે ગદમ અક્ષિતા કિશન, પાંચમા ક્રમે એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કૉલેજ, વેસુ, અને પ્રોત્સાહક ઇનામો વિકેશભાઈ અને પટેલ ફેનિલને આપવામાં આવ્યા હતા.



ત્યારબાદ આ રંગમંચ–૧ કન્વેન્શન હોલ ખાતે બપોરે ૨:૦૦ કલાકે ફોક ઓર્કેસ્ટ્રા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ ક્રમે પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી. આર. કોમર્સ કૉલેજ, બારડોલી. બીજા ક્રમે એસ.ડી.જૈન કૉલેજ, પલસાણા, ત્રીજા ક્રમે એસ.પી.બી.ઈંગ્લિશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત રહી હતી.




રંગમંચ–૩ અંગ્રેજી વિભાગ પર બપોરે એક કલાકે ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૪ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી, બીજા ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી, ત્રીજા ક્રમે ઉધના સિટઝન કૉલેજ, સુરત, ચોથા ક્રમે શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ કૉલેજ, પાંડેસરા અને પાંચમા ક્રમે ડીપાર્ટમેન્ટ ઓફ ફિઝીક્સ, વી.એન.એસ.જી.યુ, સુરત રહ્યો હતો.



રંગમંચ–૭ શ્રીમદ રાજચંદ્ર હૉલ ખાતે બપોરે ૨:૦૦ કલાકે ક્લે મોડલીગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૧ કૉલેજોના ૩૨ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ તમામ વિદ્યાર્થીઓને ૨૧ ટીમમાં વહેંચી નાખવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે શ્રી એસ.જી.પટેલ આર્ટસ એન્ડ શ્રી પી.કે.દેસાઈ કોમર્સ કૉલેજ, નિઝર, બીજા ક્રમે ડીપાર્ટમેન્ટ ઓફ ફાઈન આર્ટસ, વી.એન. એસ.જી.યુ. સુરત, ત્રીજા ક્રમે સાસમા ઈંગ્લિશ મીડિયમ કોમર્સ કૉલેજ, સુરત, ચોથા ક્રમે ડીપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન, વી.એન.એસ.જી.યુ.,સુરત, અને પાંચમા ક્રમે શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ અંકલેશ્વર રહી હતી.



રંગમંચ–૬ ઇન્ડોર સ્વિમિંગ વિભાગ ખાતે બપોરે ૧:૦૦ કલાકે હસ્તકળા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ સ્પર્ધકો પૈકી પ્રથમ ક્રમે આંકડાશાસ્ત્ર વિભાગ, વી.એન.એસ.જી.યુ.,સુરત, બીજા ક્રમે વિવેકાનંદ કૉલેજ ઓફ કોમર્સ, સુરત, ત્રીજા ક્રમે સર. કે.પી.કોમર્સ કૉલેજ, સુરત, ચોથા ક્રમે વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, ધરમપુર અને પાંચમા ક્રમે એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કૉલેજ, વેસુ રહી હતી.



## યુવક મહોત્સવના જુદી જુદી સ્પર્ધાઓના બીજા દિવસના મોડી સાંજ સુધીનાં પરિણામો

### ઇન્સ્ટોલેશન સ્પર્ધા

યુવા મહોત્સવમાં બીજા દિવસે તા. ૧૯/૧૨/૨૦૨૪ના રોજ ઇન્સ્ટોલેશન સ્પર્ધાઓનો બપોરે ૨:૦૦ કલાકે રંગમંચ–૭ શ્રીમદ રાજચંદ્ર હોલમાં ઇન્સ્ટોલેશન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ ૦૬ કૉલેજના કુલ ૨૩ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Chaudhari Yukta Lallubhai | Shri Mahavir Vidhya mandir Trust B.Ed. College, Pramukh Park, Opp.: BRC Colony, P.O. Fatehnagar, Surat- Navsari Road, Bhedwad , Udhna, Surat. | Rank 1 |
| 2 | Bhalara Sonali Ashokbhai, Malani Darshil Arvindbhai, Pote Darshna Ashokbhai,Vaghela Vivekkumar Hareshbhai | Department Of Commerce, VNSGU, Surat | Rank 2 |
| 3 | Der Chaya Rajubhai, Parmar Kirtiben Chandubhai,Rathod Viralben Jayeshbhai | J.Z. Shah Arts & H.P. Desai Commerce College, Amroli –Surat | Rank 3 |
| 4 | Chauhan Khushi Piyushkumar, Kacha Krunal Dineshbhai, Nayi Mukeshbhai Rameshbhai,Patel Drashtikumari Amitbhai | Department of Commerce, VNSGU,Surat | Rank 4 |
| 5 | Patel Krunalbhai Rajeshbhai, Patel NeelKumar Jayantibhai, Patel Prince Jayeshbhai, Sambar Rahulbhai Bapubhai | Shrimad Rajchandra Vidyapeeth, Karanjveri, Kangvi Road, Dharampur, Dist : Valsad- 396051 | Rank 5 |



### મીમીક્રી સ્પર્ધા

યુવા મહોત્સવમાં બીજા દિવસે સવારે ૧૦ કલાકે રંગમંચ–૩ અંગ્રેજી વિભાગમાં મીમીક્રી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ ૧૩ કૉલેજોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને ફાઈનલમાં ૧૦ કૉલેજોએ ભાગ લીધો હતો. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Kava Divyata | S.D.Jain International College,Vesu | Rank 1 |
| 2 | Tiwari Brijesh | Deepjyoti College of Commerce, Jhadeshwar | Rank 2 |
| 3 | Chauhan Vaibhav | Narmada Science and Commerce College of Science and Commerce, Zadeshwar | Rank 3 |
| 4 | Baldaniya Bhargav bhai | Kholvad College of Commerce | Rank 4 |
| 5 | Patel Arpit | DIET Bharuch | Rank 5 |



### લોકગીત

યુવા મહોત્સવમાં સવારે ૧૦ કલાકે રંગમંચ–૨ પર્વ મંચમાં લોકગીત સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ ૪૦ કૉલેજના કુલ ૩૬ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને તે તમામે સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Aarohi Vyas | Department of Journalism & Mass Communication, VNSGU. | 1 |
| 2 | Gohil Ravinaben Ashokbhai | Shri J.B.Dharukawala Mahila Arts College, Surat. | 2 |
| 3 | Nandaniya Om Kanabhai | Arts Science and Commers College, Kholvad. | 3 |
| 4 | Kavad Vaishali Keshubhai | Ambaba Commers College, Sabargam. | 4 |
| 5 | Patel Shivani Kamleshbhai | V.S.Patel Arts and Science, Billimora. | 5 |




## શાસ્ત્રીય કંઠય સંગીત સ્પર્ધા

યુવા મહોત્સવમાં બીજા દિવસે બપોરે ૨:૦૦ કલાકે રંગમંચ–૪ માનવ સંશાધન વિભાગમાં શાસ્ત્રીય કંઠય સંગીત સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૧૬ કૉલેજોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૧૪ કૉલેજ ઉપસ્થિત રહી હતી. આ તમામ કૉલેજોના બધા મળીને ૧૬ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને તેમાંથી ૧૪ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ઉપસ્થિત રહ્યા હતા. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Happy Prajapati | J. Z. Shah Arts & H.P. Desai Commerce College, At & Post.: Amroli, Surat-394107, ST.:Utran (Dist.: Surat). | Rank 1 |
| 2 | Desai Pashmi | R.K.Desai College of Education, College Campus, Near Old 'C' Type, Koparali Road, G.I.D.C., Vapi - 396195 | Rank 2 |
| 3 | Patel Maitri | Department of Bio-Science, VNSGU. | Rank 3 |
| 4 | Patel Priya Mukeshbahi | V.S.Patel College of Arts and Science, College Campus, Morarji Desai Marg, Bilimora- 396 321 Dist.: Navsari. | Rank 4 |
| 5 | Shah Bhavya | District Institute of Education & Training, Vishal Nagar, Italva, Gandevi Road, Navsari. | Rank 5 |



## સ્કીટ સ્પર્ધા

યુવા મહોત્સવમાં બીજા દિવસે બપોરે ૨:૦૦ કલાકે રંગમંચ–૧ કન્વેન્શન હોલમાં સ્કીટ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૧૦ કૉલેજના ૧૦ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને તમામે સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | College Name | Rank |
|---|---|---|
| 1 | J. Z. Shah Arts & H.P. Desai, Commerce College, At & Post.: Amroli –Surat- 394107, ST.: Utran (Dist.: Surat). | Rank 1 |
| 2 | Department of Statistics,VNSGU | Rank 2 |
| 3 | Prof. V. B. Shah Institute of Management, R. V. Patel College of Comm. (Eng. Med.), V.L. Shah College of Comm. (Guj. Med.), Sutex Bank College of Computer Application and Science | Rank 3 |
| 4 | S.P.B. English Medium College of Commerce, Near Lal Bungalow, Athwalines, Surat 395 007 | Rank 4 |
| 5 | Ambaba Commerce College, Maniba Institute of Business Management and Deviba Institute of Computer Application | Rank 5 |




## નવલિકા લેખન

યુવા મહોત્સવમાં બીજા દિવસે સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ–૫ ગુજરાતી વિભાગમાં નવલિકા લેખન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને તેમાંથી ૯૭ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Baraiya Avinash Naranbhai | Patel Raman Brothers Arts & Patel Gopalbhai Ranchhodji Commerce College, Opp: Sardar Baug, Bardoli- 394601.Dist. Surat. | Rank 1 |
| 2 | Goswami Priyanshi Dharmeshgiri | Department of English, VNSU, Surat. | Rank 2 |
| 3 | Amin Ayushi Neeraj | Department of Bio-Science,VNSGU,Surat | Rank 3 |
| 4 | Savaliya Mahek Nareshbhai | M.T.B. Arts College, Jawaharlal Nehru Marg, Athwalines, Surat–395001. | Rank 3 |



## ચિત્રકલા સ્પર્ધા

યુવા મહોત્સવમાં બીજા દિવસે બપોરે ૨:૦૦ કલાકે રંગમંચ–૬ ઇન્ડોર સ્વિમિંગ વિભાગમાં ચિત્રકળા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ ૭૬ કૉલેજના કુલ ૧૭૫ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને તેમાંથી ૧૧૫ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Nilam R Chauhan | Department of Fine Arts, VNSGU. | Rank 1 |
| 2 | Monika Ankoliya | Department of Fine Arts, VNSGU. | Rank 2 |
| 3 | Riya Bhavsar Santoshbhai | Department of Fine Arts, VNSGU. | Rank 3 |
| 4 | Tisa Vala Rajeshbhai | S.D Jain | Rank 4 |
| 5 | Kartik S Adidrarida | Department of Fine Arts, VNSGU. | Rank 5 |



## યુવક મહોત્સવના જુદી જુદી સ્પર્ધાઓના ત્રીજા દિવસના બપોર સુધીનાં પરિણામ

### માઈમ સ્પર્ધા

યુવા મહોત્સવમાં ત્રીજા દિવસે સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ–૧ કન્વેન્શન હોલમાં માઈમ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૧૩ કૉલેજોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તે પૈકી ૧૧ કૉલેજો આ સ્પર્ધામાં ઉપસ્થિત રહી હતી. આ તમામ કૉલેજોના બધા મળીને કુલ ૬૬ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ઉપસ્થિત રહ્યા હતા. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | College Name | Rank |
|---|---|---|
| 1 | Department Of Sociology,VNSGU,Surat | Rank 1 |
| 2 | Department Of Commerce,VNSGU,Surat | Rank 2 |
| 3 | M.T.B Arts College,Surat | Rank 3 |
| 4 | Ambaba College Of Commerce, Sabargam | Rank 4 |
| 5 | J. Z. Shah Arts & H.P. Desai Commerce College, Amroli, Surat | Rank 5 |






### કાર્ટૂન મેકિંગ ઓન કરંટ ઇસ્યુ

યુવા મહોત્સવમાં ત્રીજા દિવસે સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ–૬ ઇન્ડોર સ્વિમિંગ વિભાગમાં કાર્ટૂન મેકિંગ ઓન કરંટ ઇસ્યુ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૩૬ કૉલેજોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આ તમામ કૉલેજના બધા મળીને કુલ ૫૧ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કર્યુ હતું તે પૈકી ૪૪ સ્પર્ધામાં ઉપસ્થિત રહ્યા હતા. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Ankoliya Monika | Department of Fine Arts, VNSGU, Surat. | Rank 1 |
| 2 | Mohit Dhranagdhariya | S.D Jain College | Rank 2 |
| 3 | Bodhar Yash | Department of Fine Arts, VNSGU, Surat. | Rank 3 |
| 4 | Gohil Digwasha | J. Z. Shah Arts & H.P. Desai Commerce College, Amroli, | Rank 4 |
| 5 | Vasava Shitalben | Jilla Sikshan Talim Bhavan, Surat. | Rank 5 |



## કોલાજ સ્પર્ધા

યુવા મહોત્સવમાં બપોરે ૨:૦૦ કલાકે રંગમંચ–૭ શ્રીમદ રાજચંદ્ર હોલમાં કોલાર્જ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૧૨ કૉલેજોના બધા મળીને કુલ ૨૨ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કર્યુ હતું તે પૈકી ૧૮ સ્પર્ધામાં ઉપસ્થિત રહ્યા હતા. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Shaikh Naeem Fakira | Shri J. S. Bhakta and Shri K. M. Bhakta Arts, Shri A.N. Shah Science & Shri N.F. Shah Commerce College | Rank 1 |
| 2 | Patel Dhruvkumar Bharatkumar | B.P. Baria Science Institute, Sayaji Road, Near Fuwara, Navsari. | Rank 2 |
| 3 | Baraiya Mudra Dharmeshbhai | Government Science College, Varachha ,Surat. | Rank 3 |
| 4 | Rathod Viralben Jayeshbhai | J.Z.Shah Arts & H.P.Desai Commerce College, Surat. | Rank 4 |
| 5 | Patel Chaitali Devdasbhai | District Institute of Education & Training, Bhestan, Surat. | Rank 5 |



## પાદપૂર્તિ સ્પર્ધા

યુવા મહોત્સવમાં ત્રીજા દિવસે બપોરે ૦૨:૦૦ કલાકે રંગમંચ ૫ ગુજરાતી વિભાગમાં પાદપૂર્તિ સ્પર્ધા યોજાય હતી. આ સ્પર્ધામાં કુલ ૩૭ કૉલેજોએ ભાગ લીધો હતો. આ તમામ કૉલેજના બધા મળીને કુલ ૫૮ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કર્યું હતું. તે પૈકી ૪૬ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ઉપસ્થિત રહ્યા હતા. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Chauhan Zinal Ramniklal | Department of Gujarati, Veer Narmad, South Gujarat University, Surat. | Rank 1 |
| 2 | Shaikh Ummekulsum Abdulhafiz | College of Education At & Post : Kharod, Tal. Ankleshwar, Dist. Bharuch | Rank 2 |
| 3 | Mishra Sakshi Manojkumar | Shri Mahavir Vidhyamandir Trust B.Ed. College, Udhna , Surat. | Rank 3 |
| 4 | Ingle Vikas Gautam | Department of Gujarati, Veer Narmad South Gujarat University, Surat. | Rank 4 |
| 5 | Kapadiya Isha Saileshbhai | S.P.B. English Medium College of Commerce, Surat | Rank 5 |




## હળવું કંઠ્ય સંગીત

યુવા મહોત્સવમાં ત્રીજા દિવસે સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ ૨ પર્વ મંચ પર હળવું કંઠ્ય સંગીત સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૩૧ કૉલેજોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તે પૈકી ૨૭ કૉલેજો આ સ્પર્ધામાં ઉપસ્થિત રહી હતી. આ તમામ કૉલેજના બધા મળીને કુલ ૩૩ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ઉપસ્થિત રહ્યા હતા. જેનાં પરિણામ નીચે મુજબ હતાં.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Prajapti Happy | J.Z Shah Arts & H.P Desai Commerce College, Amroli. | Rank 1 |
| 2 | Bansal Chaaru | SDJ International College, Vesu. | Rank 2 |
| 3 | Prajapati Kirankumari Anilkumar | SDJ International College, Palsana. | Rank 3 |
| 4 | Vasava Hiralben | Department of Commerce, VNSGU, Surat. | Rank 4 |
| 5 | Prekshaben Patel | S.P.B. English Medium College of Commerce, Surat. | Rank 5 |




## યુવક મહોત્સવના જુદી જુદી સ્પર્ધાઓના ચોથા દિવસના બપોર સુધીનાં પરિણામ

### સમૂહગીત સંગીત

યુવા મહોત્સવમાં ચોથા સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ–૨ એમ્ફિથિયેટરમાં સમૂહગીત સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૧૮ કૉલેજોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તે પૈકી ૧૬ કૉલેજો આ સ્પર્ધામાં ઉપસ્થિત રહી હતી. જેનાં પરિણામ નીચે મુજબ હતા.

| Sr No | College Name | Rank |
|---|---|---|
| 1 | Department of Commerce, Veer Narmad South Gujarat University, Surat | Rank 1 |
| 2 | SDJ International College, Vesu, Surat | Rank 2 |
| 3 | J.Z Shah Arts & H.P Desai Commerce College, Amroli, Surat | Rank 3 |
| 4 | C.K.Pithawala College of Commerce-Management - Computer Application | Rank 4 |
| 5 | S.P.B. English Medium College of Commerce, Near Lal Bungalow, Athwalines, Surat. | Rank 5 |




### સ્પોટ ફોટોગ્રાફી

યુવા મહોત્સવમાં ચોથા દિવસે સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ–૫ ગુજરાતી વિભાગમાં સ્પોટ ફોટોગ્રાફી યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૪૪ કૉલેજોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તે પૈકી ૩૦ કૉલેજો આ સ્પર્ધામાં ઉપસ્થિત રહી હતી. જેનાં પરિણામ નીચે મુજબ હતા.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Singh Aman | Ambaba Commerce College, Maniba Institute of Business Management & Deviba Institute of Computer Application | Rank 1 |
| 2 | Prajapati Vraj | Department of Fine Arts, VNSGU, Surat | Rank 2 |
| 3 | Siddiqui Aliya F | SDJ International College, Diamond Institute, Vesu, Surat | Rank 3 |
| 4 | Jadav Ansh Rakeshkumar | SASCMA English Medium Commerce College, Surat | Rank 4 |
| 5 | Bhagwagar Jeraasp Hosang | C.B. Patel Computer College & Jamanaben Narrottambhai Motiram Patel Science College, Bharthana, Surat | Rank 5 |



### એકાંકી નાટક સ્પર્ધા

યુવા મહોત્સવમાં ચોથા દિવસે સવારે ૧૧:૦૦ કલાકે રંગમંચ–૧ કન્વેન્શન હોલમાં એકાંકી નાટક સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૧૧ કૉલેજો રજીસ્ટર થઈ હતી. તેમાંથી ૯ કૉલેજોએ ભાગ લીધો હતો. જેનાં પરિણામ નીચે મુજબ હતા.

| Sr No | College Name | Rank |
|---|---|---|
| 1 | Prof. V.B.Shah Institute of Management, R.V. Patel College of Commerce, V.L. Shah College of Commerce, Sutex Bank College of Computer Application & Science, At & Po.Amroli, Surat. | Rank 1 |
| 2 | J.Z. Shah Arts & H.P.Desai Commerce College | Rank 2 |
| 3 | SDJ International College, Vesu, Surat. | Rank 3 |
| 4 | B.P.Baria Science Institute, Sayaji Road, Near Fuwara, Navsari. | Rank 4 |
| 5 | C.K. Pithawala College of Commerce-Management - Computer Application | Rank 5 |



## શાસ્ત્રીય વાદ્ય સંગીત સ્પર્ધા

યુવા મહોત્સવમાં ચોથા દિવસે બપોરે ૦૨:૦૦ કલાકે રંગમંચ–૪ માનવ સંસાધન વિભાગમાં શાસ્ત્રીય વાદ્ય સંગીત સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૧૯ કૉલેજો રજીસ્ટર થઈ હતી. આ બધી કૉલેજોના મળીને કુલ રજીસ્ટર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩ હતી અને તેમાંથી ૧૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેનાં પરિણામ નીચે મુજબ હતા.

### સુરવદ્યી

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Yardi Aniket Sudhir | D.R.Patel & R.B.Patel Commerce College & Navnirman Institute of Management | Rank 1 |
| 2 | Vandita Ashishbhai S. | Department of Sociology, VNSGU, Surat. | Rank 2 |
| 3 | Patel Nishtha Jagdishbhai | Sir K.P.College of Commerce, Athwalines, Surat. | Rank 3 |
| 4 | Patel Tisha Rakeshbhai | S.P.B. Physiotherapy College, Surat. | Rank 4 |
| 5 | Heena Patel | Government Medical College, Surat. | Rank 5 |
| 6 | Priya Patel | V.S.Patel College of Arts and Science, Bilimora. | Rank 5 |
| 7 | Harshil Solanki | S.P.B. English Medium College of Commerce | Rank 5 |

### તાલવદ્યી

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Tribhuvan Kaushal Kailash | SASCMA English Medium Commerce College | Rank 1 |
| 2 | Pithadia Malhar N. | GMERS Medical College, Navsari Jalalpore, Dist. Navasari. | Rank 2 |
| 3 | Yash Solanki | V. S. Patel College of Arts and Science, Bilimora | Rank 3 |

## વક્તૃત્વ સ્પર્ધા

યુવા મહોત્સવમાં ચોથા દિવસે સવારે ૧૦:૦૦ કલાકે રંગમંચ–૩ અંગ્રેજી વિભાગમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૭૬ કૉલેજો રજીસ્ટર થઈ હતી. આ બધી કૉલેજોના મળીને કુલ રજીસ્ટર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩૧ હતી અને તેમાંથી ૯૩ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેનાં પરિણામ નીચે મુજબ હતા.

| Sr No | Student Name | College Name | Rank |
|---|---|---|---|
| 1 | Nensi Moradiya | J.B. Dharukawala Mahila Arts College, Opp. Spinning Mill, Varachha Road, Surat. | Rank 1 |
| 2 | Martin Joshua | M.T.B. Arts College, Jawaharlal Nehru Marg, Athwalines, Surat. | Rank 2 |
| 3 | Patel Dhruvi | S.P.B. English Medium College of Commerce,Surat. | Rank 3 |
| 4 | Pandey Sonal | J.Z.Shah Arts & H.P.Desai Commerce College, At & Post, Amroli, Surat. | Rank 4 |
| 5 | Rabari Shraddha | Government Science College, Varachha, Surat. | Rank 5 |




## સુશાશન દિવસની ઉજવણી

વિશ્વવિદ્યાલયના સમાજ વિજ્ઞાન ભવન ખાતે પબ્લિક ઍડ્મિનિસ્ટ્રેશન વિભાગમાં તા. ૨૬/૧૨/૨૦૨૪ના રોજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા બોર્ડ ઓફ મૅનેજમેન્ટ અને Executive Councilના નેતૃત્વ હેઠળ બાજપાઈ સાહેબના જન્મદિવસ નિમિત્તે સુશાશન દિવસની ઉજવણી માટે વિભાગના કૉ–ઓર્ડિનેટર Dr. Madhu M. Thawani દ્વારા 'Expert Talk on Ethics and good Governance'નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેનો મુખ્ય હેતુ આજની યુવા પેઢીમાં સુશાસન અને નૈતિકતાનો પાઠ સમજાવવાનો હતો. જે વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા નાની એવી કૃતિના માધ્યમથી સુશાસન વ્યવસ્થા સમજાવવામાં આવી હતી.

જેની સાથે વ્યકતા તરીકે બોલવામાં આવેલ Mr. Vinod Gajera દ્વારા કૌટીલ્ય અર્થશાસ્ત્રમાં કહ્યા મુજબ 'રાજાની ખુશી એજ પ્રજાની ખુશી' જેવા સુવચનો અને તેમાં દર્શાવેલ ભાગીદારી, કાનુનનું શાસન પારદર્શીકતા, પ્રતિક્રિયાશીલ, સર્વસંમતિ જેવાં વિષયો પર ભાર આપી વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યા હતા. બીજા વકતા તરીકે આવેલ Mr. Kinjal Pandya દ્વારા સરકારશ્રીના Disasterની કૃત્રિમ અને કુદરતી આપદા પર વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવેલ હતી, અને લોકોની જાગૃતિ બાબત ધ્યાન દોરવાનું આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ હતું. જેમાંથી આશરે ૭૫ થી ૮૦ જેટલા વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.



## ગુજરાત ગ્લોબલ ઍક્સપો–૨૦૨૪નું ભવ્ય પ્રદર્શન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ગુજરાત ગ્લોબલ ઍક્સ્પો ૨૦૨૪ પ્રદર્શન તારીખ ૧૯ થી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ એમ ત્રણ દિવસ સુધી વિશ્વવિદ્યાલયના પર્વ મંચ પર યોજાયું હતું.

આ પ્રદર્શનનુ ઉદ્‌ઘાટન તા. ૧૯/૧૨/૨૦૨૪ના રોજ ધારાસભ્ય શ્રી મનુભાઈ પટેલના હસ્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તેમજ અન્ય અધિકારીઓ અને પદાધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં થયું હતું. બીજા દિવસે પ્રદર્શનમાં સાંસદ શ્રી મુકેશ દલાલ અને સુરતના મેયર શ્રી દક્ષેશભાઈ મેવાણી ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શનમાં જુદી–જુદી શાળાઓના અને કૉલેજોના વિદ્યાર્થીઓ અને સુરત શહેરીજનોએ મોટી સંખ્યામાં મુલાકાત લીધી હતી.

આ પ્રદર્શન આત્મનિર્ભર ભારત અભિયાન અથવા આત્મનિર્ભર ભારત અભિયાનને પ્રદર્શિત કરાયું હતું. જે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પરિકલ્પિત નવા ભારતનું વિઝન છે. તારીખ ૧૨ મે, ૨૦૨૦ના રોજ, વડા પ્રધાને (આત્મનિર્ભર ભારત અભિયાન)ને એક કિક સ્ટાર્ટ આપતા રાષ્ટ્રને એક સ્પષ્ટ આહ્વાન કર્યું તેમજ રૂ. ૨૦ લાખ કરોડના વિશેષ આર્થિક અને વ્યાપક પેકેજની જાહેરાત કરી. જેનો હેતુ દેશ અને તેના નાગરિકોને આત્મનિર્ભર ભારતના પાંચ સ્તંભો – અર્થતંત્ર, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સિસ્ટમ, વાઇબ્રન્ટ ડેમોગ્રાફી અને માંગના સમર્થન સાથે તમામ અર્થમાં સ્વતંત્ર અને આત્મનિર્ભર બનાવવાનો છે. ઈવેન્ટનો ઉદ્દેશ વિજ્ઞાન અને ટૅકનોલોજી, કૃષિ, કૌશલ્ય વિકાસ, પ્રવાસન, સામાજિક ન્યાય, મહિલા સશક્તિકરણ, માહિતી ટૅકનોલોજી, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ જેવાં વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમો અને રોજગારની તકો વિશે લોકોને જ્ઞાન આપવાનો છે. આ સિવાય પણ ટુરિઝમ હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ, ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, સ્પેસ, પાવર અને બીજા ઘણાં બધાં ક્ષેત્રોનું ધ્યાન આપવાનો ઉદ્દેશ રખાયેલ છે. આ ઇવેન્ટની મુખ્ય થીમ 'આઝાદી કા અમૃત કાલ' છે. ‘અમૃત કાલ' શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૨૧માં ૭૫મા સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન કર્યો હતો, જ્યારે તેમણે આગામી ૨૫ વર્ષ માટે દેશ માટે નવો રોડમેપ જાહેર કર્યો હતો. અમૃત કાલનો ઉદ્દેશ્ય ભારતના નાગરિકોના જીવનમાં સુધારો લાવવા, ગામડાઓ અને શહેરો વચ્ચેના વિકાસમાં વિભાજન ઘટાડવા, લોકોના જીવનમાં સરકારી દખલગીરી ઘટાડવા અને નવીનતમ ટૅકનોલોજીને આવકારવાનો છે.

આ પ્રદર્શનમાં કેન્દ્ર અને રાજય સરકારના જુદા જુદા લગભગ ૫૦ જેટલા વિભાગો સામેલ થયા હતા. જેમાં ડીઆરડીઓ, જલ શક્તિ મંત્રાલય, એનસીઈઆરટી, રૂરલ ઇલેક્ટ્રીકેશન કોર્પોરેશન લિમિટેડ, નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન, સીએસઆઈઆર, કૃભકો, કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, આઈ.સી.એ.આર, આઈ.સી.એમ.આર., પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય, એપીડા, જીઓલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા, ઈસરો, બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડસ, નેશનલ શિડયુલડ ટ્રાઇબસ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગરવી ગુજરાત – ગુજરાત સ્ટેટ હેન્ડલુમ એન્ડ હેન્ડીક્રાફ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, ટેકસટાઇલ મંત્રાલય અને તેનો હેન્ડીક્રાફટ વિભાગ, યુઆઇડીએઆઇ વગેરે મહત્વપૂર્ણ વિભાગો સામેલ હતા.

આ તમામ વિભાગો દ્વારા પોત પોતાના ક્ષેત્રમાં લોક ઉપયોગી જે કોઈ કાર્યો પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી તેને લગતી મહત્વની બાબતો અને તેનું સાહિત્ય પ્રદર્શનમાં મુકવામાં આવ્યું હતું.

આ તમામ વિભાગોના પ્રદર્શનમાં ભારત સરકારના જળ શક્તિ મંત્રાલયનું પ્રદર્શન ખૂબ જ વિસ્તૃત, આકર્ષક, માહિતીસભર અને જ્ઞાનવર્ધક રહ્યું હતું.

પ્રદર્શનમાં જલ શક્તિ મંત્રાલયના ઉદ્દેશોને લેવામાં આવ્યા હતા. તેનાં મુજબ સંસાધન ક્ષેત્રે એકંદર આયોજન કરવું, નીતિ નિર્માણ, સંકલન અને માર્ગદર્શન પૂરું પાડવું; ખેતીવાડી માટે સિંચાઈ વ્યવસ્થાનું આયોજન કરવું; પૂર નિયંત્રણ અને બહુહેતુક પ્રોજેક્ટ્સ (મોટા/મધ્યમ) માટે ટૅકનિકલ માર્ગદર્શન, ચકાસણી, મંજૂરી અને દેખરેખ પૂરી પાડવી, વિકાસ માટે સામાન્ય માળખાકીય, તકનીકી અને સંશોધન સહાય પૂરી પાડવી જેવા હેતુઓને સમાવેશ થતો હતો.

ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય અંતર્ગત મહત્વપૂર્ણ વિભાગો અને યોજનાઓ ચલાવવામાં આવે છે. જેમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, જલ શક્તિ અભિયાન વિભાગ, જલજીવન મિશન વિભાગ, કેન્દ્ર જલ આયોગ, નમામિ ગંગે પ્રકલ્પ, પૂર અને ચેતવણી વ્યવસ્થા વિભાગ, હાઈડ્રો મટીરીયલિયોલોજીકલ ઓબ્ઝર્વેશન, સ્પેસ ટૅકનોલોજી ઈન વોટર રિસોર્સ મૅનેજમેન્ટ, ડેમ સેફટી એક ૨૦૨૧ અને તેનું અમલીકરણ, જળસ્ત્રોત પ્રોજેકટ અમલીકરણ અને દેખરેખ, કૃષિ સિંચાઈ પદ્ધતિઓની શોધ અને તેનું અમલીકરણ જેવા મહત્વપૂર્ણ વિભાગોનો સમાવેશ થાય છે. જલ શક્તિ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતા જલ શક્તિ અભિયાન હેઠળ જળ સંસાધનોના સંરક્ષણ, પુનઃસ્થાપન, રિચાર્જ અને પુનઃઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવે છે. જલ શક્તિ અભિયાન ૧ જુલાઈ, ૨૦૧૯ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો ઉદ્દેશ્ય જળ સંકટનો સામનો કરી રહેલા દેશના ૨૫૬ જિલ્લાઓને સામેલ કરવાનો હતો. જલ શક્તિ અભિયાન હેઠળ, જળ સંરક્ષણ સંબંધિત તકનીકો વિશે માહિતી પ્રદાન કરવા માટે દરેક જિલ્લા મુખ્યાલય પર જલ શક્તિ કેન્દ્રો (JSK) બનાવવામાં આવ્યાં હતાં. વર્ષ ૨૦૨૨માં, જલ શક્તિ અભિયાનઃ કેચ ધ રેઈન (JSA : CTR) નામનું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ દેશના તમામ જિલ્લાઓના શહેરી અને ગ્રામીણ વિસ્તારોને આવરી લેવાયા હતા. વર્ષ ૨૦૨૪માં, જલ શક્તિ અભિયાનઃ કેચ ધ રેઈન (JSA: CTR) અભિયાનની થીમ સ્ત્રી શક્તિમાંથી જલ શક્તિ હતી. આ અભિયાન અંતર્ગત જળ સંરક્ષણ ક્ષેત્રે મહિલાઓની મહત્વની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો. જલ શક્તિ અભિયાન હેઠળ, દરેક જિલ્લામાં જળ સંસ્થાઓનું જીઆઈએસ મેપિંગ અને વૈજ્ઞાનિક જળ સંરક્ષણ યોજનાઓ તૈયાર કરવામાં આવી રહી છે.

જલ શક્તિ મંત્રાલયની મહત્વપૂર્ણ યોજના પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત ઘણી બધી કામગીરી કરવામાં આવે છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ એક રાષ્ટ્રીય કાર્યક્રમ છે. જેનો ઉદ્દેશ્ય કૃષિ ઉત્પાદન અને પાણીના ઉપયોગની કાર્યક્ષમતામાં સુધારો કરવાનો છે. આ કાર્યક્રમ ૨૦૧૫–૧૬માં દેશના તમામ ખેતરો માટે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવાના ધ્યેય સાથે શરૂ કરવામાં આવ્યો હતો. આ યોજના અંતર્ગત કૃષિ સિંચાઈને લગતા મહત્વપૂર્ણ ઉપદેશો રાખવામાં આવેલા છે. જેમાં ખાતરીપૂર્વક સિંચાઈ સાથે ખેતી કરી શકાય તેવી જમીનનો વિસ્તાર વધારવો, ખેતરોમાં પાણીના ઉપયોગની કાર્યક્ષમતામાં સુધારો, સચોટ સિંચાઈ અને અન્ય પાણી–બચત તકનીકોના ઉપયોગને પ્રોત્સાહિત કરવી, સિંચાઈ માટે પાણીના સ્ત્રોત બનાવવા, રક્ષણાત્મક સિંચાઈ બનાવવા માટે વરસાદી પાણીનો ઉપયોગ કરવો અને વધારવો વગેરેનો સમાવેશ થાય છે.આ કાર્યક્રમમાં ઘણાબધા ઘટકો છે. જેમાં એક્સિલરેટેડ ઇરિગેશન બેનિફિટ પ્રોગ્રામ (AIBP) કે જેનો મુખ્ય હેતુ પ્રત્યેક ઘરને પાણી (HKKP) પહોંચાડવાનો છે. અન્ય ઘટકોમાં વોટરશેડ ડેવલપમેન્ટ કમ્પોનન્ટ (WDC), પ્રતિ ડ્રોપ મોર ક્રોપ (PDMC) કે જેમાં માઇક્રો–લેવલ સ્ટોરેજ સ્ટ્રક્ચર્સ, વોટર કન્વેયન્સ અને ચોકસાઇ સિંચાઇ પ્રણાલી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે તેનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય જલ જીવન કોશ (RJJK)ની ઉત્પત્તિ જલ જીવન મિશન (JJM) છે, જે ભારત સરકારનો મુખ્ય કાર્યક્રમ છે, જેને માનનીય વડાપ્રધાન દ્વારા તા. ૧૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ લોન્ચ કરવામાં આવ્યો હતો. તેનો ધ્યેય ૨૦૨૪ સુધીમાં દેશના દરેક ગ્રામીણ પરિવારને 'કાર્યકારી' ઘરગથ્થુ નળ કનેક્શન (FHTC) પ્રદાન કરવાનો છે.

સેન્ટ્રલ વોટર કમિશન (CWC) એ ભારતની અગ્રણી તકનીકી સંસ્થા છે, જે જળ સંસાધનોના ક્ષેત્રમાં કામ કરે છે. તે જળ સંસાધનોના નિયમન, ઉપયોગ અને સંરક્ષણ માટેની વ્યૂહરચનાઓ ઘડે છે અને સંકલન કરે છે. તે પૂર નિયંત્રણ, સિંચાઈ, નેવિગેશન, પીવાના પાણીની સપ્લાય અને પાવર ડેવલપમેન્ટ માટેની યોજનાઓ બનાવે છે. તે રાજ્ય સરકારોને પીવાના પાણીના પુરવઠાના આયોજન, નિયંત્રણ અને સંરક્ષણ અંગે સલાહ આપે છે. તે દેશમાં જળ સંસાધનોના યોગ્ય ઉપયોગ માટે માહિતી પ્રદાન કરે છે.

નમામિ ગંગે પ્રોજેક્ટ જલ શક્તિ મંત્રાલય દ્વારા ગંગા નદીની સફાઈ માટે ચલાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગંગા નદીની સફાઈ અને પુનરુત્થાન, ઔદ્યોગિક અને ઘરેલું ગંદા પાણીનું સંચાલન અને સારવાર, ગંગા અને તેના કિનારે રહેતા પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિનું સંરક્ષણ, પ્રોજેક્ટમાં સ્થાનિક સમુદાયો, ધાર્મિક સંસ્થાઓ અને સામાન્ય જનતાને સામેલ કરવી અને ગંગાના જળ સ્તરને જાળવી રાખવું અને તેના પ્રવાહને અવિરત બનાવવો જેમાં તેઓ રાખવામાં આવ્યા છે અને તેને પૂરા કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવેલ છે.

ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય હેઠળ પૂર વ્યવસ્થાપન અને ચેતવણી પ્રણાલી સંબંધિત ઘણી મોટી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. જેનો ઉદ્દેશ્ય પૂરની સમસ્યાનું નિરાકરણ અને અસરકારક રીતે સંચાલન કરવાનો છે. આમાં ગંગા પૂર નિયંત્રણ આયોગ (GFCC), નેશનલ હાઇડ્રોલોજી પ્રોજેક્ટ (NHP) પૂર વ્યવસ્થાપન કાર્યક્રમ (FMP), પૂરની આગાહી અને ચેતવણી સિસ્ટમ વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ અને કાર્યક્રમો દ્વારા, જલ શક્તિ મંત્રાલય પૂર વ્યવસ્થાપન અને ચેતવણી પ્રણાલીને મજબૂત કરવા માટે સતત પ્રયત્નશીલ છે, જેનાથી દેશમાં પૂરને કારણે થતા નુકસાનમાં ઘટાડો થાય છે અને જાહેર સુરક્ષા સુનિશ્ચિત થાય છે.

ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય હેઠળની જળ–હવામાન નિરીક્ષણ પ્રણાલી જળ સંસાધન વ્યવસ્થાપન, પૂરની આગાહી અને આબોહવા પરિવર્તનની અસરો પર દેખરેખ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ સિસ્ટમ દ્વારા, વરસાદ, નદીનો પ્રવાહ, પાણીનું સ્તર, ભૂગર્ભજળનું સ્તર, બાષ્પીભવન અને જમીનની ભેજ જેવા પરિમાણોનો ડેટા એકત્રિત અને વિશ્લેષણ કરવામાં આવે છે. આમાં જે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે તેમાં નેશનલ હાઇડ્રોલૉજી પ્રોજેક્ટ (NHP), વોટર ઇન્ફોર્મેશન મૅનેજમેન્ટ સિસ્ટમ (WIMS) અને ઇન્ડિયા વોટર રિસોર્સિસ ઇન્ફર્મેશન સિસ્ટમ (IWRIS) સમાવેશ થાય છે.

ભારત સરકારના જલ શક્તિ મંત્રાલયે જળ સંસાધન વ્યવસ્થાપનમાં અવકાશ પ્રૌદ્યોગિકીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ઘણી પહેલ શરૂ કરી છે. આ પહેલોનો હેતુ જળ સંસાધનોના નિરીક્ષણ, મૂલ્યાંકન અને સંચાલનમાં ચોકસાઈ અને કાર્યક્ષમતા વધારવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત નેશનલ હાઈડ્રોલોજી પ્રોજેક્ટ (NHP), નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ હાઇડ્રોલોજી (NHI), અટલ ભુજલ યોજના, રાષ્ટ્રીય જળ મિશન, સેન્ટ્રલ વોટર કમિશન (CWC) વગેરે પ્રોજેક્ટ કામ કરે છે.

ડેમ સેફ્ટી ઍક્ટ, ૨૦૨૧ એ ભારત સરકાર દ્વારા પસાર કરવામાં આવેલો એક મહત્વપૂર્ણ કાયદો છે, જેનો ઉદ્દેશ્ય દેશમાં બંધોની સલામતીને સુનિશ્ચિત કરવાનો અને તેમના સંચાલન માટે એક નિયમનકારી માળખું બનાવવાનો છે. આ કાયદો તા. ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો અને તા. ૧૪ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ પ્રાપ્ત થઈ હતી. આ કાયદાના મુખ્ય ઉદ્દેશોમાં ડેમની સુરક્ષા સુનિશ્ચિત કરવી, જીવન અને સંપત્તિની સલામતી, નિયમિત નિરીક્ષણ અને દેખરેખ, ડેમોની રક્ષા માટે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની સંસ્થાઓની રચનાનો સમાવેશ થતો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત ગોવિંદ સાગર, તેહરી, ઇડુકી, નાથપા જાકરી, શ્રી શૈલમ, હીરાકુંડ, નાગાર્જુન સાગર અને સરદાર સરોવરનો સમાવેશ થાય છે. આ તમામ મહત્વપૂર્ણ બંધો વિશેની કામગીરી ઉપરોક્ત પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવે છે.

ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય હેઠળ કૃષિ સિંચાઈની વિવિધ પદ્ધતિઓનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે, જેથી પાણીના ઉપયોગની કાર્યક્ષમતામાં સુધારો થાય અને ખેડૂતોને તેમની જરૂરિયાત મુજબ પાણી મળી રહે. આ પદ્ધતિઓનો હેતુ જળ સંરક્ષણ, પાકના ઉત્પાદનમાં વધારો અને જળ સંસાધનોના ટકાઉ ઉપયોગની ખાતરી કરવાનો છે.

જલ શક્તિ મંત્રાલય અંતર્ગત ટપક સિંચાઈઃ ફુવારા સિંચાઈ, ફયુરો સિંચાઈ, ફલડ સિંચાઈ અને સબસરફેસ સિંચાઈ જેવી પરંપરાગત અને આધુનિક કૃષિ સિંચાઈ યોજનાઓ ચલાવવામાં આવે છે. આ સિંચાઈ યોજના અમલીકરણ થઈ શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ, પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY), સૂક્ષ્મ સિંચાઈ ભંડોળ, જલ શક્તિ અભિયાન, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (RKVY) વગેરે યોજનાઓ ચલાવવામાં આવે છે.

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ ભારત સરકારની અગ્રણી સંસ્થા છે, જે દેશની સંરક્ષણ જરૂરિયાતો માટે અદ્યતન તકનીકનું સંશોધન, વિકાસ અને ઉત્પાદન કરે છે. તેનું મુખ્યાલય નવી દિલ્હીમાં આવેલુ છે. ડીઆરડીઓ એરોનોટિક્સ, મિસાઈલ સિસ્ટમ, રડાર અને સેન્સર્સઃ અદ્યતન રડાર અને ઇલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલીનો વિકાસ, નેવલ સિસ્ટમ્સઃ યુદ્ધ જહાજો અને સબમરીન માટે આધુનિક સાધનો, અને સાયબર સુરક્ષાઃ ડિજિટલ સંરક્ષણ અને સાયબર સુરક્ષા તકનીક જેવી મહત્વપૂર્ણ સંરક્ષણ બાબતો પર કામ કરે છે. ડીઆરડીઓની મુખ્ય સિદ્ધિઓમાં અગ્નિ અને પૃથ્વી મિસાઈલ જેવી લાંબા અંતરની પરમાણુ સક્ષમ મિસાઈલોનું નિર્માણ, તેજસ લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટનો વિકાસ, અરિહંત પરમાણુ સંચાલિત પ્રથમ સબમરીનનો વિકાસ, સ્વાતિ રડાર સિસ્ટમ વગેરેનો સમાવેશ થાય છે.

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ એ શિક્ષણ ક્ષેત્રે કામ કરતી ભારત સરકારની મહત્વની સંસ્થા છે. તેના પણ પ્રદર્શનની માહિતી લીધી હતી. NCERT એ ભારત સરકાર હેઠળની એક સ્વાયત્ત સંસ્થા છે, જેની સ્થાપના ૧૯૬૧માં થઈ હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય શાળા શિક્ષણ સંબંધિત વિવિધ પાસાઓમાં સુધારો અને વિકાસ કરવાનો છે. એનસીઈઆરટી એ આ પ્રદર્શનમાં રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક, પુસ્તક પ્રકાશન કરવું શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે સંસાધન સામગ્રી તૈયાર કરવી, રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાઓ યોજવી વગેરે પ્રદર્શિત કર્યા હતા.

રૂરલ ઇલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન લિમિટેડ (REC), જે હવે REC લિમિટેડ તરીકે ઓળખાય છે. તે ભારત સરકારના પાવર મંત્રાલય હેઠળનું નવરત્ન જાહેર ક્ષેત્રનું ઉપક્રમ છે. આ સંસ્થા પ્રદર્શનનીમાં તેનાં મહત્વનાં કાર્યો મુખ્ય હતા. તેની સ્થાપના ૧૯૬૯માં થઈ હતી. તેનો ઉદ્દેશ્ય ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વીજળીના માળખાને વિકસાવવાનો અને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે. આ નિગમ દ્વારા પ્રદર્શનમાં રાજ્ય વીજળી બોર્ડ, જાહેર અને ખાનગી ક્ષેત્રના પાવર પ્રોજેક્ટ્સને લોન આપવી; વીજ ઉત્પાદન, ટ્રાન્સમિશન અને વિતરણ પ્રોજેક્ટ માટે નાણાકીય મદદ, ગામડાઓ અને અંતરિયાળ વિસ્તારોમાં વીજળી જોડાણ વધારવા માટે કામ કરો, સરકારની મુખ્ય યોજના, પ્રધાનમંત્રી સહજ બિજલી હર ઘર યોજના (સૌભાગ્ય) હેઠળ વીજળી પૂરી પાડવી, પાવર ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કનું આધુનિકીકરણ અને સુધારણા અને સ્માર્ટ ગ્રીડ અને અન્ય તકનીકી નવીનતાઓમાં રોકાણ; સૌર, પવન અને અન્ય નવીનીકરણીય ઉર્જા પ્રોજેક્ટ માટે નાણાકીય સહાય જેવી મહત્વપૂર્ણ બાબતોનું પ્રદર્શન અને માહિતી વિદ્યાર્થીઓને આપી હતી.

નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન (NIF) એ ભારત સરકારની એક સ્વાયત્ત સંસ્થા છે. તેણે પ્રદર્શનમાં મહત્વની બાબતો કે જે વિદ્યાર્થીઓ બની રહે તે વિશે પ્રદર્શનમાં જાણકારી મૂકી હતી. જેની સ્થાપના ૧૯૯૭માં વિજ્ઞાન અને ટૅકનોલોજી મંત્રાલય હેઠળ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય ભારતીય નવીનતાઓને પ્રોત્સાહન આપવાનો છે, ખાસ કરીને ગ્રામીણ અને સ્થાનિક સ્તરે, અને તે નવીનતાઓને વ્યાવસાયિક રીતે સશક્ત બનાવવાનો. આ સંસ્થાએ તેની પ્રદર્શનમાં ગ્રામીણ વિસ્તારોમાં લોકો દ્વારા વિકસાવવામાં આવેલી નવીનતાઓને ઓળખવી, એકત્રિત કરવી અને દસ્તાવેજીકરણ કરવું; પસંદગીની નવીનતાઓને બજારમાં લાવવા માટે નાણાકીય અને વ્યાપારી સહાય પૂરી પાડવી; સ્થાનિક ઉદ્યોગસાહસિકો અને શોધકર્તાઓને તેમની નવીનતાઓને વ્યાપારી સ્વરૂપમાં લાવવા માટે માર્ગદર્શન અને સંસાધનો પૂરા પાડવા; ભારતીય પરંપરાગત જ્ઞાન અને નવીનતાઓને સાચવવા અને તેનો યોગ્ય ઉપયોગ કરવો વગેરે મહત્વપૂર્ણ બાબતોનું પ્રદર્શન અને જાણકારી આપી હતી.

સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ CSIR એ ભારત સરકારની એક અગ્રણી વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન સંસ્થા છે, જેની સ્થાપના ૧૯૪૨માં થઈ હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય વિજ્ઞાન, ટૅકનોલોજી અને ઔદ્યોગિકીકરણના ક્ષેત્રમાં સંશોધન અને વિકાસ કરવાનો છે, જેથી ભારતના ઔદ્યોગિક વિકાસમાં યોગદાન આપી શકાય. આ પ્રદર્શનમાં CSIR હેઠળ ૩૮ પ્રયોગશાળાઓ અને સંસ્થાઓ કાર્યરત છે, જે વિવિધ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં સંશોધન કરે છે તે વિશે; સંશોધન અને વિકાસના ક્ષેત્રમાં ઉદ્યોગોને સહાય અને કન્સલ્ટન્સી પ્રદાન કરવી, ઔદ્યોગિક અને સ્થાનિક ઉપયોગ માટે વૈજ્ઞાનિક ઉત્પાદનોનું ઉત્પાદન, CSIR તેના સંશોધન કાર્ય માટે પેટન્ટ અને બૌદ્ધિક સંપદા અધિકારો મેળવે વગેરે કાર્યો વિશે માહિતી અને સાહિત્ય પ્રદર્શિત કરાવ્યું હતું.

ક્રિભકો – કૃષક ભારતી કોઓપરેટિવ લિમિટેડ એ ભારતની એક મોટી સહકારી સંસ્થા છે. જેનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોની સામાજિક અને આર્થિક સ્થિતિમાં સુધારો કરવાનો છે. આ સંસ્થા ખાસ કરીને ખેડૂતોને કૃષિ ઉત્પાદકતા વધારવા, ખાતરો અને અન્ય કૃષિ સંબંધિત ઉત્પાદનોનો પુરવઠો આપવાનું કામ કરે છે. તેણે ખેતીવાડી માટે કરાતા જુદા જુદા ખાતરો વગેરેના ઉત્પાદનનું અને તેને લગતા સાહિત્યનું પ્રદર્શન ગોઠવ્યું હતું.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) એ ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા છે, જેની સ્થાપના ૧૯૭૪માં કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં પ્રદૂષણ પર નિયંત્રણ અને પર્યાવરણનું રક્ષણ કરવાનો છે. આ પ્રદર્શનમાં સીપીસીબી દ્વારા હવા, પાણી અને જમીનના પ્રદૂષણનું નિરીક્ષણ અને નિયંત્રણ કરવું; પ્રદૂષણની વિવિધ શ્રેણીઓ (હવા, પાણી, અવાજ, માટી)ના ધોરણો નક્કી કરવા અને તેમના પાલનની ખાતરી કરવા; વિવિધ પ્રદૂષિત પદાર્થો માટે ધોરણો નક્કી કરવા અને તેમના પાલનની ખાતરી કરવા; પ્રદૂષણની સ્થિતિ પર જાહેર અહેવાલો તૈયાર

કરવા; રાજય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (SPCBs) અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ વચ્ચે સંકલન સ્થાપિત કરવા; પ્રદૂષણ નિયંત્રણ માટે યોજનાઓ અને નીતિઓ બનાવવી; ઉદ્યોગો અને અન્ય ક્ષેત્રોમાં પ્રદૂષણ નિયંત્રણ તકનીક અને સાધનોના ઉપયોગને પ્રોત્સાહન આપવું; પર્યાવરણ સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ વિશે લોકોને જાગૃત કરવા; શાળાઓ અને કૉલેજોમાં પર્યાવરણીય શિક્ષણના કાર્યક્રમોનું આયોજન કરવું; પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણ સંરક્ષણ સંબંધિત નવાં સંશોધન અને વિકાસ કાર્યને પ્રોત્સાહન આપવું. જેવાં મહત્વપૂર્ણ કાર્યોને લગતી બાબતોને પ્રદર્શિત કરી હતી.

ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)એ ભારત સરકારના કૃષિ મંત્રાલય હેઠળની એક મુખ્ય સંસ્થા છે, જેની સ્થાપના ૧૯૨૯માં કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને સંબંધિત ક્ષેત્રોમાં સંશોધન, વિકાસ અને શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. આ સંસ્થાએ કૃષિ સંશોધન, પશુપાલન અને મત્સ્ય સંશોધન, કૃષિ શિક્ષણ અને તાલીમ, કૃષિ નીતિઓ પર સલાહકારની ભૂમિકા, નવી ટૅકનોલોજીનો પ્રસાર, સંરક્ષણ અને સંરક્ષણ જેવા મહત્વપૂર્ણ કાર્યોની માહિતી પ્રદર્શન અર્થે મૂકી હતી.

ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળની એક અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થા છે, જેની સ્થાપના વર્ષ ૧૯૧૧માં કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય તબીબી અને આરોગ્ય સંશોધનના ક્ષેત્રમાં કામ કરવાનો છે, જેથી કરીને ભારતમાં જાહેર આરોગ્યની સ્થિતિ સુધારી શકાય. આ સંસ્થાએ તેના પ્રદર્શનમાં આરોગ્ય સંશોધન, રોગ નિયંત્રણ અને નિવારણ, રસી વિકાસ, જાહેર આરોગ્ય નીતિ, વૈશ્વિક સહકાર અને ભાગીદારી જેવાં કાર્યો અને મહત્વપૂર્ણ ઉપલબ્ધીઓ મૂકી હતી.

પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES) એ ભારત સરકારનું એક મુખ્ય મંત્રાલય છે, જેની સ્થાપના ૨૦૦૬માં કરવામાં આવી હતી. તેનો હેતુ પૃથ્વી, વાતાવરણ, મહાસાગર અને આબોહવા વિજ્ઞાનના ક્ષેત્રોમાં સંશોધન, દેખરેખ અને સંકલન કરવાનો છે. આ મંત્રાલય કુદરતી આફતો સંબંધિત સંશોધન અને પગલાંને પ્રોત્સાહન આપવા માટે પણ જવાબદાર છે. આ તમામ બાબતોની જાણકારી તેણે તેના પ્રદર્શનમાં લોકજાગૃતિ અર્થે મૂકી હતી.

APEDA, એટલે કે ભારત સરકારની કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી, ભારત સરકારના વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા છે. તેનો ઉદ્દેશ્ય ભારતમાંથી કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય ઉત્પાદનોની નિકાસ વધારવા અને તેને વૈશ્વિક બજારોમાં સ્પર્ધાત્મક બનાવવાનો છે. APEDAની સ્થાપના ૧૯૮૬માં કરવામાં આવી હતી. આ સંસ્થાએ તેની ઉપરોક્ત મહત્વપૂર્ણ ગતિવિધિઓ વિશેની જાણકારી લોકો માટે પ્રદર્શનમાં મૂકી હતી.

જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GIS) એ ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય હેઠળની એક અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થા છે. તેની સ્થાપના વર્ષ ૧૮૫૧માં થઈ હતી. જીએસઆઈનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના ભૂસ્તરશાસ્ત્રીય સંસાધનોનું સર્વેક્ષણ, અભ્યાસ અને અન્વેષણ કરવાનો છે, જેથી કુદરતી સંસાધનોના ઉપયોગ અને સંરક્ષણ માટે વૈજ્ઞાનિક માહિતી મેળવી શકાય. તેણે આ અને આ પ્રકારની અન્ય માહિતી પ્રદર્શનમાં વિદ્યાર્થીઓની જાણકારી માટે મૂકી હતી.

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ ભારત સરકારના અવકાશ વિભાગ હેઠળની એક અગ્રણી સંસ્થા છે, જેની સ્થાપના ૧૯૬૯માં થઈ હતી. ISROનો ઉદ્દેશ્ય અવકાશ વિજ્ઞાન, ટૅકનોલોજી અને ઉપગ્રહોના ક્ષેત્રમાં સંશોધન અને વિકાસ કરવા અને ભારતીય સમાજ અને અર્થતંત્રના લાભ માટે તેનો ઉપયોગ કરવાનો છે. તેને લગતી મહત્વપૂર્ણ અને વિશિષ્ટ માહિતી પ્રદર્શનમાં વિદ્યાર્થીઓને આપી હતી.

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) એ ૧૯૪૭માં સ્થપાયેલી ભારત સરકારની રાષ્ટ્રીય ધોરણોની સંસ્થા છે. BISનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં વિવિધ ઉત્પાદનો અને સેવાઓ માટેનાં ધોરણો વિકસાવવા, પ્રમાણિત કરવા અને તેનું નિરીક્ષણ કરવાનો છે. તેનો હેતુ ગ્રાહકોને ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવાનો છે. આ બાબતો વિશે તેણે વિદ્યાર્થીઓને વિગતે માહિતી મળી રહે તેવી વ્યવસ્થા પ્રદર્શનનીમાં કરી હતી.

રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSTFDC) એ ૨૦૦૧માં સ્થપાયેલ ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય હેઠળનું જાહેર ક્ષેત્રનું ઉપક્રમ છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય અનુસૂચિત જનજાતિ (ST)ના આર્થિક વિકાસ માટે નાણાકીય સહાય અને અન્ય સહાય પૂરી પાડવાનો છે. ગુજરાતમાં આ શ્રેણીમાં આવતા વિદ્યાર્થીઓને તેણે મહત્વપૂર્ણ જાણકારી અને લાભ કઈ રીતે લઈ શકાય તે વિશે માહિતગાર સાહિત્યની પ્રદર્શનની યોજી હતી.

ગુજરાત સ્ટેટ હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (GSHHDC) એ ગુજરાત રાજય સરકારનું જાહેર ક્ષેત્રનું ઉપક્રમ છે, જેની સ્થાપના વર્ષ ૧૯૮૦માં થઈ હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ ઉદ્યોગોના વિકાસ અને પ્રોત્સાહન માટે વિવિધ યોજનાઓ અને સેવાઓનો અમલ કરવાનો છે. આ વિભાગે તેની સાથે સંકળાયેલ જુદા જુદા હેન્ડીક્રાફ્ટ અને હેન્ડલુમ જૂથો દ્વારા ઉત્પાદિત માનવ ઉપયોગી વસ્તુઓનું વિશાળ પ્રદર્શન યોજયું હતું અને તેમાંથી વિદ્યાર્થીઓ મોટાભાઈ ખરીદી પણ કરી હતી.

હસ્તકલા વિભાગ, કાપડ મંત્રાલય, ભારત સરકાર ભારતીય હસ્તકલા ઉદ્યોગના વિકાસ, પ્રોત્સાહન અને રક્ષણ માટે જવાબદાર છે. તેનો ઉદ્દેશ્ય પરંપરાગત હસ્તકલાને પ્રોત્સાહન આપવાનો, કારીગરોને ટેકો આપવાનો અને વૈશ્વિક બજારોમાં ભારતીય હસ્તકલા ઉત્પાદનોની ઓળખ સ્થાપિત કરવાનો છે. આ પ્રદર્શનમાં હેન્ડીક્રાફ્ટ વિભાગે તેની ભારતભરની મહત્વની માનવ ઉપયોગી વસ્તુઓને પ્રદર્શનમાં મૂકી હતી. જેને ખરીદવામાં અને તેના વિશે જાણવા વિદ્યાર્થીઓએ સારો એવો રસ દાખવ્યો હતો.

આ પ્રદર્શનમાં ભારત સરકારના ઈસરો, ડીઆરડીઓ, આરઈસી, સીએસઆઈઆર, ઓએનજીસી, બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ, વિજ્ઞાન મંત્રાલય, ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ, આઈ.સી.એમ.આર, ક્રિભકો, ગેલ ઇન્ડિયા, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટૅકનોલોજી, આઈસીએઆર, એપિડા, એનસીઆરટી, નેશનલ શિડયુલ ટ્રાઈબસ, એફડીસી, આયુષ મંત્રાલય, ભારતીય જળ પ્રાધિકરણ, ટીએચડીસી ઇન્ડિયા લિમિટેડ, ટેકસટાઇલ મંત્રાલય જેવા જુદા જુદા વિભાગોએ ભાગ લીધો છે. આ પ્રદર્શનમાં એવી બાબતોનું પ્રદર્શન કરવામાં આવ્યું છે કે જે માનવ જીવનને સુખ, શાંતિ અને તંદુરસ્તી જીવન અર્પે અને રાષ્ટ્રને આત્મનિર્ભર અને સમૃદ્ધ બનાવે.

આ પ્રદર્શનમાં સૌથી વિશેષ આકર્ષણ જળશક્તિ મંત્રાલયનો પ્રદર્શન સ્ટોલ રહ્યો છે. જેમાં સરદાર સરોવર પ્રોજેક્ટ, જલ શક્તિ અભિયાન, જળ જીવન મિશન, સરદાર સરોવર ડેમ, નમામી ગંગે પ્રોજેક્ટ, કેન્દ્રીય જળ કમિશન, ભારતમાં ઉપલબ્ધ પાણીના સ્ત્રોતો, પૂરની આગાહી અને પ્રારંભિક ચેતવણી સિસ્ટમ, હાઈડ્રો મટીરિયોલોજીકલ ઓબ્ઝર્વેશન, સ્પેસ ટૅકનોલોજી ઇન વોટર રિસોર્સ મૅનેજમેન્ટ, ડેમ સેફ્ટી એક્ટ ૨૦૨૧, ભારતના મહત્વપૂર્ણ જલ પ્રકલ્પ, સિંચાઈની પદ્ધતિઓ વગેરેની પ્રદર્શની વિદ્યાર્થીઓની શહેરીજનોને વિશેષ માર્ગદર્શન પૂરું પાડે છે.

UIDAI (યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા) ભારત સરકારની સૂચના ટૅકનોલોજી મંત્રાલય હેઠળ એક સંસ્થા છે, જેની સ્થાપના ૨૦૦૯માં થઈ હતી. UIDAIનો મુખ્ય ઉદ્દેશ્ય (આધાર) પ્રોજેક્ટને લાગુ કરવો, જે ભારત માટે દરેક નાગરિકને એક વિશિષ્ટ ઓળખ સંખ્યા પ્રદાન કરે છે. આ પ્રદર્શનમાં અધિકારીઓએ વિદ્યાર્થીઓને આધાર કાર્ડનું મહત્વ અને તેને કઢાવવાની પ્રક્રિયા વિશે માહિતી આપી હતી અને તેને લગતું સાહિત્ય પ્રદર્શનમાં મૂકયું હતું.

















CWC. MINISTRY OF JAL SHAKTI


ISRO-INDIAN SPACE RESEARCH ORGANISATION




ISRO-INDIAN SPACE RESEARCH ORGANISATION


KRIBHCO
WELCOME TO KRIBHCO
कृभको


garvi gurjari


BUREAU OF INDIA STANDARDS - BIS
Gujarat Global Expo


DRDO- DEFENCE RESEARCH AND DEVELOPMENT ORGANISATION


BUREAU OF INDIA STANDARDS - BIS
Gujarat Global Expo




















## સેન્ટ્રલ ફોર ટ્રાયબલ સ્ટડીઝના લોગોનું લોન્ચિંગ, રોકડ પુરષ્કાર તથા સર્ટિફિકેટ એનાયત કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત ‘લોકમાતા અહલ્યાબાઈ હોલકર’ ૫૧મો યુવા મહોત્સવના ઉદ્ઘાટન દરમિયાન સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝના લોગોનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ લોગો વિશ્વવિદ્યાલય દ્વારા યોજાયેલ 'લોગો સ્પર્ધા' અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈન આર્ટસના એપ્લાઈડઆર્ટ સ્પેશિયલાઈઝેશન પ્રથમ વર્ષના ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ દરેક લોગો, ટીચિંગ આસિસ્ટન્ટ પાયલ પાંડવના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યા હતા. આ લોગોના લોન્ચિંગ દરમિયાન વિજેતા વિદ્યાર્થીઓને રોકડ પુરષ્કાર અને સર્ટિફિકેટ સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રતિસ્પર્ધાના પરિણામો:

- પ્રથમ સ્થાને: સાગર કુમાર – રૂા. ૫૦૦૦ રોકડ ઇનામ અને પ્રમાણપત્ર.
- બીજા સ્થાને: અમિત સુથાર – રૂા. ૩૦૦૦ રોકડ ઇનામ અને પ્રમાણપત્ર.
- ત્રીજા સ્થાને: કાંક્ષા પાદરીયા – રૂા. ૨૦૦૦ રોકડ ઇનામ અને પ્રમાણપત્ર.
- તે ઉપરાંત, તમામ પ્રતિભાગીઓને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સેન્ટર ફોર ટ્રાઈબલ સ્ટડીઝના ચેરમેન ડૉ. દિપક ભોયે, નોડલ ઓફિસર મનીષ પટેલ, કૉ–ઓર્ડિનેટર ડૉ. ગૌતમ ગામીત તેમજ ડિપાર્ટમેન્ટ

ઓફ ફાઈનઆર્ટસના કૉ–ઓર્ડિનેટર આસિસ્ટન્ટ પ્રોફેસરશ્રી અંકિતકુમાર ચાંગાવાલા દ્વારા વિદ્યાર્થીઓ તેમજ પ્રાધ્યાપિકાને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તથા ભવિષ્યમાં વધુ ને વધુ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ જોડાઈ તે માટેની શુભેચ્છા પાઠવી હતી.








## Department of Bioscience

### 'પબ્લિક એવરનેસ એન્ડ ડિ–એડિકશન અભિયાન'








તારીખ ૫ મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ, સિવિલ ડિફેન્સ સુરત અઠવાલાઇન્સ ડિવિઝને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના સહયોગથી સિવિલ ડિફેન્સ એસ્ટાબ્લિશમેન્ટ ડે સેલિબ્રેશન વીક (૧ ડિસેમ્બર ૨૦૨૪ થી ૭ ડિસેમ્બર ૨૦૨૪ સુધી)ના ભાગરૂપે 'પબ્લિક એવરનેસ એન્ડ ડિ–એડિકશન અભિયાન'નું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોસાયન્સ વિભાગ ખાતે હાથ ધર્યું હતુ, જેમાં મુખ્ય વકતાઓ તરીકે શ્રી કાનજીભાઈ ભાલાળા (ચેઈફ વોર્ડન, સુરત સિટી સિવિલ ડિફેન્સ) અને શ્રી મોહમ્મદ નાવેદ શેખ (ડેપ્યુટી ચીફ વોર્ડન, સુરત સિટી સિવિલ ડિફેન્સ) હાજર રહ્યા હતા. બાયોસાયન્સ વિભાગના વડાશ્રી ડૉ. કૈલાશ પટેલે ઉપસ્થિત સૌનું પ્રવચન કર્યુ હતું.

શ્રી કાનજીભાઈ ભાલાળાએ જનજાગૃતિ અને વ્યસનમુકિત પર વકતવ્ય આપ્યું હતું. જેમાં તેઓએ સિવિલ ડિફેન્સ શું છે? તેની રચના કેવી રીતે થઈ? કેવી રીતે નાગરિક સંરક્ષણ કામગીરી? નાગરિક સંરક્ષણ શું કરે છે? વ્યસન શું છે? વ્યકિત કેવી રીતે અને શા માટે વ્યસની બને છે? વ્યસની કેવી રીતે પેડલર બને છે, વ્યસનથી છુટકારો મેળવવાના ઉપાયો શુ છે?

આભારમત આદેશ રશ્મિકાંત શાહે આપ્યા હતા અને ત્યારબાદ રાષ્ટ્રગીત રાખ્યું હતું. આ અભિયાનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોના કુલ ૬૬ વિદ્યાર્થીઓ, સંશોધન વિદ્વાનો અને ફેકલ્ટીઓએ ભાગ લીધો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, શ્રી મેહુલ સોરઠિયા (ડેપ્યુટી ચીફ વોર્ડન, સુરત સિટી સિવિલ ડિફેન્સ) શ્રી વિજય ચેરા (ડેપ્યુટી ચીફ વોર્ડન, સુરત સિટી સિવિલ ડિફેન્સ)નો વિશેષ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## Department of Central Library

### બુક રીવ્યુ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગ્રંથાલય વિભાગ દ્વારા તારીખ ૦૨/૧૨/૨૦૨૪,સોમવારના રોજ બપોરે ૪:૦૦ કલાકે વિશ્વવિદ્યાલયના મુખ્ય વહીવટી ભવનના સેનેટ હોલ ખાતે 'વાચક મંચ સહઅભ્યાસ' પ્રવૃત્તિ અંતર્ગત "બુક રીવ્યુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વિશ્વવિદ્યાલયના કુલગુરુશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, વકતા તરીકે ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઇન્ડસ્ટ્રિઅલ મેનેજમેન્ટના નિવૃત્ત અધ્યાપકશ્રી ડૉ. મનિષાબેન પાનવાલા, અધ્યાપકશ્રી ડૉ. જાનકીબેન મિસ્ત્રી તથા મધ્યસ્થ ગ્રંથાલયના ઇ.ચા.ગ્રંથપાલ ડૉ. પારુલ આર. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી. ત્યારબાદ ગ્રંથાલયના ઇ.ચા.ગ્રંથપાલશ્રી ડૉ. પારુલબેન આર. પટેલ દ્વારા મહેમાનોને પુસ્તક તથા શાલ આપી સન્માનિત કરવામાં આવ્યા. માન. કુલગુરુશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા વિષયને અનુરૂપ શાબ્દિક પ્રવચન આપવામાં આવ્યું અને પુસ્તકોનું શું મહત્વ છે? તે વિશે ઊડાણમાં જણાવી વિદ્યાર્થીઓને અવનવાં પુસ્તકો વાંચવા માટે સુચન કરવામાં આવ્યું. આ 'બુક રીવ્યુ' કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. મનિષાબેન પાનવાલા દ્વારા તેમના લખેલા પુસ્તક ‘સત્–અસત્’ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી. જેમાં એમને બુક લખવાનો વિચાર કયાંથી આવ્યો એના વિષે માહિતગાર કર્યા તથા આ પુસ્તક એક સત્ય ઘટના આધારિત છે તેની જાણકારી આપી. આ ‘સત્–અસત્’ પુસ્તકના અનુવાદક ડૉ. જાનકી મિસ્ત્રી દ્વારા પુસ્તક વિષે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. તેમજ તેમણે અંગ્રેજી ભાષામાં પુસ્તકનું અનુવાદન કરતી વખતે પડેલ મુશ્કેલીઓ તથા તેનું નામ Master Stock કયાં હેતુથી રાખ્યું તે અંગેની જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ઇ.ચા.ગ્રંથપાલ ડૉ. પારુલ આર. પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલયના ટેકનીકલ આસિસ્ટન્ટ ડૉ. જીતેશ ટોપીવાલા તથા જુ. લાઈબ્રેરી આસિસ્ટન્ટ શ્રી પિન્ટુ આઈ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે પારુલબેન પટેલે આભારવિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

















## Department of Biotechnology

### GSBTM પ્રાયોજિત ૧૫–દિવસીય ક્રેશ કોર્સનો અહેવાલ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટૅકનોલોજી વિભાગ દ્વારા તારીખ ૨૮ નવેમ્બર થી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી ગુજરાત રાજ્ય બાયોટૅકનોલોજી મિશન (GSBTM), ગાંધીનગરના પ્રાયોજકત્વ હેઠળ ૧૫ દિવસની ક્રેશ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલનું મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને IIT-JAM, GAT-B, અને CUET જેવા રાષ્ટ્રીય સ્તરના સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરવા માટે કેન્દ્રિત માર્ગદર્શન, સ્ત્રોતો અને માર્ગદર્શન પ્રદાન કરવાનું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ૨૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ થયું હતું. આ સમારંભમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, બાયોટૅકનોલોજી વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરવભાઈ શાહ, UG-CBCના કૉ–ઓર્ડિનેટર ડૉ. રેખા ગઢવી, અને UG-CBCના ડેપ્યુટી કૉ–ઓર્ડિનેટર ડૉ. માનસી મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગમાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને વહીવટી કર્મચારીઓનું ઉત્સાહભર્યું સહભાગિત જોવા મળી હતી, જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સમુદાયની સામૂહિક શૈક્ષણિક પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

૧૫ દિવસ દરમિયાન આ કાર્યક્રમમાં ૫૪ વિષય તજજ્ઞ દ્વારા ઉચ્ચ ગુણવત્તા સભર વ્યાખ્યાનો યોજાયા, જેમાંથી ૧૬ તજજ્ઞ બાયોટૅકનોલોજી વિભાગના અને ૩૮ વિષય નિષ્ણાંતો અન્ય વિભાગો અને પ્રખ્યાત કૉલેજોમાંથી આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેઓએ વિદ્યાર્થીઓમાં વિવિધ શૈક્ષણિક અને વ્યાવસાયિક અંર્તદ્રષ્ટિએ શીખવાની અનુભૂતિ સમૃદ્ધ બનાવી અને વિવિધ દ્રષ્ટિકોણો વિસ્તૃત કર્યા. આ કોર્સમાં બાયોટૅકનોલોજી, માઈક્રોબાયોલોજી, મોલેક્યુલર બાયોલોજી, બાયોકેમિસ્ટ્રી અને જિનેટિક્સ જેવા મહત્વપૂર્ણ વિષયો આવરી લેવામાં આવ્યા હતા. આ ૧૫ દિવસીય કોર્સમાં વ્યાખ્યાનો ઉપરાંત, વિવિધ પ્રશ્નોતરી, ચર્ચાઓ અને પાંચ મૂલ્યાંકન પરીક્ષાઓનો સમાવેશ કરાયો હતો. સમગ્ર કોર્સનું પ્રાથમિક ઉદ્દેશય સતત ૧૨૦ કલાકોમાં વિવિધ વિષયોને આવરી લઈ, વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંતર્ગત વ્યાપક, ઉદ્દત અને ઊંડી શૈક્ષણિક અનુભૂતિ કરાવે તથા સફળતા મેળવી રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવે એ હતો.

કાર્યક્રમમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ પૈકી વિભાગ ઉપરાંત અન્ય પાંચ જેટલી સંસ્થાના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો અને સત્રો દરમિયાન સક્રિય ભાગીદારી દર્શાવી હતી. આ ક્રેશ કોર્સનું સુસજ્જ આયોજન અને અમલ ડૉ. રેખા ગઢવી, કાર્યક્રમ સંયોજિકા અને ડૉ. માનસી મહેતા, ડેપ્યુટી સંયોજિકાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, બાયોટૅકનોલોજી વિભાગના વડા ડૉ. ગૌરવ શાહને તેમના અમૂલ્ય સમર્થન અને નેતૃત્વ બદલ વિભાગ આભાર વ્યક્ત કર્યો હતો.

ક્રેશ કોર્સના અંતિમ દિવસે યોજાયેલ સમારોહમાં વિદ્યાર્થીઓએ આ તક માટે આભાર તથા પ્રતિભાવો વ્યકત કરતા ઉલ્લેખ કર્યું હતું કે ઉત્તમ ગુણવત્તા, સુગઠિત અભ્યાસક્રમ, અને સ્ત્રોતસભર સામગ્રીના કારણે તેઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં મદદ મળી રહેશે. આ કાર્યક્રમને એક આધારભૂત માળખું પ્રદાન કરવાને કારણે તથા સ્પર્ધાત્મક પરીક્ષા માટે આવશ્યકતાઓ વચ્ચે અંતર ઘટાડવાનું માટે સકારાત્મક પ્રતિસાદ મળ્યો. બાયોટૅકનોલોજી વિભાગ GSBTM, ગાંધીનગરને તેમના પ્રાયોજકત્વ માટે તથા સહભાગી બનેલ તમામ વિષય તજજ્ઞોને તેઓના અમૂલ્ય યોગદાન માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.







## કામધેનુ ચેર વિષય અંતર્ગત એક ફાઉન્ડેશન મિટિંગ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટૅકનોલોજી દ્વારા કામધેનુ ચેર વિષય અંતર્ગત એક ફાઉન્ડેશન મીટીંગનું આયોજન તા. ૧૯/૧૨/૨૦૨૪ના રોજ ૩:૦૦ કલાકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા વિભાગીય વડા અને વિશ્વવિદ્યાલયના કામધેનું ચેરના કૉ–ઓર્ડિનેટર ડૉ. ગૌરવશાહના માર્ગદર્શન હેઠળ થયું હતું. જેમાં મુખ્ય વકતાના ભાગરૂપે ડૉક્ટર પ્રોફેસર હિતેશ જાની (ડિરેકટર ઓફ એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઓફ એન્વાયમેન્ટ ફોરેસ્ટ એન્ડ (કલાઈમેટ ચેન્જ, ગર્વમેન્ટ ઓફ ઇન્ડિયા)એ ગૌ સંવર્ધન અને પ્રાચીન કાળથી ચાલી આવતી વિવિધ ચિકિત્સા પદ્ધતિ, ભારતની ઇકોનોમી, ભવિષ્યમાં ગૌ આધારિત ઉત્પાદનોને લગતા સંશોધન અંતર્ગત માહિતગાર કર્યા. આ યોજાયેલ મિટિંગમાં ૯૭ જેટલા વિદ્યાર્થીઓ, સંશોધનાર્થીઓ, શૈક્ષણિક કર્મચારીઓ તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વ્યાખ્યાનને અંતે વિદ્યાર્થીઓએ ગૌ ચિકિત્સા તથા ગૌ ઉત્પાદનને લગતા પ્રશ્નો પણ પૂછયા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની કામધેનુ ચેર પ્રેરણાદાયી પ્રયત્નોને આગળ વધારી રહી છે. ત્યારે આ યાત્રા માત્ર ક્ષેત્રનો નવો વિમર્શ નહી, પરંતુ માનવતા અને શૈક્ષણિક ક્ષેત્રતા માટે એક અભિગમ બની રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિભાગના અધ્યાપિકા ડૉ. માનસી મહેતાએ કર્યુ હતું.

## Department of Comprative Literature

### भारतीय साहित्य, अनुवाद एवं रचनाशीलता पर व्याख्यान

वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय सूरत के तुलनात्मक साहित्य विभाग के प्रांगण में दिनांक ०३/१२/२०२४ को **"भारतीय साहित्य, अनुवाद एवं रचनाशीलता"** विषय पर व्याख्यान का आयोजन किया गया था। इसमें मुख्य वक्ता के रूप में हिन्दी विभाग, नव नालंदा महाविहार सम विश्वविद्यालय संस्कृति मंत्रालय, भारत सरकार के प्रोफेसर रविन्द्रनाथ श्रीवास्त को आमंत्रित किया था। इस कार्यक्रम के अध्यक्ष कुलपतिश्री डॉ. किशोरसिंह चावड़ा, कार्यक्रम के अतिथि विशेष कुलसचिवश्री डॉ. रमेशदान गढ़वी, तुलनात्मक साहित्य विभाग के समन्वयक डॉ. भरत ठाकोर, तथा डॉ. मुकेश वसावा, डॉ. ज्योति सिंह, डॉ. अर्चना पटेल, डॉ. कल्पना परमार, प्राध्यापिका निर्मला पटेल, प्राध्यापिका हेमांगिनी चौधरी, प्राध्यापक वैभव शुक्ला तथा विभाग के सहायक कर्मचारी एवं तुलनात्मक साहित्य, हिन्दी, और संस्कृत के छात्र एवं छात्राएं उपस्थित रहकर कार्यक्रम को सफल बनाने में सहयोग प्रदान किया।

मुख्य वक्ता के तौर पर आए हुए परिचय दासजी ने अपने व्याख्यान में वेदों, उपनिषद, रामायण, महाभारत और पौराणिक कथाओं के माध्यम से भारतीय साहित्य के प्रभाव के बारे में उन्मुक्त कराया। उन्होंने काव्य, उपन्यास, नाटक, निबंध आदि के माध्यम से साहित्य विधाओं को अनुवाद अनेक भाषाओं को जोड़ने का एक माध्यम है।

उन्होंने रचनाशीलता को साहित्य का प्राण तत्व बताते हुए साहित्य को समय के साथ गतिशील और जीवंत कैसे बनाया जा सकता है, इस और भी ध्यान केन्द्रित किया। गांधीजी, प्रेमचंद, महाश्वेतादेवी आदि अनेक साहित्यकारों के साहित्य में छिपी भारतीय संस्कृति को आज भी विश्व के मंच पर नया रूप धारण करते हुए नजर आ रहा है। आदि बातों पर भारतीय साहित्य अनुवाद और रचनाशीलता पर अपने सुंदर विचार प्रस्तुत कर अपना व्याख्यान पूरा किया।











## એક દિવસીય સંસ્કૃત સંભાષણ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા ભારતીય ભાષા ઉત્સવ અંતર્ગત 'એક દિવસીય સંસ્કૃત સંભાષણ' કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા ભારતીય ભાષા ઉત્સવ અંતર્ગત તા. ૧૦/૧૨/૨૦૨૪ના રોજ મધ્યાહ્ને ૧૨:૦૦ કલાકે શરૂ કરવામાં આવ્યો હતો. જેથી ભારતીય ભાષાને એક ભાષાના બીજી ભાષા સાથેના સંબંધને વૈવિધ્યને ખૂબ સારી રીતે સમજે, વિચારે અને જીવનમાં તેનો વિનિયોગ કરે તે હેતુથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તુલનાત્મક સાહિત્ય વિભાગના કૉ–ઑર્ડિનેટર ડૉ.ભરતભાઈ ઠાકોરની અધ્યક્ષતામાં 'એક દિવસીય સંસ્કૃત સંભાષણ' કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્કૃત ભારતીના કાર્યકારી સભ્યો ડૉ. સુરેશભાઈ અવૈયા, પ્રા. ભરતભાઈ વ્યાસ, ડૉ. આનંદભાઈ પંડયા, શ્રીમતી પ્રતિભાબેન લશ્કરી આદિ વિદ્વાનોએ સંસ્કૃત ભાષામાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સંસ્કૃત ભાષામાં સરળ વાર્તા, સંખ્યાજ્ઞાન, સંસ્કૃત ભાષામાં ઘડિયાળ જોવાની રીત, સંસ્કૃત ભાષાના વૈજ્ઞાનિક કારણો સાથેની માહિતી આપી હતી. આ કાર્યશાળામાં તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રાધ્યાપકો ડૉ. મુકેશભાઈ વસાવા, ડૉ. જ્યોતિ સિંઘ, ડૉ. અર્ચનાબેન પટેલ, ડૉ. કલ્પનાબેન પરમાર, પ્રો. હેમાંગીબેન ચૌધરી, પ્રો. નિર્મલાબેન પટેલ, પ્રો. શુકલ વૈભવ તથા મોટી સંખ્યામાં તુલનાત્મક સાહિત્ય, હિન્દી અને સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ૩:૦૦ કલાકે આભાર વિધિ કરી વેદ મંત્ર દ્વારા કાર્યશાળાની પૂર્ણાહૂતિ કરી હતી. જેમાં વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાને બોલતા, વાંચતા અને તેના વૈવિધ્યને જાણતા થયા.







## "શ્રીમદ્ ભાગવત ગીતા જયંતિ નિમિત્તે ગીતાના ૧૫માં અધ્યાયનું શ્લોક ગાન"





તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા ભારતીય ભાષા ઉત્સવ અંતર્ગત 'શ્રીમદ્ ભગવદ્ ગીતા જયંતિ નિમિત્તે ગીતાના ૧૫માં અધ્યાયનું શ્લોક ગાન' કરાવવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત વિશ્વવિદ્યાલય ગ્રાન્ટ્સ કમિશને ભારતીય ભાષા ઉત્સવની ઉજવણીની જાહેરાત કરી છે. સ્વામી સુબ્રમણ્ય ભારતીનો જન્મદિવસ, ૧૧મી ડિસેમ્બર, આ ઉત્સવના કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ્ય સંસ્કૃતિની તમામ પુત્રીઓ એટલે કે ભારતીય ભાષાઓ વચ્ચે સમરસતા સ્થાપિત કરવાનો અને તમામ ભારતીય ભાષાઓને જીવંત બનાવવાનો છે. આ ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવા માટે વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગ હેઠળ નીચેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા ભારતીય ભાષા ઉત્સવ અંતર્ગત તા. ૧૧/૧૨/૨૦૨૪ના રોજ શરૂ કરવામાં આવ્યો હતો. શ્રીમદ્ ભગવદ્ ગીતાનું જીવનમાં કેટલું મહત્વ છે. તથા આ સમયમાં શા માટે શ્રીમદ્ ભગવદ્ ગીતા જરૂરી છે? આજની સાંપ્રત પરિસ્થિતિમાં માનવી ચિંતાથી ગ્રસ્ત છે. તેને સ્થિર પ્રજ્ઞા બનવા માટે તથા દરેક સમસ્યાઓના મૂળને તોડવા માટે શ્રીમદ્ ભગવદ્ ગીતા કેટલી જરૂરી છે. તેની માહિતી તુલનાત્મક સાહિત્ય વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. ભરતભાઈ ઠાકોરે આપી હતી. ત્યારબાદ શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૫માં અધ્યાયનું પઠન–પાઠન તુલનાત્મક સાહિત્ય, હિન્દી અને સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓએ શ્લોક ગાન કર્યુ હતું. જેમાં તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રાધ્યાપકો ડૉ. મુકેશભાઈ વસાવા, ડૉ. જ્યોતિ સિંઘ, ડૉ. અર્ચનાબેન પટેલ, ડૉ. કલ્પનાબેન પરમાર, પ્રો. હેમાંગીબેન ચૌધરી, પ્રો. નિર્મલાબેન પટેલ, પ્રો. શુકલ વૈભવ હાજર રહ્યા હતા. ઓમનું ઉચ્ચારણ કરીને આ કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

## Department of Economics

## ૫૧માં યુવા મહોત્સવનાં ભાગરૂપે વિવિધ સ્પર્ધાઓનું આયોજન






શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનો લોકમાતા અહિલ્યાબાઈ હોલકર ૫૧મો યુવા મહોત્સવ તા. ૧૮/૧૨/૨૦૨૪ થી ૨૩/૧૨/૨૦૨૪ દરમિયાન વિશ્વવિદ્યાલય પરિસર ખાતે યોજાનાર છે. સદર મહોત્સવ અંતર્ગત અર્થશાસ્ત્ર વિભાગમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તારીખ ૦૯/૧૨/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગમાં જેમાં વકતૃત્વ સ્પર્ધા અને ભારતીય સંસ્કૃતિ પહેરવેશ પ્રસ્તુતિનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતૃત્વ સ્પર્ધાનો વિષય 'રાણી અહિલ્યાબાઈ', 'ભગવાણ બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી – જનજાતિ સમાજ સુધારકોનાં જીવન ચરિત્ર', 'નારી તું નારાયણી', 'ભારતીય કુટુંબ વ્યવસ્થા અને ભારતીય સાંસ્કૃતિક પહેરવેશની' પ્રસ્તુતિ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દિપપ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત અધ્યાપકગણ અને વિદ્યાર્થીમિત્રોનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી.

પ્રસ્તુત સ્પર્ધામાં એમ.એ.સેમેસ્ટર–૨ અને ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં 'રાણી અહલ્યાબાઈ' વિષય પર વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પર એમ.એ.સેમેસ્ટર–રની વિદ્યાર્થીની યાદવ ધરતી, દ્વિતીય ક્રમાંક પર એમ.એ.સેમેસ્ટર–રનાં વિદ્યાર્થી વસાવા પ્રકાશ તથા તૃતિય ક્રમ પર એમ.એ.સેમેસ્ટર–૨ ગામીત જાગૃતિ રહ્યા હતા. ભગવાન બિરસામુંડાની જન્મજયંતિ વિષય

પર વક્તૃત્વ સ્પર્ધામાં એમ.એ.સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની વસાવા નેહા અને દ્વિતીય ક્રમાંક પર એમ.એ.સેમેસ્ટર–૨નો વિદ્યાર્થી વસાવા પ્રકાશ વિજેતા રહ્યા હતા. 'નારી તું નારાયણી' વિષય પર વક્તૃત્વમાં પ્રથમ ક્રમાંક એમ.એ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની જાગૃતિએ પ્રાપ્ત કર્યો હતો. તથા ભારતીય કુટુંબ વ્યવસ્થા વિષય પર વક્તૃત્વમાં પ્રથમ ક્રમાંક પર એમ.એ.સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની વસાવા ભરતી વિજેતા રહ્યા હતા. જ્યારે ભારતીય સંસ્કૃતિક પહેરવેશ પ્રસ્તુતિમાં એમ.એ.સેમેસ્ટર–૪નાં વિદ્યાર્થીઓ ગામીત કરન અને વસાવા પ્રતિભાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, દ્વિતીય સ્થાન એમ.એ.સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની કલસારિયા કિંજલ અને તૃતીય સ્થાન એમ.એ.સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની યાદવ ધરતીએ પ્રાપ્ત કર્યું હતું. દરેક વિદ્યાર્થીઓ જેમણે પ્રસ્તુત સ્પર્ધામાં ભાગ લીધો તે સર્વને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ રામી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સંશોધન પત્ર કઈ રીતે લખવું? વિષય અંગે કાર્યશાળા
















તા. ૧૪/૧૨/૨૦૨૪નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ અને ગુજરાત ઈકોનોમીક ઍસોસિએશનનાં સંયુકત ઉપક્રમે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'સંશોધન પત્ર કઈ રીતે લખવું?' તે હતો. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ગુજરાત ઈકોનોમીક ઍસોસિએશનનાં સેક્રેટરી ડૉ. જુવાનસિંહ વાળા, ડૉ. દિલીપ વરસાણી (વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં વિનયન વિદ્યાશાખાનાં ઍસોસિએટ ડીન) અને અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી.રામી મુખ્ય અતિથી તરીકે હાજર રહ્યા હતા, તથા ડૉ. વિજય જરીવાલા, (ઍસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, એસ.પી. વિશ્વવિદ્યાલય), અર્થશાસ્ત્ર વિભાગનાં ડૉ. મનીષ આર. પટેલ અને ડૉ. યોગેશ એન. વાંસિયા મુખ્યવકતા તરીકે જોડાયા હતા. કાર્યશાળાની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને આગળ વધારતા ઉપસ્થિત અતિથીગણ અને મુખ્યવકતા તથા કાર્યશાળામાં ભાગ લેનાર દરેક સભ્યોનો શાબ્દિક આવકાર ડૉ. મનીષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનશ્રીઓ અને મુખ્યવકતાઓનું કવિ નર્મદની પ્રતિકૃતિ, વિશ્વવિદ્યાલય

ખેંસ અને પુસ્તક દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા કાર્યશાળામાં ઉપસ્થિત મહેમાનશ્રી, વિષય તજજ્ઞોનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો હતો. તથા કાર્યશાળાનાં આયોજનનો હેતુ રૂપરેખા અને વિષય અંગે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા કાર્યક્રમનાં આયોજન અને સફળતા માટે આશિવર્ચન આપવામાં આવ્યા હતા તથા સંશોધન પ્રવૃત્તિ વધારવા અંગે અને NEP 2020 અંગે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાત ઇકોનોમીક ઍસોસિએશનનાં સેક્રેટરી એવા ડૉ. જુવાનસિંહ વાળા દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત ઇકોનોમીક ઍસોસિએશનમાં શું છે તેના વિષે તથા આવનાર સમયમાં થનાર કોન્ફરન્સનાં આયોજન વિષે ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં તેમને વિદ્યાર્થીઓ, સંશોધકો અને અધ્યાપકોમાં વધુમાં વધુ સંશોધન તરફ પ્રેરાય તેના પ્રયત્ન ગુજરાત ઈકોનોમીક ઍસોસિએશનનાં દ્વારા કરવામાં આવે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી અને આવનાર સમયમાં ગુજરાત ઈકોનોમીક ઍસોસિએશન દ્વારા યોજાનાર કોન્ફરન્સમાં સંશોધન પત્ર રજૂ કરવા અને જોડવા માટે સૌને પ્રેરિત કર્યા હતા. ત્યારબાદ ડૉ. દિલીપ વારસાણી દ્વારા પ્રસ્તુત કાર્યશાળાનાં આયોજન માટે અર્થશાસ્ત્ર વિભાગ અને ગુજરાત ઇકોનોમીક ઍસોસિએશનને શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ કાર્યશાળાનાં મુખ્ય વકતા ડૉ. વિજય જરીવાળાએ "Artificial Intelligence (AI) and Economics: Application and Implication" વિષય પર વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમજ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા "Economics Growth, Development Issues and Sustainable Development in India : Path towards Viksit Bharat@2047" અને ડૉ. મનીષ આર. પટેલ દ્વારા 'How to Write Research Paper?' વિષય પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. વકતાઓનાં વકતવ્ય બાદ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા કાર્યશાળાના આયોજન અને તેની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનાં અંતે ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા આભારવિધિ કરી હતી, કાર્યશાળાની મંજૂરી આપવા બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીનો આભાર વ્યકત કરી કાર્યશાળામાં ઉપસ્થિત અતિથીગણ, મુખ્યવકતા તથા કાર્યશાળામાં ભાગ લેનાર દરેક સંશોધક, વિદ્યાર્થીમિત્ર તથા અધ્યાપકોનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મનીષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ૧૪૦ જેટલા સંશોધનાર્થીઓ તથા અધ્યાપકો જોડાયા હતા.

## 'અશોક વૃક્ષ'નો રોપણ કાર્યક્રમ

વિશ્વવિદ્યાલયના 'લોકમાતા અહિલ્યાબાઈ હોલકર ૫૧મો યુવા મહોત્સવ'નાં અવસરે તા. ૨૧/૧૨/૨૦૨૪ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદ હસ્તે તથા અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી.રામી અને વિભાગનાં અન્ય શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ સાથે મળીને અશોક વૃક્ષનું રોપણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, 'અશોક વૃક્ષનો ઉલ્લેખ રામાયણમાં કરવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે જ્યારે માતા સીતાનું હરણ કરી તેમને લંકામાં જે 'અશોક વાટીકા'માં રાખવામાં આવ્યા હતા. ત્યાં આ 'અશોક વૃક્ષ' નીચે તેઓ બેઠા હતા. આ પૌરાણિક વાર્તાને યાદ કરીને, વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગે આ વૃક્ષો વાવીને એક ઐતિહાસિક અને સંસ્કૃતિક વારસો સંભાળ્યો છે. અશોકવૃક્ષ માત્ર એક વૃક્ષ નથી, પરંતુ આપણી સંસ્કૃતિ અને ધર્મ સાથે જોડાયેલું છે. આ વૃક્ષ વાવીને આપણે આપણી આગામી પેઢીને પણ આપણી સંસ્કૃતિથી વાકેફ કરીશું.





## ૫૧માં યુવા મહોત્સવનાં ભાગરૂપે વિવિધ સ્પર્ધાઓનું આયોજન




શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫માં વિશ્વવિદ્યાલયનો લોકમાતા અહિલ્યાબાઈ હોલકર ૫૧મો યુવા મહોત્સવ અંતર્ગત તા. ૧૦/૧૨/૨૦૨૪નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગમાં

વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય બંધારણ અંતર્ગત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્વિઝમાં વિદ્યાર્થીઓની ૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં એમ.એ.સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થી વસાવા પ્રકાશ, ગામીત કરણ અને વળવી તુષારની ટીમ વિજેતા જાહેર થઈ હતી. આ ઉપરાંત પોસ્ટર મેકીંગ સ્પર્ધામાં નાગરિક કર્તવ્ય થીમ પર મતદાન જાગૃતિ અંગેના પોસ્ટર તૈયાર કરવામાં આવ્યા હતા. ચિત્ર સ્પર્ધામાં વૃક્ષારોપણ થીમ પર વર્તમાન સમયમાં વધતું જતું ઔદ્યોગિકરણ અને પર્યાવરણ સંરક્ષણના સંદર્ભમાં ચિત્રો તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં એમ.એ.સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની મૈત્રી પટેલ વિજેતા રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓ જેમણે પ્રસ્તુત સ્પર્ધામાં ભાગ લીધો તે સર્વને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

## શ્રધ્ધાંજલિ કાર્યક્રમ

તા. ૨૬/૧૨/૨૦૨૪નાં રોજ રાત્રે ૯:૩૦ કલાકે આપણા પૂર્વ પ્રધાનમંત્રી અને ભારત દેશનાં મહાન અર્થશાસ્ત્રી એવા ડૉ. મનમોહનસિંહનું દુઃખદ અવસાન થયું હતું. તેમને શ્રદ્ધાંજલિ આપવા અર્થે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા ડૉ. મનમોહનસિંહને શ્રદ્ધાંજલિ આપતા તેમના જીવનની કારકિર્દી અને તેમના દ્વારા એક અર્થશાસ્ત્રી તરીકે તથા એક વડાપ્રધાન તરીકે કરવામાં આવેલ મહત્વનાં કાર્યોની ચર્ચા કરવામાં આવી હતી. ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા અર્થશાસ્ત્રનાં વિદ્યાર્થીઓને ડૉ. મનમોહનસિંહનું સૌથી મહત્વપૂર્ણ યોગદાન એ તેમના ૧૯૯૧નાં સમયગાળામાં ભારતીય નાણામંત્રી તરીકે કરેલ ભારતીય રૂપિયાનું અવમુલ્યન અને પછી ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી ભારતના વડા પ્રધાન તરીકેનાં કાર્યકાળમાં શિક્ષણ અને માહિતીનો અધિકાર, ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરપ, સીધું વિદેશી મૂડીરોકાણ અને સીધું સંસ્થાકીય રોકાણ વગેરે વિષે ચર્ચા કરવામાં આવી. ૧૯૯૧માં જ્યારે ભારત આર્થિક સંકટનો સામનો કરી રહ્યું હતું, ત્યારે ડૉ. મનમોહનસિંહ અને તે સમયેના વડાપ્રધાનશ્રી પી.વી.નરસિંહ રાવની નેતૃત્વમાં આર્થિક સુધારાઓની શરૂઆત કરી તે સુધારાઓ અંગે ચર્ચા કરવામાં આવી. વધુમાં તેમણે જણાવ્યું કે મનમોહનસિંહએ તે સમયે ભારત આયાત–નિકાસ નિયંત્રણો ઘટાડવા અને વૈશ્વિક સ્પર્ધામાં સામેલ થવા માટે એક નવી આર્થિક દિશામાં આગળ કઈ રીતે આગળ વધાર્યું તે અંગે પણ ચર્ચા કરી. ડૉ. ગૌરાંગ ડી. રામીએ ડૉ. મનમોહનસિંહએ ઓછું બોલીને જે મોટા અને મહાન કાર્યો કર્યા તે અંગે વિદ્યાર્થીઓને અવગત કાર્ય હતા. અને તેમનાં માટે ભારતે જ નહિ પરંતુ સમગ્ર વિશ્વએ એક મહાન અર્થશાસ્ત્રી ગુમાવ્યો છે તે જણાવી દુખ પ્રગટ કર્યો હતું. કાર્યક્રમના અંતે સૌએ ડૉ. મનમોહનસિંહની પ્રતિમા સમક્ષ પુષ્પ અર્પણ કર્યા હતા અને ૨ મિનીટનું મૌન રાખી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગનાં શૈક્ષણિક, વહીવટી કર્મચારી તથા એમ.એ.સેમેસ્ટર–૨ અને ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા જોડાયેલ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ અવસરે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા પણ શ્રદ્ધાંજલિ સંદેશ મોકલવામાં આવ્યો હતો.





## Department of Physics

## એક દિવસીય સેમિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ભૌતિકશાસ્ત્ર વિભાયમાં તા. ૧૧/૧૨/૨૦૨૪ના રોજ "The Semiconductor Ecosystem and Associated Job Avenues for Basic Science Students" વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિષયના જાણકાર એવા પ્રો. કે.ડી.પટેલ, ભૌતિકશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર આણંદ દ્વારા વિદ્યાર્થીઓને વિષયની સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ હાજરી આપી હતી અને વિભાગના વિદ્યાર્થીને વિષયલક્ષી માર્ગદર્શન પૂરું પાડયું હતું. કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા અને પ્રો.કે.ડી.પટેલનું વિભાગ દ્વારા ગીતાજયંતી નિમિત્તે શ્રીમદ ભગવતગીતા આપીને સન્માન કરવામાં આવેલ હતું. વિભાગના વડા પ્રો. આઈ.બી.પટેલે વિભાગના વિદ્યાર્થીઓને સેમિનારના લીધે ભવિષ્યમાં રહેલ તકોની જાણકારી મેળવેલ હતી અને ભૌતિકશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા પ્રો.કે.ડી.પટેલ સાથે પ્રશ્નોત્તરી થઈ જેની સંતોષપૂર્ણ જાણકારી આપી હતી.

સેમિનારના અંતે પ્રો.બી.પી.મોદીએ ડૉ. કે.એન.ચાવડા, પ્રો.કે.ડી.પટેલ, વિભાગના ટીચરો અને વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.






## Department of Sociology

### એક દિવસીય તાલીમ કાર્યક્રમ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા માસ્ટર ઓફ સોશિયલ વર્ક પ્રોગ્રામનાં સેમેસ્ટર–૪માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે એક દિવસીય તાલીમ 'સગર્ભા અને પાંડુરોગ પીડિત સ્ત્રીઓ અને તરૂણીઓનાં બાયોકેમિકલ અને આહારનું ઍસેસમેન્ટ(આકારણી)' શીર્ષક હેઠળ કરવામાં આવી હતી. નવી સિવિલ હોસ્પિટલ, સુરતના કમ્યુનિટી મેડિસીન વિભાગ, એસ.એચ.એસ.આર.સી, ગુજરાત, એઇમ્સ, રાજકોટ અને એમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬/૧૨/૨૦૨૪ના રોજ સમાજશાસ્ત્ર વિભાગના સેમિનાર હોલ ખાતે રાખવામાં આવેલ હતી.

તાલીમનો મુખ્ય હેતુ સુરતની સગર્ભા અને પાંડુરોગ પીડિત સ્ત્રીઓ અને તરૂણીઓનાં બાયોકેમિકલ અને આહારનું એસેસમેન્ટ (આકારણી)ની માહિતી ગૂગલ ફોર્મમાં ભરતી વખતે રાખવાની કાળજી અને સગર્ભા સ્ત્રીઓ અને તરૂણીઓની પાસેથી કેવી રીતે માહિતી મેળવવી વગેરે સમજાવવામાં આવી હતી. તેમજ અગાઉથી પૂર્વ તૈયારીના ભાગરૂપે શું કરવું? એ અંગેની વિસ્તૃત તાલીમ સુરતની નવી સિવિલ હૉસ્પિટલ તરફથી નિમાયેલા નૉડલ ઓફિસર અને કમ્યુનિટી મેડિસીન વિભાગનાં કાર્યરત ડૉ. શૈલી વ્યાસ (આસિસ્ટન્ટ પ્રોફેસર), ડૉ. ઋતુ બુચ (ટ્યુટર) તેમજ પ્રોજેક્ટ માટે એસ.એમ.સી., સુરત તરફથી નિમાયેલા નોડલ ઓફિસર, ડૉ. સોનલ ગામીત દ્વારા તાલીમમાં ભાગ લઈ રહેલ અને ત્યારબાદ ડિસેમ્બર ૧૭–૧૮, ૨૦૨૪નાં રોજ એસેસમેન્ટ માટે પસંદગી પામેલ ૨૪ વિદ્યાર્થીનીઓને તેઓએ ઘણી ઝીણવટપૂર્વક માહિતી આપી તાલીમ સફળતાપૂર્વક રીતે પૂર્ણ કરી હતી.

તાલીમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં અને ૨૪ વિદ્યાર્થીનીઓ સારી રીતે એસેસમેન્ટની કામગીરી કરી શકે તે માટે વિશ્વવિદ્યાલયના કુલગુરૂ. ડૉ. કિશોરસિંહ ચાવડા, રજીસ્ટ્રાર. ડૉ. રમેશદાન ગઢવી, વિભાગના અધ્યક્ષ અને એમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટર, ડૉ.એમ.એન. ગાયકવાડ, ડૉ. અરૂણ પંડયા, તેમજ એમ.એસ. ડબલ્યુ. પ્રોગ્રામના ટીચિંગ સ્ટાફ, ડૉ. મનોજ શર્મા અને શ્રીમતિ પ્રિયંકા પટેલ દ્વારા શુભેચ્છાઓ આપી હતી. સુવ્યવસ્થિત અને શિસ્તબધ્ધ રીતે તાલીમ કાર્યક્રમનું સંચાલન એમ.એસ. ડબલ્યુ. પ્રોગ્રામના આસિસ્ટન્ટ પ્રોફેસર. ડૉ. બહાદુરસિંહ એ. વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## Department of Fine Arts

### આર્ટિસ્ટ મીટનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ફાઈન આર્ટસ વિભાગમાં તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ આર્ટિસ્ટ મીટનું આયોજન કરાયું જેમાં હાઈપર રિયાલીઝમ માટે જાણીતા એવા કલાકાર પરાગ સોનાગ્રેને આમંત્રિત કરવામાં આવેલ હતા. આ આર્ટિસ્ટ મીટનું આયોજન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તેમજ ફાઈન આર્ટસ વિભાગના કૉ–ઓર્ડિનેટર અંકિતકુમાર એમ. ચાંગાવાળાના માર્ગદર્શન હેઠળ ટીચિંગ આસિસ્ટન્ટ રાજ જરીવાળા દ્વારા ખૂબ જ સફળતાપૂર્વક કરવામાં આવ્યું. જેમાં ડિપાર્ટમેન્ટના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ એલ્યુમિનીઓ તેમજ ઉત્સુક શહેરીજનો અને ૩૦ થી વધુ કેન્દ્રીય શાળાના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આ આર્ટિસ્ટ મીટમાં કલાકાર પરાગ સોનાગ્રે દ્વારા તેમની એક આર્ટીસ્ટ તરીકેની સફર વિશે ચર્ચા કરી તેમજ તેમની વિવિધ પેઇન્ટિંગો અને તેની સાથેની ઘટનાઓ તેમજ તેના વિશેની રસપદ ચર્ચાઓ કરી તેમના ચિત્રો વોલ મ્યૂરલ, સીટી સ્કેપ, પોર્ટ્રેટ વગેરે વિશે તેમના મંતવ્ય રજૂ કર્યા. આ સાથે કાર્યક્રમના અંતે સવાલ જવાબના સેશનમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોનું ખૂબ જ સહજતા અને સમજણ પૂર્વક જવાબ આપ્યા અને તે સાથે વિદ્યાર્થીઓને શિસ્ત બાબતે પણ સમજણ આપી.





## 'ભારત ના સ્વ' સાથે જોડાવાના ભાગરૂપે ભારતીય સ્થાપત્યની મહાન વારસા વિશે જાણકારી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આર્કિટેકચર વિભાગ યુવાનોને 'ભારત ના સ્વ' સાથે જોડવાના પ્રયાસના ભાગરૂપે તેના વિદ્યાર્થીને ત્રણ પરિમાણના મૂર્ત નમૂનાઓ બનાવી ભારતીય સ્થાપત્યની મહાન વારસા વિશે સતત શીખવી રહ્યું છે. બ્રહ્માંડના નિર્માણમાં માનવ ઇતિહાસે હંમેશા મહત્વની ભૂમિકા ભજવી છે. અલબત્ત, આપણે બધા પહેલાથી જ વર્તમાનમાં તેમજ ભૂતકાળમાં આર્કિટેકચરમાં 'કલા'ની ભૂમિકા જાણીએ છીએ. માનવ, કલા અને આર્કિટેકચરમાં પરસ્પર સંબંધ છે. આપણે બધા વિટ્રુવિયન વિશેષતાથી વાકેફ છીએ કે એક સારું આર્કિટેકચર હંમેશા આ ત્રણ મૂળભૂત બાબતો–ફર્મિટાસ (સ્ટ્રેન્થ–સ્ટ્રકચરલ સિસ્ટમ્સ, જે કોઈપણ સારી ડિઝાઈનનો સાર છે. કલા અને સ્થાપત્ય તે ભૂતકાળને ભવિષ્ય સાથે જોડતા પુલ તરીકે કામ કરે છે. આજે તમામ શહેરો, ખૂબ જ સરખા દેખાય છે, ખૂબ જ સમાન સ્કાયલાઈન સાથે ખાસ કરીને ઊંચી ઇમારતો અને ગગનચુંબી ઇમારતોના યુગમાં. વિસ્ફોટક વસ્તી વૃદ્ધિ, ઝડપી શહેરીકરણ, તકનીકી અને માળખાકીય પ્રગતિ, સિટી સ્કાયલાઈનની વિભાવના, ઉચ્ચ બનાવવાની માનવીય મહત્વકાંક્ષા વગેરેની સામે જમીનની તીવ્ર અછતને કારણે ઉંચા જવાની વૃત્તિ એકદમ પર્યાપ્ત હતી. માનવ સમુદાય પાસે ભૂતકાળમાં પિરામીડ, મંદિરો, અને મહેલો રૂપમાં આ ઉંચી ઉંચાઈઓ હતી, પરંતુ ખૂબ જ અલગ સિલુએટ સાથે, તેમ છતાં, તેના પ્રાદેશિક સ્વાદો, તેમની શૈલીઓ સાથે જોડાયેલ છે, જેણે તેમને ખૂબ જ અનન્ય બનાવ્યા હતા. સમાન ઇમારતો, પ્રાદેશિક સંદર્ભોને પ્રતિભાવ આપતા નથી, લોકો/વપરાશકર્તાઓને તેમના બિલ્ટ પર્યાવરણથી ડિસ્કનેકટ કરવાનું સાક્ષી છે. જ્યારે, પરંપરાગત ઐતિહાસિક ભારતીય આર્કિટેકચરને પ્રદેશ, આબોહવા, સામાજિક–સંસ્કૃતિક માળખું, સ્થાનિક સામગ્રી દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે. 'સંસ્કૃતિ એ ભૂતકાળનો આપણો વારસો છે, આજે આપણે જેની સાથે જીવીએ છીએ અને જે આપણે ભાવિ પેઢીઓને આપીએ છીએ. આપણો સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસો જીવન અને પ્રેરણાના બંને બદલી ન શકાય તેવા સ્ત્રોત છે'

આ માટે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી દ્વારા આર્કિટેકચર વિભાગને ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવે છે.



## Department of Gujarati

### શ્રણ્વન્તુ શ્રેણીનું ૫મું વ્યાખ્યાન

વિશ્વવિદ્યાલય સ્થાપનાનાં સાઠ વર્ષ નિમિત્તે યોજાયેલી શ્રણ્વન્તુ શ્રેણી અંતર્ગત ૫મું વ્યાખ્યાન યોજાયું હતું. ગુજરાતનું લોકનાટ્ય એટલે ભવાઈ. ભવાઈએ મધ્યકાળથી માંડી આજ સુધી ભજવાતું રહેલું લોકનાટ્ય છે. ખાસ કરીને દેવી સંપ્રદાય સાથે સાંકળીને લોકકલાકારો દ્વારા સુપ્રસિદ્ધ કથાઓને જનમનોરંજન અને લોકશિક્ષણના બેવડા ઉદ્દેશથી ભજવવાની આખી પરંપરા છે પૌરાણિક, મધ્યકાલીન કથાઓને પોતાનામાં સમાવીને લોકરૂપ આપીને હાસ્યરંગી પ્રસ્તુતિ કરવી એ ભવાઈનું પ્રમુખ લક્ષણ રહ્યું છે.

પ્રો. મહેન્દ્રસિંહ પરમાર(અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ભાવનગર વિશ્વવિદ્યાલય) દ્વારા યુ.જી.સી.ના પ્રોજેકટ અંતર્ગત ભવાઈ સ્વરૂપ વિશે મેજર પ્રોજેકટમાં સૌરાષ્ટ્રની ભવાઈ પરંપરા પર સંશોધન કર્યુ છે. આજના વ્યાખ્યાનમાં એમણે ભવાઈની વિવિધ પ્રસ્તુતિઓની વિડીયો ક્લિપનો આધાર લઈને રોચક શૈલીએ ભવાઈનું સ્વરૂપ, એનું વૈવિધ્ય, પ્રસ્તુતિમાં રહેલ વૈવિધ્યની વિગતે વાત કરી. લોકોની સામેલગીરી અને એમના રંજન અર્થે ભવાઈમાં થતું સ્પેન્ટેનિયસ પરિવર્તન પ્રમુખ લક્ષણ ગણાવીને ભવાઈની વિશેષતાઓને ઉજાગર કરી હતી.

સાહિત્ય સ્વરૂપ સાથેનું ભવાઈનું જોડાણ સિદ્ધ કરતી વાર્તાઓ, નવલકથાઓ અને નાટકોના ઉદાહરણ આપીને વકતાએ સાહિત્યની એક પ્રયુકિત તરીકે ભવાઈની કેટલીક બાબતોનો ઉપયોગ કરીને કઈ રીતે સફળ વિનિયોગ કરવામાં આવ્યો છે– એની વિગતસભર માહિતી આપી. સાથોસાથ એ પણ જણાવ્યું કે મિથ્યાભિમાન નાટકમાં જે સફળ વિનિયોગ

દલપતરામે કરી બતાવ્યો છે તેવો ભવાઈ સ્વરૂપનો ઉપયોગ ભાગ્યે જ બીજા કોઈ સર્જક કરી શકયા છે.

વ્યાખ્યાનને અંતે નરેશ શુકલએ મહેન્દ્રસિંહ પરમાર દ્વારા વર્ગશિક્ષણમાં નાટકની કળાનો આશ્રય લઈને કરવામાં આવેલા પ્રયોગોની માહિતી આપવા સાથે વકતાનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. સોનલ પટેલે અને આભારવિધિ સુશ્રી વિધિ પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ સમયે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.








**વિદ્યાર્થીલક્ષી સેમિનાર**

તા. ૧૩ અને ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના દિવસોમાં ગુજરાતી વિભાગ ખાતે બે દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયની સ્થાપનાનાં સાઠ વર્ષની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ આ સેમિનારની ઉદ્ઘાટન બેઠકમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. માન. કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડાએ શુભેચ્છાસંદેશ પાઠવ્યો હતો. વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ સૌનું સ્વાગત કર્યુ હતું. ત્યાર પછી આ સેમિનારના આયોજન પાછળની ભૂમિકા સ્પષ્ટ કરી. સાહિત્યકલાના કેન્દ્રમાં સ્વાભાવિક જ માનવ છે અને એ કારણે માનવજીવનને સ્પર્શતી બધી જ બાબતો સાથે સાહિત્યનો નાતો અભિન્નપણે જોડાયેલો છે. સાહિત્યના વિદ્યાર્થી જેટલા વધારે વિદ્યાઓનો પરિચય મેળવે, સાહિત્ય સાથેનો એનો નાતો સમજે તે જરૂરી જ નહી, અનિવાર્ય છે. જૂની સ્પેશ્યલાઈઝેશનની શિક્ષણ નીતિએ જે વોટરટાઈટ કમ્પાર્ટમેન્ટ રચી નાંખ્યા, તેણે એકબીજી વિદ્યાશાખાઓ વચ્ચે મોટી ખાઈ સરજી આપેલી. સદ્–નસીબે શિક્ષણવિદોને આ વાત સમજાઈ ને એટલે જાગ્યા ત્યાંથી પાછા વળ્યા– નવી નીતિમાં જે બદલાવો આવ્યા એમાં આંતરવિદ્યાકીય સંબંધોને સમજવા, ઉજાગર કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ સેમિનાર એ દિશાનું પગલું છે.

ડૉ.હસમુખ પટેલ જે મૂળ અંગ્રેજી સાહિત્યના અધ્યાપક છે પણ રસ કેળવીને ટૅક્નોલોજી પર પણ એટલું જ પ્રભુત્વ ધરાવે છે. એમણે સાહિત્ય અને ટૅક્નોલોજીનો સંબંધ વિષય પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. સાહિત્ય પોતે જ કઈ રીતે ટૅક્નોલોજી છે–ત્યાંથી એટલે કે ભાષાની શોધથી આરંભીને એના ઇતિહાસને, બદલાવના તબક્કાઓને, પ્રિન્ટિંગ પ્રેસ આવ્યા પછી આવેલ ગતિ, સ્વરૂપોમાં ફેરફાર, સાહિત્યનું લોકશાહીકરણ અને ક્રમશઃ વધતી જતી ભાવકભાગીદારીના બદલાતા રૂપો વિશે સાધાર વાત કરી, ખાસ કરીને ઔદ્યૌગિક ક્રાંતિને અસરો જે રીતે સાહિત્યને વ્યાપક બનાવવા સાથે નવારૂપે, નવા દૃષ્ટિકોણથી, ભાવકની નવા જ પ્રકારની સામેલગીરીથી જે બદલાવ આવ્યા તેનો ચિતાર આપ્યો. ખાસ કરીને કોમ્પ્યુટર, ઓફસેટ મશીનો, ઇ–વર્ઝન, ઇન્ટરને, વિવિધ પ્રકારના ફોર્મેટમાં મળતા પુસ્તકો, વિવિધ રીડીંગ એપ, વિવિધ પ્રોગ્રામ્સ, સાહિત્યમાં ભળેલ મલ્ટિમિડિયાની અસરો, સાહિત્યના જન્મથી માંડી પ્રસાર અને ભાવકચિત્તના પ્રત્યાઘાતો સુધીની વાત એમણે વણી લીધી. મારી જાણ છે ત્યાં સુધી ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનું આ પહેલું વ્યાખ્યાન હશે જે આવનાર સમયમાં કેટલા બદલાવો આવવાની વાત પણ કરતું હોય. એ.આઈ.નો ઉપયોગ, સંશોધનો, કોપીરાઈટ, નૈતિક મૂલ્યોમાં આવનારાં બદલાવો, આવનારા પડકારો અને સાહિત્યના વિદ્યાર્થીઓ માટે આ ટૅક્નોલોજી કેવી કેવી રોજગારીની તક ઊભી કરનારી બનશે–એ બધું આવરી લેતું રસપ્રદ વ્યાખ્યાન હોય. નજીકના ભવિષ્યમાં આ વ્યાખ્યાનનો નરેશ શુકલની યુટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ થશે. આભાર હસમુખ પટેલ, આ નવી દિશાની પહેલ માટે...

બીજુ વ્યાખ્યાન હતું. ડૉ. જનક ગઢવીનું. એમણે સાહિત્ય અને ઇતિહાસના સંબંધને પાંચેક હજાર વર્ષની ઉપલબ્ધ પરંપરાના ઉદાહરણો આપીને સાહિત્ય અને ઈતિહાસના પરસ્પરાવલંબનને ઉજાગર કરવા સાથે ભારતીય ગ્રંથોએ ઇતિહાસને સમજવા અને આલેખવામાં કરેલ પ્રદાનને સ્પષ્ટ કર્યુ, પ્રત્યક્ષ અને પરોક્ષ પદ્ધતિએ એકબીજાને કેવા કેવા સહાયરૂપ થાય છે તેના સંબંધને સ્થાપિત કરવા સાથે સાહિત્યકારો પોતાના ઇતિહાસને કઈ રીતે પોતાના સર્જનનો હિસ્સો બનાવે છે, એમાં કઈ રીતે માનવસંવેદનાનો ઇતિહાસ સચવાય છે–તેની ઊંડાણભરી વાત કરી. સાથોસાથ ઇતિહાસના ગ્રંથો, એની લેખનસામગ્રી તરીકે સાહિત્યનું

મહત્વ સિદ્ધ કરવા માટે ભારતીય, ચીની, મિડલઈસ્ટ, ભૂમધ્યસમુદ્ર, રેડ–ઇન્ડિયન્સથી માંડીને ભાષાકૂળો–ના ઉદાહરણો આપીને આ બંને વિદ્યાશાખાઓ મજબૂત સંબંધ, એનો ઇતિહાસ, પરસ્પરને પાડેલી અસરો વિશે અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું.

આ બે વ્યાખ્યાન પછી મંચ પર સક્રિય થઈને રજૂઆત કરવા માટે વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા. એમણે તૈયાર કરેલ શોધપત્રોની રજૂઆત ડૉ. પન્ના ત્રિવેદીના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવી. વિદ્યાર્થીઓએ સાહિત્ય અને ટૅકનોલોજી, સાહિત્ય અને ઈતિહાસ ને ધ્યાનમાં રાખીને જે શોધપત્રો તૈયાર કર્યા હતા તે રજૂ કર્યા. રજૂઆત કરવા સાથે પ્રશ્નોતરી અને વકતાઓની એમાં સામેલગીરીને કારણે આ બેઠક વિદ્યાર્થીઓના વિચારોના આદાન પ્રદાન માટે મૂલ્યવાન બની. આ રીતે સેમિનારનો પ્રથમ દિવસ સમૃદ્ધ ભાથુ આપનારો નીવડયો. એની પ્રસન્નતા વિદ્યાર્થીઓના ચહેરા પર સ્પષ્ટ વંચાતી હતી. આ બેઠકોનું સંચાલન ડૉ. હેતલ ચૌધરી, ડૉ. આરતી પાંચાલ અને વિધિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

બીજા દિવસનો પ્રારંભ ડૉ. નિયાઝ પઠાણના વ્યાખ્યાનથી થયો. સાહિત્યની અનુવાદ પ્રક્રિયા પર આપવામાં આવેલ આ વ્યાખ્યાનમાં આરંભે અનુવાદની પ્રક્રિયાનું શુ મહત્વ છે અને આજે એનો કેટલો વિશાળ વ્યાપ છે એ સમજાવ્યા પછી અનુવાદનો ઇતિહાસ, એ કેવી જરૂરીયાતમાંથી આરંભાયેલી પ્રવૃત્તિ છે તેની વાત કરી. અનુવાદો વૈવિધ્ય, અનુવાદની શાસ્ત્રી વિચારણા કરતા વિદ્વાનોના મત, એની પાછળની ભૂમિકા સ્પષ્ટ કરતા જઈ સાહિત્યમાં અનુવાદ કઈ રીતે અન્ય અનુવાદોથી ભીન્ન છે, એમાં કેવી વિશેષ સજ્જતાની જરૂર પડે છે ને એ સાવધાની રાખવી પડે છે તેની પિઠિકા રચી આપ્યા પછી, પોતે કરેલ અનુવાદોના આધાર લઈને આ ક્રિયામાં આવતી સમસ્યાઓ, એના ઉકેલ માટેની મથામણને વિગતે ઉદાહરણો સાથે સમજાવી આપ્યા હતા. પોતે અનુવાદો કરતા હોવાથી અનુવાદ પ્રક્રિયાનો પ્રત્યક્ષ અનુભવ વિદ્યાર્થીઓ માટે બહુ ઉપયોગી અને વ્યવહારુ માર્ગદર્શન મળી રહે તેવો રહ્યો. ઇન્ટરએકિટવ રૂપે ચાલેલ વ્યાખ્યાનને કારણે વિદ્યાર્થી સતત સંડોવાયેલ રહ્યાં.

આ દિવસે વિદ્યાર્થીઓએ સાહિત્યના અનુવાદો, સાહિત્ય અને સમાજના સંબંધો પર પોતાના શોધપત્રો રજૂ કર્યા. આ બેઠકનું અધ્યક્ષસ્થાન નરેશ શુકલએ લીધું. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ શોધપત્રોના આધારે ચર્ચા થઈ. વિદ્યાર્થીઓએ શોધપત્ર તૈયાર કરતી વેળાએ કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ, કઈ રીતે એ લખવાનું હોય તે વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

છેલ્લે સમાપન બેઠકમાં આ સેમિનારમાં જે પામ્યા અને જે નવી દિશાઓમાં વિચારવાનું બન્યું તે અંગે પ્રતિભાવો અને પ્રશ્નોત્તર કરવામાં આવ્યા. આ બે દિવસ દરમિયાન વિભાગના વિદ્યાર્થીઓની સઘન હાજરી, વ્યાખ્યાન અને ચર્ચાઓમાં સામેલગીરી ધ્યાન ખેંચનારી હતી. આ દિવસની બેઠકોનું સંચાલન ડૉ.સોનલ પટેલ અને રવિ મોકાશી દ્વારા કરવામાં આવ્યું હતું.











## Department of Sociology

### ૫૧મા યુવા મહોત્સવમાં ગરબા સ્પર્ધામાં સિદ્ધિ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે 'લોકમાતા અહિલ્યાબાઈ હોલકર' ૫૧મા યુવા મહોત્સવ ગરબા સ્પર્ધામાં સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં કુલ ૨૪ જેટલી એન્ટ્રીમાંથી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ વિશ્વવિદ્યાલય દ્વારા તેઓને સર્ટીફીકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાની તૈયારી કરવામાં વિદ્યાર્થીઓ અને વિભાગના અધ્યાપકો દ્વારા સખત મહેનત કરવામાં આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી પ્રો. એમ.એન. ગાયકવાડ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ તબક્કે સમાજશાસ્ત્ર વિભાગ અનેવીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિવાર ગર્વની લાગણી અનુભવે છે.

### 'મુક અભિયાન (માઈમ) સ્પર્ધામાં સિદ્ધિ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે 'લોકમાતા અહિલ્યાબાઈ હોલકર' ૫૧મા યુવા મહોત્સવ–મુક અભિયાન (માઈમ) સ્પર્ધામાં સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં કુલ ૧૨ જેટલી એન્ટ્રીમાંથી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરવા બદલ વિશ્વવિદ્યાલય દ્વારા તેઓને સર્ટીફીકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. મુક અભિયાનમાં વિદ્યાર્થીઓ દ્વારા Transgender Equalityની થીમ પર અભિયાન કરવામાં આવ્યો હતો. જેમાં લોકોની Transgender પ્રત્યેના પૂર્વગ્રહો દુર થાય અને લોકો સુધી સારો સંદેશ પહોંચે અને લોકોમાં તે પ્રત્યેની જાગૃતિ ફેલાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાની તૈયારી કરવામાં વિદ્યાર્થીઓ અને વિભાગના અધ્યાપકો દ્વારા સખત મહેનત કરવામાં આવી હતી. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી પ્રો.એમ.એન. ગાયકવાડ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ તબક્કે સમાજશાસ્ત્ર વિભાગ અને વિશ્વવિદ્યાલય પરિવાર ગર્વની લાગણી અનુભવે છે.

### 'શાસ્ત્રીય વાદ્ય સંગીત (સુર વાદ્ય)' સ્પર્ધામાં સિદ્ધિ





વિશ્વવિદ્યાલય ખાતે લોકમાતા અહિલ્યાબાઈ હોલકર ૫૧મા યુવા મહોત્સવ–શાસ્ત્રીય વાદ્ય સંગીત (સુર વાદ્ય) સ્પર્ધામાં માસ્ટર ઓફ સોશિયલ વર્ક પ્રોગ્રામ, સમાજશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થીનીએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરવા બદલ વિશ્વવિદ્યાલય દ્વારા તેઓને સર્ટીફીકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાની તૈયારી કરવામાં વિભાગના અધ્યાપકો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી પ્રો.એમ.એન.ગાયકવાડ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## Department of Statistics

### Invited talk as a part of Alumni Lecture Series on 'Career with Clinical Research Organization'







On December 3, 2024, the Department of Statistics organized an insightful lecture entitled "Career Opportunities with Clinical Research Organizations" as part of Alumni Lecture Series. The event featured Mr. Milan Bhagat, Principal Biostatistician at Syneos Health in Paris, France, and an alumnus of the M.Sc. (Applied Statistics) program (Batch 2008–10). Mr. Bhagat shared valuable insights on various critical topics, including the requirements for SAS and R software in clinical research organizations. Also, he covered a range of key topics, including the role of SAS and R software in CROs, critical biostatistical concepts such as sample size determination, data analysis methodologies, handling missing data, and interpreting p-values. He also shed light on the roles of biostatisticians and statistical programmers while addressing questions about artificial intelligence, pharmaceutical companies, and CROs to help students to make career choices.

The Department expresses its sincere gratitude to Mr. Bhagat for his invaluable insights and contribution to the students' academic and professional growth.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### એલ્યુમની મિટનું આયોજન



તા. ૦૧/૧૨/૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ એલ્યુમની મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, તેમજ અતિથિ વિશેષ જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અનુજભાઈ શાહ, એલ્યુમની ઍસોસિએશનના પ્રમુખ અને સૅલ્ફ ફાઈનાન્સ કૉલેજના આચાર્યશ્રી મુકેશભાઈ ગોયાણી, એસ.પી.બી. સ્કુલના આચાર્યશ્રી કેયુરભાઈ શર્મા, સી.કે. પીઠાવાલા કૉલેજના ઇ.ચા.આચાર્ય ડૉ. માર્ટિન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના તેમજ અમરોલી કૉલેજના ગીતથી કરી હતી. ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈ એલ્યુમની ઍસોસિએશન દ્વારા સન્માન પત્ર આપવામાં આવ્યું હતું. મિટિંગમાં આવેલા તમામ અતિથિશ્રીઓનું છોડ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રા. મેહુલભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓએ કૉલેજ તથા કલાસરૂમમાં જઈ વિતાવેલા સમય અને યાદોને વાગોળી હતી. અંતે સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ગરબે રમી છુટા પડયા હતા. આ એલ્યુમની મિટ્સમાં કૉલેજ સ્થાપના વર્ષ – ઇ.સ. ૧૯૯૧ થી આજ દિન સુધીના કુલ ૬૫૦ જેટલા એલ્યુમની વિદ્યાર્થીઓ અને કૉલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ હાજર રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કલ્પેશભાઈ પરમાર અને એલ્યુમની ઍસોસિએશન, જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલી, સુરત દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના સ્પોન્સર શ્રી વત્સલભાઈ પ્રજાપતિ, શ્રી અલ્પેશભાઈ કાનાણી, શ્રી ધર્મેશભાઈ આહીર, શ્રી રામભાઈ પડસાળા, શ્રી ઋતુબેન પટેલ, શ્રી નિકુંજભાઈ કાચાં, શ્રી સંજયભાઈ ડાભી, શ્રી ધનંજયભાઈ રહ્યા હતા.

## Student Development Programmer



તા. ૧૭/૧૨/૨૦૨૪ને મંગળવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'Student Development Programmer' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં Puna Institute of Business Managementના અધ્યાપકશ્રી હઈબઈ નિખિલ નૈનાલી મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને Professional Etiquette વિશે માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. રાજ ડુમસીયા દ્વારા કરવામાં આવ્યું હતું. મહેમાનોનો પરિચય ડૉ. સ્વાતિ જોષી દ્વારા અને આભારવિધિ પ્રા. રોહિત ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

## NAAC (National Assessment and Accreditation Council)



તા. ૧૧/૧૨/૨૦૨૪ અને તા. ૧૨/૧૨/૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'NAAC (National Assessment and Accreditation Council)' દ્વારા ચોથી સાયકલ માટે કૉલેજની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં નેક પીઅર ટીમના ચેરપર્સન ડૉ. દેબાબત્રા દાસ, ટીમના કૉ–ઓર્ડિનેટર ડૉ. શિવાજી સરગકર અને મેમ્બર ડૉ. રામલીંગામ એલ. દ્વારા કૉલેજની મુલાકાત કરી હતી. કૉલેજને ગુણવત્તા માટે ગ્રેડ આપવા માટે કૉલેજના વિવિધ વિભાગો અને સવલતોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. અને ફાઈનલ નેકનો રીપોર્ટ આચાર્યશ્રીને આપવામાં આવ્યો હતો. સમગ્ર પ્રક્રિયામાં જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને શ્રી અનુજભાઈ શાહ, ઇન્ટ્રિમ યક્ષ્બહ કૉ–ઓર્ડિનેટર ડૉ. મનિષ એચ. ટેલર, યક્ષ્બહ સેક્રેટરી ડૉ. રુસ્તમ સદરી, કૉલેજના અધ્યાપકો તેમજ વહીવટી કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો હતો.

## देश का प्राकृतिक परिक्षण अभियान कार्यक्रम




તા. ૧૯/૧૨/૨૦૨૪ના જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ "देश का प्राकृतिक परिक्षण अभियान" અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરત સંચાલિત શ્રી ઓ.હી.નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય અને શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી આયુર્વેદ હોસ્પિટલના ડૉ. વિપુલ પાટીલ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની પ્રકૃતિ કેવી રીતે ચકાસવી અને એના દ્વારા સ્વસ્થ રહેવાની જાણકારી વિશે માહિતી આપી હતી. આ અભિયાનમાં કૉલેજના શૈક્ષણિક સ્ટાફ સભ્યો અને ખૂબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## રાષ્ટ્રીય સેવા યોજના ખાસ શિબિર



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના NSS યુનિટ દ્વારા પરિયા ગામ ઓલપાડ ખાતે ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૧૭/૧૨/૨૦૨૪ તા. ૨૩/૧૨/૨૦૨૪સુધી સાત દિવસીય વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૭/૧૨/૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે શિબિરનું ઉદ્‌ઘાટન સૌ પ્રથમ પ્રાર્થનાથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કૉલેજ અને NSS ગીત બાદ ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી ખાસ શિબિરને સાત દિવસ માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રોગ્રામ ઓફિસર પ્રા. વિજયભાઈ ચૌધરીએ ખાસ શિબિર અંગે માહિતી આપી હતી. P.O. પ્રા. નિહારિકાબેન જોષી દ્વારા ઉપસ્થિત મહેમાનોનો પરિચય અને સ્મૃતિભેટ સાથે સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનો દ્વારા NSSનું મહત્વ અને રાષ્ટ્રહિત માટે NSS સ્વયં સેવકોની ભૂમિકા શું છે? તે સમજવવામાં આવ્યું ઉપસ્થિત સૌ મહેમાનોએ NSS ખાસ શિબિર માટે શુભકામનાઓ પાઠવી હતી. ઉદ્‌ઘાટન પ્રસંગે જીવન જ્યોટ ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈ, પરીયા ગામના સરપંચની અનિરુદ્ધસિંહ ગોહિલ, ડેપ્યુટી સરપંચ શ્રી ભાસ્કરભાઈ પટેલ, પરિયા સ્કૂલના આચાર્યશ્રી કપીલાબેન ઉપાચાર્યશ્રી હર્ષદભાઈ પંચાલ અને અન્ય ગ્રામજનો તેમજ NSS પ્રોગ્રામ ઓફિસર્સ હાજર રહ્યા હતા. સમગ્ર ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન NSS સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતુ અને પ્રોગ્રમ ઓફિસર પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા સૌનો આભાર વ્યકત કરી રાષ્ટ્રગાન ગાવામાં આવ્યું હતુ. વિદ્યાર્થીઓએ પરિયા ગામના મંદિરના પરિસરમાં હાજર રહી પોતાનો પરિચય આપીને જૂથ બનાવી આગળના દિવસના પૂર્ણ કરવાના કાર્ય અંગે આયોજન કર્યુ હતું. આ ખાસ શિબિરમાં NSSના સ્વયંસેવકોએ પરિયા ગામના મંદિરના પરિસર, પાણીના ટાંકાની આજુબાજુમાં, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી કેન્દ્ર,શેરીઓમાં, બેંક અને પોસ્ટ ઓફિસ સુધીના રસ્તાઓ, વડની આજુ બાજુ વગેરે જગ્યાઓ પર સાફ–સફાઈનું શ્રમ–કાર્ય કર્યુ હતું અને ગામમાં વૃક્ષો પર કલર કામ કરવામાં આવ્યું હતું. બૌદ્ધિક પ્રવૃત્તિ, રમત–ગમત અને શિબિરાર્થીઓની સ્ટેજ ફીયર દુર કરવા માટેની પ્રવૃત્તિ કરવામાં આવી હતી. સાથે સાથે રકતદાન શિબિરમાં સુરતની રકતદાન કેન્દ્રની ટીમ હાજર રહી હતી જેમાં ૧૪ યુનિટનું રકત કેન્દ્રિત થયેલ હતું. અને આઈ–કેમ્પસનું ફેમિલી ફિઝીશિયન એસોસિએશન એન્ડ રોટરી કલબ સુરતના સંયુકતના ઉપક્રમે પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ.પી.પી.મિસ્ત્રી આંખના નિષ્ણાંતની સેવા આપી હતી. કે જેમાં ૧૬૮ ગ્રામજનોએ લાભ લીધો હતો.

ઉપરોકત ખાસ શિબિર દરમિયાન ડૉ. મુકેશભાઈ જગીવાલાએ પ્રાથમિક સારવાર અંગે અને ઇન્ટરવ્યું કઈ રીતે આપવું તેનું માર્ગદર્શન સ્વયંસેવકો, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને આપ્યું હતું. ડૉ. કરણસિંહ ચૌહાણ અને ડૉ. નિલેશભાઈ પટેલએ શિબિરની મુલાકાત લઈ સ્વયં સેવકોના સર્વાંગી વિકાસ માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

આ ખાસ શિબિરમાં પર્યાવરણ બચાવો, જળ એ જ જીવન, સ્ત્રી સશકિતકરણ, સ્વચ્છતા અને વ્યસન મુકિત વગેરે સ્લોગનો સાથે પરિયા ગામમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ ખાસ શિબિરમાં શિબિરાર્થીઓ દ્વારા સંસ્કૃતિક કાર્યક્રમ જેમાં ૮ સોલો અને ૯ ગ્રુપ કૃતિઓ રજૂ કરી હતી.

અંતિમ દિવસે પૂર્ણાહૂતી કાર્યક્રમમાં કૉલેજના પૂર્વ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પરીયા ગામના સરપંચશ્રી અનિરુદ્ધસિંહ ગોહિલ, ડેપ્યુટી સરપંચશ્રી ભાસ્કરભાઈ પટેલ, પરિયા સ્કુલના આચાર્યશ્રી કપીલાબેન, ઉપાચાર્યશ્રી હર્ષદભાઈ પંચાલ, ભાજપ યુવા મંત્રીશ્રી પ્રિન્સ મહીડા, કૉલેજના પ્રાધ્યાપક ડૉ. પરેશભાઈ રબારી, અન્ય ગ્રામજનો અને શિબિરાર્થીઓ દ્વારા સાત દિવસ દરમિયાન થયેલ પ્રવૃત્તિઓનો પ્રતિભાવ આપવામાં આવ્યો હતો. અંતે રાષ્ટ્રગાન દ્વારા શિબિરની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. ઉપરોકત ખાસ શિબિર માટે એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. વિજયભાઈ, પ્રા. જીતેન્દ્રભાઈ, પ્રા. નિહારીકાબેન, પ્રા. ડૉ. મયંકભાઈ અને પ્રા. પંકજભાઈએ ખાસ શિબિરનું આયોજન કરવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## ૫૧મો યુવા મહોત્સવમાં જુદી જુદી સ્પર્ધાઓમાં સિદ્ધિ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા આયોજિત ૫૧માં યુવા મહોત્સવ ૨૦૨૪–૨૫ અંતર્ગત જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીએ વિવિધ ૨૭ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જે પૈકી કિવઝ, મહેંદી, શાસ્ત્રીય કંઠય સંગીત, સ્કિટ, હળવું કંઠય સંગીત અને ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે, કિવઝ અને એકાંકી નાટક સ્પર્ધામાં બીજા ક્રમે, ઇસ્ટોલેશન, શાસ્ત્રીય નૃત્ય, સમૂહ નૃત્ય અને સમૂહ ગીત સ્પર્ધામાં ત્રીજા ક્રમે, કાર્ટુન મેકિંગ ઓન કરંટ ઇશ્યુ, ડિબેટ, વકતૃત્વ અને કોલાજ સ્પર્ધામાં ચોથા ક્રમે તેમજ માઈમ સ્પર્ધામાં પાંચમાં ક્રમે વિજેતા બન્યા હતા.

શાસ્ત્રીય કંઠય સંગીત અને હળવું કંઠય સંગીતમાં એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિ, અને મહેદી સ્પર્ધામાં એમ.કોમની વિદ્યાર્થીની કુ. ભૂમિકા ગોહિલ પ્રથમ ક્રમે, મેકિંગ ઓન કરંટ ઇશ્યુમાં ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. દિગ્વાસા ગોહિલ, કોલાજમાં ટી.વાય. બી.કોમની વિદ્યાર્થીની કુ. રાઠોડ વિરલ, ડિબેટમાં ટી.વાય. બી.કોમના વિદ્યાર્થીઓ શ્રી શિવમ રજાક અને શ્રી પિયુષ શર્મા તેમજ વકતૃત્વ સ્પર્ધામાં ટી.વાય.બી.કોમના વિદ્યાથીની કુ. સોનલ પાંડે ચોથા ક્રમે વિજેતા બન્યા હતા. આ ઉપરાંત એકાંકી નાટક "પનું દે જેઠ"માં બીજા ક્રમે ચં.ચી.મહેતા શ્રેષ્ઠ અભિનય એવોર્ડ એમ.કોમ.ની વિદ્યાર્થીની કુ. ભકિત

ગોંડલિયા અને એસ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ કુ. પ્રિયાંશી ગાલાણી અને શ્રી અક્ષર બ્રહમભટ્ટને આપવામાં આવ્યા હતા. તેમજ શ્રેષ્ઠ પ્રકાશન, શ્રેષ્ઠ સ્ક્રીપ્ટ, શ્રેષ્ઠ દિગ્દર્શકના એવૉર્ડ પણ આપવામાં આવ્યા હતા. વિજેતા ટ્રોફી કુલપતિશ્રી પ્રિ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, પદ્મભૂષણ નવાજિત એસ. ડી. કરંજીયા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના વરદહસ્તે એનાયત કરવામાં આવી હતી.

જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધેલ સૌ સ્પર્ધક કલાકારો અને કલ્ચરલ કમિટીના પ્રા. હેમા દવે, પ્રા. રુદ્રનાથ ઝા, પ્રા. ભરતભાઈ પટેલ, પ્રા. કનુભાઈ સુતરીયા, પ્રા. નેહાબેન ઉપાધ્યાય, ડૉ. ઝંખના પરમાર, પ્રા. રોહિત ચૌહાણ અને પ્રા. રાજ ડુમસીયાને, જીવન જ્યોત ટ્રસ્ટ, ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈ અને અમરોલી કૉલેજ પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

## આરોગ્યલક્ષી સેમીનાર ફેમિકોન–૨૦૨૪




'સ્ત્રી સશક્તિકરણ અને બેટી વધાવો, બેટી પઢાવો, આરોગ્યલક્ષી સેમીનાર' અંતર્ગત FEMICON-202, દામીની, જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, મિત્ર ચેનલ અને SMCના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮/૧૨/૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હૉલ મુકામે આયોજન થયું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે સામાજિક કાર્યકર તેમજ અંગદાન કાર્યકર શ્રી દિલીપભાઈ દેશમુખ હાજર રહ્યા હતા. સમગ્ર સેમીનારનું આયોજન ડૉ. ભૂપેશભાઈ ચાવડા (પ્રેસિડેન્ટ, દામિની) અને ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલ એ.દેસાઈ (જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી)ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

સેમીનારમાં સમગ્ર દક્ષિણ ગુજરાતની વિવિધ કૉલેજોની ૧૦૦૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે પૈકી જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની ૪૭૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સેમિનારમાં સુરત અને સુરતની બહારથી આવેલ વિવિધ ડૉક્ટરો કૉલેજની વિદ્યાર્થીનીઓને લગતા વિષય જેવાં કે PCOS, PCOD, Health Tips, સંધિવા, હોર્મોન્સ, IVF, CPR બ્રેસ્ટ કેન્સર, યુરિન ઇન્ફેકશન, થાઈરોઈડ, ડાયાબિટીસને લગતી વિવિધ માહિતીઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

સમગ્ર સેમિનારનું સંચાલન કૉલેજના પ્રાધ્યાપક ડૉ. ઋજૂતાબેન ગાંધી, ડૉ. ઝંખનાબેન પરમાર અને પ્રા. કાજલબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ કૉલેજોના આચાર્યશ્રીઓ અને અધ્યાપક મિત્રોએ પણ ઉમળકાભેર હાજરી આપી હતી.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### સાપ્તાહિક સ્પોર્ટસની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં બી.કોમ, બી.બી.એ, બી.સી.એ. અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઇન્ટર કોલેજ સાપ્તાહિક સ્પોર્ટસ મીટનું આયોજન તા. ૦૯ થી ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ હેપ્પી ક્રિકેટ ગ્રાઉન્ડ, ઉત્રાણ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાપ્તાહિક સ્પોર્ટસ મીટમાં વિવિધ પ્રકારની હરીફાઈ જેવી કે દોડ, વિઘ્ન દોડ, રીલે દોડ, કબડ્ડી, ગોળાફેંક, દોરડા ખેંચ, ક્રિકેટ રાખવામાં આવી હતી. સ્પોર્ટસ મીટના દિવસો દરમિયાન જીવન જ્યોટ ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી અનુજભાઈ શાહ, તેમજ ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈએ ગ્રાઉન્ડ પર હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પોર્ટસ મીટના તમામ દિવસો દરમિયાન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી તેમજ સ્પોર્ટસ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા, બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા, બી.સી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા, બી.કોમ. કૉ–ઓર્ડિનેટર પ્રા. ભરત બસરાની, બી.સી.એ. વિન્ટર કૉ–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાળા, બી.એસ.સી. ડેટા સાયન્સ કૉ–ઓર્ડિનેટર પ્રા. હિતેશ પટેલ, તમામ સ્ટાફ સભ્યોની સતત હાજરી રહી હતી. સ્પોર્ટસ મીટમાં બી.કોમ, બી.બી.એ.અને બી.સી.એ.ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ

ક્રિકેટ જેવી સ્પર્ધામાં ભાગ લઈ કૉલેજનો ભૂતકાળ વાગોળી હાલના વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સાપ્તાહિક સ્પોર્ટસ મીટના અંતિમદિવસે સમાપનવિધિમાં ગેસ્ટ ઑફ હોનર્સ ગજેરા વિદ્યાભવનના ડાયરેકટર શ્રી જયેશભાઈ પટેલ, માધવબાગ સ્કૂલના આચાર્ય કાશ્મીરાબેન પટેલ, એન્ટરપ્રીનીયોર સોશિયલ એક્ટિવિસ્ટ, એગ્રોનોમિસ્ટ ડૉ. હિરેનભાઈ પટેલ, જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલના હસ્તે વિવિધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટસ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા તેમજ કૉલેજના તમામ સ્ટાફ સભ્યના સહકારની સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

## ઈન્ટર કૉલેજ પાવર લીફટીગ ટુર્નામેન્ટ



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૬ અને ૧૭ ડિસેમ્બર ૨૦૨૪નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ઈન્ટર કૉલેજ પાવર લિફટીગ ટુર્નામેન્ટનું આયોજન કૉલેજના કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. તા. ૧૬/૧૨/૨૦૨૪ના રોજ ટુર્નામેન્ટના ઉદઘાટન સમારંભમાં અતિથિ વિશેષ તરીકે સોનલબેન દેસાઈ, સાંસ્કૃતિક વિભાગ એસ.એસ.સી., સુરત. જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ હાજર રહી ટુર્નામેન્ટની શરૂઆત કરી હતી. પાવર લીફટીગ ટુર્નામેન્ટમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૪૩ કૉલેજના ૧૪૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, ટુર્નામેન્ટ દરમ્યાન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી તેમજ સંસ્થાના ક્રીડા. પ્રા. ડૉ. પ્રદિપકુમાર લેન્કા વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજના સ્પોર્ટસ ટીચર હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કાર્ય હતા. તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૪નાં રોજ પાવર લીફટીગ (ભાઈ) માં ૫૯ કે.જી.માં પ્રથમ ક્રમે નવયુગ આર્ટસ કૉલેજ, બીજા ક્રમે એસ.ડી.જૈન.કૉલેજ, તૃતીય ક્રમે નવયુગ સાયન્સ કૉલેજ, ૬૬ કે.જી.માં પ્રથમ ક્રમેનવયુગ સાયન્સ કૉલેજ, બીજા ક્રમે સર.કે.પી.કોમર્સ કૉલેજ, તૃતીય ક્રમે નવયુગ સાયન્સ કૉલેજ, આત્માનંદ સરસ્વતી કૉલેજ, ૭૪ કે.જી.માં પ્રથમ ક્રમે એસ.ડી. જૈન. કૉલેજ, બીજા ક્રમે એમ.ટી.બી. આર્ટસ કૉલેજ, તૃતીય ક્રમે સર.કે.પી.કોમર્સ કૉલેજ, ૮૩ કે.જી.માં પ્રથમ ક્રમે એમ.બી.ગોહિલ ફિઝીયો કૉલેજ નવસારી, બીજા ક્રમે પી.જી.સાયન્સ કૉલેજ, બારડોલી, તૃતીય ક્રમે એસ. ડી. જૈન. કૉલેજ, ૯૩ કે.જી.માં પ્રથમ ક્રમે સર.કે.પી.કોમર્સ કૉલેજ, બીજા ક્રમે એમ.આર.ડી.આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ચીખલી, તૃતીય ક્રમે યુ.સી.સી.સી.એ. ઉધના કૉલેજ, ૧૦૫ કે.જી.માં પ્રથમ ક્રમે આત્માનંદ સરસ્વતી કૉલેજ, બીજા ક્રમે એમ.ટી.બી.આર્ટસ કૉલેજ, તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, અમરોલી, ૧૨૦ કે.જી.માં પ્રથમ ક્રમે નવયુગ કોમર્સ કૉલેજ, બીજા ક્રમે દોલત ઉષા, વલસાડ, ૧૨૦+કે.જી.માં પ્રથમ ક્રમે દોલત ઉષા કૉલેજ, બીજા ક્રમે એસ.બી.ગાર્ડા કૉલેજ નવસારી, તૃતીય ક્રમે નારણલાલા કૉલેજ, નવસારી વિજેતા જાહેર થયા હતા. જયારે વિશ્વવિદ્યાલય પાવર લીફટીગ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન ટ્રોફી નવયુગ કોમર્સ કૉલેજને ફાળે ગઈ હતી. ટુર્નામેન્ટ સમાપન વિધિમાં મુખ્ય મહેમાન તરીકે હીરાભાઈ જરીવાલા, ઈન્ટરનેશનલ પાવર લિફટર હાજર રહી વિજેતા ખેલાડીને મેડળ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ટુર્નામેન્ટનું આયોજન આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. પ્રદીપકુમાર લેન્કા દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

## શૂટ અને સાડી ડે



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા.૩૧/૧૨/૨૦૨૪નાં રોજ શૂટ એન્ડ સાડી ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.કોમ, બી.બી.એ. અને બી.સી.એ., બી.એસસી.ડેટા સાઈન્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ભાગ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શૂટ એન્ડ સાડી ડે સાથે સાથે રેમ્પ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. રેમ્પવોકમાં ૬૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રેમ્પવોકના જજ તરીકે શ્રી સુનીલ યદુવશી અને શ્રી દેવઆશિષ મોહિતી હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન તમામ ફેકલ્ટીના સ્ટાફ સભ્યો હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. રેમ્પવોકમાં છોકરીઓમાં વિજેતા તરીકે પ્રથમક્રમે બી.સી.એ.ની સુતાસીયા સિયા, બીજા ક્રમે બી.સી.એ.ની વાઘેલા અવની, ત્રીજા ક્રમે બી.કોમની ગુપ્તા પૂરી કુમારી અને છોકરાઓમાં

વિજેતા તરીકે પ્રથમ ક્રમે બી.કોમ. ડોબરિયા મિહિર, બીજા ક્રમે બી.સી.એ. ડાંગરિયા ઓમ, ત્રીજા ક્રમે વિવેક ઢોલા વિદ્યાર્થીઓ વિજેતા થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન અને સંસ્કૃતિક કમિટી મેમ્બર તરીકે ડૉ. હેમાદ્રી ટીકાવાલા, ડૉ. ચક્ષુ શાહ, ડૉ. અનિલા પિલ્લાઈ, પ્રા. જ્યોતિકા ટેલર, પ્રા. સુનિતા યાદવ, પ્રા. ફેરલ ગાડીયાવાલા, ડૉ. વિશ્વનાથ બોરસે દ્વારા કરવામાં આવ્યું હતું.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### Entrepreneurship Awareness Workshop

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા ઉદિશા કલ્બ અને ઇનોવેશન કલબ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે 'Entrepreneurship Awareness Workshop' પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં CED વાપી તરફથી વકતા શ્રી દર્શન સોલંકી અને શ્રી ધર્મેશ ભાલેરાવ હાજર રહ્યા હતા. જેઓએ વિદ્યાર્થીઓને ઉદ્યોગ અને ઉદ્યોગ સાહસિકતા શું છે, કઈ રીતે ઉદ્યોગ શરૂ કરી શકાય, કયા કયા ઉદ્યોગ લાવી શકાય, ઉદ્યોગોને નાના પાયા થી શરૂ કરી કઈ રીતે મોટા પાયા પર લઈ જઈ શકાય વગેરે જેવી તેની માહિતી આપી હતી. આયોજનમાં કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન અને દોરવણી મળી રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સેલ્ફ ફાઈનાન્સ ડિવિઝનના આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રા. પૂજાબેન વાઘેલાએ કર્યુ હતું. કાર્યક્રમ દરમિયાન કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યોનો સહકાર મળી રહ્યો.

### મને ગમતું પુસ્તક વાર્તાલાપ




એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે 'મને ગમતુ પુસ્તક' વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. સારા પુસ્તકોનું વાંચન તેના સર્જકો અને મહાન વિભૂતિઓની સ્મૃતિ તાજી કરાવે છે. માબાપ હંમેશા સ્નેહ, વાત્સલય અને પ્રેરણા આપે છે. જ્યારે પુસ્તકો તો આંખો અને પાંખો બંને આપે છે. ઉત્તમ પુસ્તકો વ્યકિતનો અદ્દભૂત મિત્ર અને સમજદાર માર્ગદર્શક હોય છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને એક અધ્યાપકે ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કૉલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કાર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.

### ફેમિકોન ૨૦૨૪




દામીની દ્વારા પ્રસ્તુત સ્ત્રી સશકિતકરણ અને બેટી બચાવો બેટી પઢાવોના સંદર્ભમાં ફેમિકોન ૨૦૨૪ કાર્યક્રમ, કે જે તારીખ ૨૮ ડિસેમ્બરના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય મુકામે યોજાયો હતો. જેમાં એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાંથી ઇ.ચા. આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ પ્રા. પૂજાબેન વાઘેલા તેમજ પ્રા. દીપિકાબેન લાડના સહકારથી ૩૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સેમિનારમાં વિવિધ ફિલ્ડના નિષ્ણાંત ડોકટરો જેમ કે ગાયનેક, IVF થાયરોઈડ, કેન્સર, સાઈકઈટ્રીસ્ટ, હ્યુમોટોલોજીસ્ટ, ENT વગેરે જેવા નિષ્ણાંત ડૉકટરો દ્વારા સ્ત્રીના જીવનને લગતી વિવિધ શારીરિક તેમજ માનસિક સમસ્યાઓ વિશે આગવી શૈલીમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ઉપરાંત પ્રશ્નોતરી દ્વારા વિવિધ પ્રશ્નોના જવાબો આપી વિદ્યાર્થીનીઓની મૂંઝવણનો પણ નિકાલ કરવામાં આવ્યો હતો. કૉલેજની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ નિષ્ણાંતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. જેમાં કૉલેજના પ્રાધ્યાપક ડૉ. ભાવેશ પચ્ચીગર વિદ્યાર્થીનીઓ સાથે કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### ખેલાડીઓની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર વિશ્વવિદ્યાલય ફુટબોલ (ભાઈઓ) ટીમ પસંદગી શ્રી સી.પી. ડીગ્રી કૉલેજ રાજપીપળા મુકામે યોજાય હતી. જેમાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓ (૧) સફેદા મો. અમન (૨) હિંગોરા સજ્જાદ ઇમ્તિયાઝ (૩) સૈયદ મુસ્તાકિન સાદિક (૪)

ખલિફા મો. ફરહાનની પસંદગી થઈ હતી. આ ખેલાડીઓ ઓલ ઈન્ડિયા ઈન્ટર વિશ્વવિદ્યાલય સાઉથ–વેસ્ટ ઝોન અલંગપ્પા વિશ્વવિદ્યાલય મુકામે રમવા જશે. આ ખેલાડીઓને નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ શારીરિક શિક્ષણના અધ્યાપકશ્રી, અસારિયા છગનભાઈ જીમખાના અધ્યક્ષ શ્રી ડૉ. બ્રીજેશભાઈ પટેલ તથા ડૉ. કૃણાલસિંહ આઈ. ખેંગાર તેમજ સમગ્ર કૉલેજ પરિવારે આ ખેલાડીઓને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.




## ખેલાડીની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની વેઈટલિફટીગ (ભાઈઓ) સ્પર્ધામાં ૫૫ ક્રિ.ગ્રા. ગ્રુપમાં (૧) અક્ષય બી. બલદાનિયા (એમ.કોમ.સેમ–૧) પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ટીમમાં પસંદગી પામી ઓલ ઈન્ડિયા સાઉથ–વેસ્ટ ઝોન આચાર્ય નાગાઅર્જુન વિશ્વવિદ્યાલય, આંધ્રપ્રદેશ રમવા ગયા હતા. આ સ્પર્ધામાં ૫૫ ક્રિગ્રા. ગ્રુપમાં સ્નેચ: ૮૧ કે.જી. અને કિલન એન જર્ક : ૧૦૨ ક્રિ.ગ્રામ કુલ ૧૮૩ ક્રિ.ગ્રામ વજન ઉચકી ૧૪મો ક્રમ પ્રાપ્ત કરી ઓલ ઈન્ડિયા ઈન્ટર વિશ્વવિદ્યાલયમાં પસંદગી પામ્યા હતા. આ સ્પર્ધામાં ખેલાડી પંજાબ મુકામે રમવા જશે. નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ, શારીરિક શિક્ષણનાં અધ્યાપકશ્રી અસારિયા છગનભાઈ, જીમખાના અધ્યક્ષ શ્રી ડૉ. બ્રીજેશભાઈ પટેલ તથા ડૉ. કુણાલસિંહ આઈ. ખેંગાર તેમજ સમગ્ર કૉલેજ પરિવારે આ ખેલાડીઓને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા.




## પાવર લિફ્ટીગ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આંતર કૉલેજ પાવર લિફટીગ સ્પર્ધામાં કું. છાયા પ્રદિપભાઈ મોરેએ ૮૨ ક્રિગ્રા. ગ્રુપમાં સ્કોટ ૭૫ કિ.ગ્રા, ડેડ્લિફ્ટ ૮૫ ક્રિગ્રા., બેંચપ્રેસ ૩૦ ક્રિગ્રા, કુલ ૨૦૦ કિ.ગ્રા. વજન ઉચકી તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના આસિ.પ્રો.શ્રી. છગનભાઈ અસારિયા જીમખાના ચેરમેન આસિ.પ્રો.ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## World Meditation Day Celebration

તા. ૨૧/૧૨/૨૦૨૪ના રોજ બપોરે ૧:૩૦ કલાકે વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી પ્રસંગે, આર્ટ ઓફ લીવિંગ હેપીનેસ પ્રોગ્રામના શિક્ષિકા શ્રીમતી પ્રીતિ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રીમતી પ્રીતિ પંડયાએ કાર્યક્રમ દરમિયાન ધ્યાનનું મહત્વ ખૂબ જ સુંદર રીતે સમજાવ્યું અને ધ્યાન દ્વારા માનસિક શાંતિ તેમજ સ્થિરતા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે વિશે માર્ગદર્શન આપ્યું. શારીરિક તણાવ દૂર કરવા માટે પ્રથમ Participantsને થોડીક વોર્મ–અપ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી અને ઊંડા શ્વાસ લેવાની પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી. ધ્યાનની શરૂઆત 'ઓમ'ના ઉચ્ચારણ સાથે કરવામાં આવી હતી. શ્રી રવિ શંકરજીના સુંદર ઓડિયો માર્ગદર્શન હેઠળ ધ્યાન કરાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ધ્યાન પછી પોતાના ખૂબ સુંદર અભિપ્રાયો વ્યક્ત કર્યા, જેમાં તેમણે મનની શાંતિ અને આધ્યાત્મિક શાંતિના અનુભવો વિશે વિચારણા વ્યક્ત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયાએ કર્યુ હતું.



## આંતર કૉલેજ પાવર લિફટીગ (ભાઈઓ)ની સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજ સમગ્ર યુનિવર્સિટીમાં ચેમ્પિયન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ પાવર લિફિંટગ ભાઈઓની સ્પર્ધા પ્રો.વી.બી.શાહ અમરોલી કૉલેજમાં યોજાઈ હતી, જેમાં વિશ્વવિદ્યાલયની જુદી જુદી કૉલેજોમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં બારાભાઈ તુષાર રમેશભાઈ એ ૬૬ કિ.ગ્રા ગ્રુપમાં સ્કોટ ૨૧૨.૫ અને બેન્ચ પ્રેસ ૧૧૭.૫ તેમજ ડેડ લિફટ ૨૫૫ આમ કુલ ૫૮૮ વજન ઉચકી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો, યાદવ વિકાસ, પટેલ સોહમ, ભાર્ગવ પ્રિન્સ, દલવાળા નીલકંઠ, બલઠાનીયા અક્ષય તેમજ રાણા કેવલ અનિલભાઈએ ૧૨૦ કિ.ગ્રા ગ્રુપમાં સ્કોટ ૧૭૦ અને બેન્ચ પ્રેસ ૧૦૦ તેમજ ડેડ લિફટ ૨૫૫ આમ કુલ ૧૮૫ વજન ઉંચકી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી નવયુગ કોમર્સ કૉલેજ સમગ્ર વિશ્વવિદ્યાલયમાં પ્રથમ ક્રમે આવી ચેમ્પિયન બની. આચાર્યશ્રી વિનોદભાઈ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના આસિ. પ્રો. શ્રી છગનભાઈ અસારિયા આસિ. પ્રો.ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે આ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



## વીર બાળ દિવસની ઉજવણી

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૯/૧૦/૨૦૨૪ના રોજ આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈદ્યાનિક અને સંસદીય બાબતો. ગુજરાત સરકારનો તા. ૧૭/૧૨/૨૦૨૪ના પત્ર અંતર્ગત તા. ૨૬મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ 'વીર બાલ દિવસ' તરીકે ઉજવણી કરવામા ભાગરૂપે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેનો વિષય હતો 'વીર બાલ દિવસ–આજના યુવાનો માટે પ્રેરણાનો સંદેશ' જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા તેમજ ડૉ. રૂપેશ દવે દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. અને આ સ્પર્ધામાં જજ તરીકે પણ તેમણે જ સેવા આપી હતી. આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા રહી વિષયને અનુરૂપ વિદ્યાર્થીઓને સંબોધીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને આચાર્યશ્રીના હસ્તે પ્રમાણપત્ર અને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.







## ફનફેર અને શૂટ એન્ડ સારી ડેનું આયોજન

નવયુગ કોમર્સ કૉલેજમાં આચાર્ય ડૉ. વિનોદ એન. પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ફનફેર તેમજ શૂટ એન્ડ સારી ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં ધંધાકીય દ્રષ્ટિ કેળવાય તે હેતુથી ફનફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ વાનગીઓ રાખી તેમાં મોટી સંખ્યામાં ભાગ લીધેલ હતો. આ ઉપરાંત સુટ એન્ડ સારી ડેમાં પણ ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ફનફેર અને શૂટ એન્ડ સારી ડેનું કૉલેજમાં યોગ્ય રીતે આયોજન અને સંચાલન થાય તે માટે કૉલેજના તમામ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફે જહેમત ઉઠાવી હતી.






## નવયુગ આર્ટસ કૉલેજ, સુરત.

### ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજ અંતર્ગત આંતર કૉલેજ પાવરલિફટીગ ભાઈઓ તા. ૧૬–૧૭/૧૨/૨૦૨૪ના રોજ પ્રો.વી.બી.શાહ. ઇન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમેન્ટ એન્ડ આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, અમરોલી મુકામે યોજાઇ હતી. આ સ્પર્ધામાં કુલ ૪૩ કૉલેજોએ ભાગ લીધો હતો. જેમાં નવયુગ આર્ટ્સ કૉલેજમાંથી ૨ (બે) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૫૯ ક્રિગ્રા વજનની પાવરલિફિંટગ સ્પર્ધામાં તેલંગી વીકી (ટી.વાય. બી.એ.સેમ.–૬) એ સુંદર દેખાવ કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો અને આંતર વિશ્વવિદ્યાલયમાં પસંદગી પામ્યો હતો. આ ઉપરાંત ૭૪ ક્રિગ્રા વજનની પાવરલિફટીગ બહેનોની સ્પર્ધામાં સેલર અનશિકા (એસ.વાય.બી.એ. સેમ–૪)માં અભ્યાસ કરે છે. જેમણે પણ સુંદર દેખાવ કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો. આ રીતે બંને વિદ્યાર્થીએ આ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી સંસ્થાને ગૌરવ અપાવ્યું હતું. ઇ.ચા.આચાર્ય ડૉ. સાધનાબેન પટેલ, શારીરિક શિક્ષણના પ્રા. ડૉ. સુનિતાબેન વારલી તથા સ્ટાફના સૌ સભ્યોએ અભિનંદન પાઠવી ભવિષ્યની શુભેચ્છા આપી હતી.



### ફૂટબોલ (ભાઈઓ) ટીમમા રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આંતર વિશ્વવિદ્યાલય ફૂટબોલ (ભાઈઓ) ટીમ પસંદગી સી.પી. ડિગ્રી કૉલેજ રાજપીપલા મુકામે તા. ૦૧/૧૨/૨૦૨૪ના રોજ યોજાઈ હતી. જેમાં નવયુગ આર્ટસ કૉલેજનો વિદ્યાર્થી જે એસ.વાય.બી.એ. સેમ–૪માં અભ્યાસ કરે છે, જે સૈયદ ઉમર ઓલ ઇન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલય સાઉથ વેસ્ટ ઝોન પારૂલ વિશ્વવિદ્યાલય, બરોડા મુકામે રમવા જશે. આ ખેલાડીને ઇ.ચા.આચાર્યશ્રી સાધનાબેન પટેલ, શારીરિક શિક્ષણના પ્રા. ડૉ. સુનિતાબેન વારલી તથા સમગ્ર કૉલેજ પરિવારે અભિનંદન પાઠવી ભવિષ્ય માટે શુભેચ્છા આપી હતી.



## નવયુગ સાયન્સ કોલેજ, સુરત.

### ત્રિદિવસીય નેશનલ કોન્ફરન્સ











લિક્વિડ ક્રિસ્ટલ્સ વિષય ઉપર થઈ રહેલા અદ્યતન સંશોધન અને તેની ઉપયોગીતા અંગેની વિસ્તૃત સમજ માટે આચાર્ય ડૉ. અશ્વિનભાઈ પટેલના અથાગ પ્રયત્નના ફળ સ્વરૂપે નવયુગ સાયન્સ કૉલેજ, સુરત દ્વારા 31ST National Conference On Liquid Crystals (NCLC-2024)નું આયોજન તારીખ ૨૦ થી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ સંમેલનના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને M.S. Ramaiah University of Applied Sciences, Bangaloreના કુલપતિશ્રી ડૉ. કે.કે.રૈના ઉપસ્થિત રહ્યા હતા.

લિક્વિડ ક્રિસ્ટલ્સ જે પ્રવાહી અને ઘનના ગુણધર્મો ધરાવતો એક અનોખો પ્રદાર્થ છે, તેની શોધ વિજ્ઞાન અને ટૅક્નોલોજી માટે ક્રાંતિરૂપ સાબિત થઈ. તેમની શોધથી આજના આધુનિક વિકાસ સુધી, લિક્વિડ ક્રિસ્ટલ્સે માનવજાત પર ઊંડો પ્રભાવ પડયો છે. ૧૯૬૮માં જ્યૉર્જ હાઇલમેયરે પ્રથમ લિક્વિડ ક્રિસ્ટલ્સ ડિસ્પ્લે (LCD) વિકસાવ્યું, જે ટૅક્નોલોજી ક્ષેત્રે ક્રાંતિ લાવવાનું કારણ બન્યું. આ સિવાય લિક્વિડ ક્રિસ્ટલ્સ અસીમિત ઉપયોગીતા ધરાવે છે. ટેલિવિઝન, સ્માર્ટફોન, લેપટોપ, ડિજિટલ ઘડિયાળ, કેલ્કયુલેટર અને મોનિટર જેવા ઉપકરણોમાં,પોલરાઈઝિંગ ચશ્માંમાં લિક્વિડ ક્રિસ્ટલ્સનો વ્યાપક ઉપયોગ થાય છે. ઉપરાંત ચિકિત્સા ક્ષેત્રમાં બાયોસેન્સર્સ, ડ્રગ ડિલિવરી, મેડિકલ ઇમેજિંગ ક્ષેત્રમાં તેમજ બાયોલોજિકલ મોલેક્યુલ્સને શોધી રોગનિદાનમાં મદદ કરે છે. ઊર્જા ક્ષેત્રમાં સોલર પેનલ્સ, સ્માર્ટ વિન્ડોઝ, લાઈટ અને તાપમાન અનુસાર પારદર્શકતા બદલતા ઉર્જા બચાવતા વિંડોઝમાં લિકવિડ ક્રિસ્ટલ ઉપયોગી છે. ઓપ્ટિકલ અને સંચાર ઉપકરણોમાં ફાઈબર ઓપ્ટિકસમાં, લેસર ટૅક્નોલોજીમાં, ફાઈબર ઓપ્ટિક સંચારમાં પ્રકાશ સંકેતોને મોડીફાય કરવામાં ઉપયોગી છે, લિક્વિડ ક્રિસ્ટલ તાપમાન મુજબ રંગ બદલે છે, જે તેમને થર્મોમીટરો અને થર્મલ ઇમેંજિંગ માટે આદર્શ બનાવે છે. તથા સચોટ દબાણ મોનિટરિંગ માટેની સિસ્ટમોમાં વપરાય છે. તેમનો ઉપયોગ તાપ, પ્રકાશ અથવા વિદ્યુત ક્ષેત્ર જેવા બાહ્ય પ્રેરક પર પ્રતિસાદ આપતી સામગ્રી બનાવવામાં તથા અનોખા ગુણધર્મો ધરાવતી નેનોટેક ઉપકરણો અને સામગ્રી વિકસાવવા માટે વપરાય છે. અલગ અલગ કોસ્મેટિકસમાં, લોશન અને ક્રીમમાં અને ફૂડ પેકેજિંગમાં લિક્વિડ ક્રિસ્ટલસ વપરાય છે.

આ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે India Liquid Crystal Society, Bangaloreના પ્રમુખ પ્રોફેસર રવીન્દ્ર ધાર, ભુતપૂર્વ પ્રમુખ અને પ્રોફેસર કે.એ.સુરેશ, મંત્રીશ્રી પ્રોફેસર રાજીવ મનોહર, તથા ગુજરાત અને સમગ્ર ભારત દેશમાં લિક્વિડ ક્રિસ્ટલ્સ વિષય પર સંશોધન કરતી વિશ્વવિદ્યાલય, વિવિધ અગ્રણી સંશોધન સંસ્થાઓ, કૉલેજોમાંથી ૨૪ જેટલા સિનિયર વૈજ્ઞાનિકો, તેમજ પ્રોફેસર તથા પીએચ.ડી. કરતા રીસર્ચ સ્કોલર મળી કુલ ૧૪૨ વૈજ્ઞાનિકો આવેલા હતા. તે ઉપરાંત લિક્વિડ ક્રિસ્ટલ્સ વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કરવા ખાસ અમેરિકાથી ડૉ. હરિ કે. બિસોયી અને ફ્રાંસ થી ડૉ. ધર્મેન્દ્ર પ્રતાપ સિંહ પણ પધાર્યા હતા. USA થી એક વિદ્યાર્થીની કુમારી આયુષા પોલે પણ ઑનલાઈન હાજર રહી તમામ વ્યાખ્યાન સાંભળ્યાં અને પોતાનું વ્યાખ્યાન પણ રજૂ કરેલ હતું. આ કોન્ફરન્સમાં લિક્વિડ ક્રિસ્ટલ્સ ક્ષેત્રના અગ્રણી વૈજ્ઞાનિકો અને ભવિષ્યના વૈજ્ઞાનિકો વચ્ચે નવા નવા વૈજ્ઞાનિક વિચારોનું આદાન પ્રદાન થયું જે ભવિષ્યમાં લિક્વિડ ક્રિસ્ટલ્સ વિષયના સંશોધનને ખૂબ વેગ આપશે.

આ કોન્ફરન્સ પ્રોફેસર બી.ટી.ઠાકરના અવિરત માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. આ કોન્ફરન્સના પુર્ણાહૂતિ સમારોહમાં Poster Presentation વિભાગમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ Ph.d. સંશોધન કર્તા વિદ્યાર્થીઓને ડૉ. કે.કે. રૈના, ડૉ. અશ્વિન પટેલ, ડૉ. કે.સી.દેસાઈ, (સભ્યશ્રી, Executive Committee, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), પ્રોફેસર સંદિપ કુમાર, ડૉ. ડી.એસ.શંકર રાવના વરદ હસ્તે Royal Society of Chemistry તરફથી આપવામાં આવતું વિશેષ સર્ટીફીકેટ તથા નવયુગ સાયન્સ કૉલેજ તરફથી કૅશ ઇનામ પણ આપવામાં આવ્યું. આ સંમેલનના સફળતા પૂર્વકના આયોજન માટે આચાર્ય શ્રી ડૉ. અશ્વિન પટેલ તથા તમામ કૉલેજના સભ્યો ને ખૂબ ખૂબ અભિનંદન.

## Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat.

### રકતદાન શિબિર

સુરતના વેસુ વિસ્તારમાં સ્થિત અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લીશ મીડીયમ કોલેજના NCC અને NSS અંતર્ગત રકતદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતુ. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં માનવતાની ભાવનાને જાળવી રાખવા અને જરૂરીયતમંદ વ્યકિતઓને જીવનદાન આપવાના હેતુસર કરવામાં આવ્યે હતો. શિબિર દરમિયાન મોટી સંખ્યામાં કૉલેજના NCC અને NSSના વિદ્યાર્થીઓ, તેમજ સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ શિબિરમાં ૫૦ થી વધુ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું, જે રકતદાનના ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

શિબિરના અંતે રકતદાતાઓને પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન NCC ઓફિસર Lt. જીગર ચાવડા અને

દૂર્મિતા વૈષ્ણવ તેમજ NSS પ્રોગ્રામ ઓફિસર વૈશિકા કડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ અને ઇન્ચાર્જ પ્રિન્સીપાલ ડૉ. ગૌતમ દુઆએ તમામ વિદ્યાર્થીઓના મહત્વપૂર્ણ યોગદાન બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.





## એસ.બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### વકતૃત્વ સ્પર્ધા



નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ ઇનોવેશન કલબ અને કરિયર ગાઈડન્સ એન્ડ પ્લેસમેન્ટ સેલ તથા આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે તા. ૧૨/૧૨/૨૦૨૪ના રોજ 'કરો સ્ટાર્ટઅપ: મારુ પ્રિય સ્ટાર્ટઅપ' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિતક કર્યા હતા. કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી તથા આઈ.કયુ.એ.સેલના કૉ–ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલ તથા અન્ય અધ્યાપકોએ હાજરી આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમના અંતે પ્રથમ ક્રમે વિજેતા સૂર્યવંશી મયુરી, દ્વિતિય ક્રમે સોની શિવાંશ તેમજ સોલંકી પ્રકાશસિંહ અને તૃતીય ક્રમે હિંગોરા ગઝાલા તેમજ ઘેવારે જાગૃતિને સર્ટિફિકેટ અને ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આભારવિધિ ડૉ. નેહા હરિયાણી દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. કેયુરી રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

### 'એકાઉન્ટન્સી પોસ્ટર મેકિંગ' સ્પર્ધાનું આયોજન



નવસારી શહેરના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવી જૂની અને પ્રતિષ્ઠિત ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના અધ્યક્ષપણાં અને માર્ગદર્શન હેઠળ કૉલેજનાં કોમર્સ વિભાગનાં વિદ્યાર્થીઓ માટે તા. ૧૮/૧૨/૨૦૨૪ને બુધવારના રોજ 'એકાઉન્ટન્સી પોસ્ટર મેકિંગ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સંગીતા રાજભર દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી, ત્યારબાદ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્બોધન કરી ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી. સ્પર્ધામાં કૉલેજના ઉપાચાર્યશ્રી અને એકાઉન્ટન્સી વિભાગનાં અધ્યક્ષ ડૉ. હિતેશ જે. પટેલે સ્પર્ધાનાં નિયમોથી માહિતગાર કાર્ય હતા. આ સ્પર્ધામાં ૫૨ ટીમોમાં ૧૩૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ થીમો પર પોસ્ટર તૈયાર કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે હળપતિ સરસ્વતી જે., યાદવ પૂનમ જી. બી.કોમ.સેમ.–૬, દ્વિતીય ક્રમે સૈયદ માહિરા એસ. શિંદે નિકિતાબેન જી., વસાની પાયલ ડી. બી.કોમ.સેમ.૦૬ અને તૃતીય ક્રમે કરોલીયા દિવ્યાબેન આર. લહામગે રૂત્વી એસ. પાંચભાયા સફૂરા એસ. બી.કોમ.સેમ.–૬ની ટીમને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમને ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા ઇનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે કૉલેજનાં આંકડાશાસ્ત્ર વિભાગનાં પ્રા. નિપુલ એન. મિસ્ત્રીએ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. રિધ્ધીબેન કે. લાડ અને આભારવિધિ પ્રા. પૂજા કે. ઇંગોલે દ્વારા કરવામાં આવી હતી. અંતે ડૉ. હિતેષ જે. પટેલે કાર્યક્રમને સફળ બનાવનાર તમામ ફેકલ્ટી મેમ્બર ડૉ. રેઝશ આર. મિસ્ત્રી અને પ્રા. દિવ્યા એસ. લહામગે તેમજ તમામ

વિદ્યાર્થીઓનો અને કૉલેજ પરિવારનો આભાર વ્યકત કર્યો હતો. ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પણ વિજેતાઓને શુભેચ્છા આપવામાં આવી હતી.

## એન.એસ.એસ.ના પર (બાવન)માં ખાસ વાર્ષિક શિબિરનું સાતેમ ગામે ઉદ્ઘાટન





શિક્ષણ અને સંસ્કાર ધામ સમી એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) યુનિટ દ્વારા સાતેમ (નવસારી) ગામે તા. ૦૯/૧૨/૨૦૨૪ થી તા. ૧૫/૧૨/૨૦૨૪ દરમ્યાન સાત દિવસીય પર (બાવન)માં ખાસ વાર્ષિક શિબિરનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન અને પ્રેરણાથી થયું હતું. આ શિબિરના ઉદ્‌ઘાટન સમારોહમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસગિક ઉદ્‌બોધન રજૂ કરી NSSના સ્વયંસેવકોને શિક્ષણ સાથે જીવનમાં સંસ્કારો રાષ્ટ્રીય સેવા યોજનાની વિવિધ પ્રવૃત્તિઓ થકી જ પ્રાપ્ત થશે એવી સ્વયંસેવકોને ટકોર કરી હતી. ત્યારબાદ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે અતિથિ વિશેષ અને કૉલેજના ટ્રસ્ટીશ્રી કેરસી દેબૂ નું શાલ, સ્મૃતિભેટ અને ટ્રી પ્લાન્ટ અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. અતિથિ વિશેષશ્રી કેરસીભાઈ દેબૂએ તેમના પોતાના એન.એસ.એસ.ના સ્વયંસેવકો તરીકેના સંસ્મરણો યાદ કરી તેમજ રકતદાનનું મહત્વ સમજાવી સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન રજૂ કરી સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા. આ કાર્યક્રમમાં કૉલેજના ટ્રસ્ટીશ્રી હોરમોઝભાઈ અવારી, ગામના સરપંચશ્રી રમેશભાઈ પંચાલ, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી હિતેશભાઈ રાઠોડ, વિરલભાઈ (કુંભાર ફળિયા) તથા ડૉ. એ.સી.શર્માએ હાજર રહી સ્વયંસેવકોનો ઉત્સાહ વધારી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી હેતલબેન નાયકે કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાધાબેન ગૌતમ અને શ્રી કિશોરભાઈ પટેલે અથાક પ્રયત્નો કર્યા હતા. રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી હતી.

## વકતૃત્વ સ્પર્ધા




તા. ૧૯/૧૨/૨૦૨૪ના રોજ નવસારીની પ્રખ્યાત ગાર્ડા કૉલેજ દ્વારા ડિબેટ સમિતિ અને આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે પ્રા. નરસિંહભાઈ પરમાર 'ઉજંબા' વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય 'રાષ્ટ્ર નિર્માણમાં મતદારોનું યોગદાન' હતો. કાર્યક્રમની શરૂઆત ટી.વાય. બી.કોમ.ની વિદ્યાર્થીની શિવાની પ્રજાપતિ દ્વારા થઈ હતી. કાર્યક્રમમાં મતદારોનું મહત્વ અને તેમની ફરજ અને જવાબદારીનું પ્રેરણાદાયી વકતવ્ય ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા આપવામાં આવ્યું હતું. ઉપાચાર્યશ્રી અને આઈ.કયુ.એ.સેલના કૉ–ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. સ્પર્ધામાં કુલ ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના નિર્ણાયકશ્રી તરીકે અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. એ.બી. પટેલ અને કુ. નસરીન કુરેશીએ સેવા પૂરી પાડી હતી. સ્પર્ધામાં વિજેતા તરીકે પ્રથમ ક્રમે પાટીલ પૂજા (એફ.વાય. બી.કોમ), દ્વિતીય ક્રમે સૂર્યવંશી મયુરી (ટી.વાય.બી.કોમ.), તૃતીય ક્રમે ભારતીયા જીનલ (એફ.વાય.બી.કોમ), બન્યા હતા. ડિબેટ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કર્યો હતો અને વ્યવસ્થાના ભાગરૂપે કુ. વૃષ્ટિ પટેલે પણ હાજર રહી જરૂરી મદદ પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રીદ્ધિબેન લાડ દ્વારા કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## સ્વ.ટી.કે.બાટલીવાલા નિબંધ સ્પર્ધા

તા. ૧૭/૧૨/૨૦૨૪ના રોજ નવસારીની લોકલાડિલી ગાર્ડા કૉલેજ દ્વારા ડિબેટ સમિતિ અને આઈ. કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે 'સ્વ.ટી.કે.બાટલીવાલા નિબંધ સ્પર્ધાનું

આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી લેખન કળાને વિકસાવવા તેમજ વિસરાતી જતી ટપાલ પત્ર લખવાની, પત્ર લખવાની શૈલી ઉપર ધ્યાન દોરી માતા–પિતા અને પોતાના પર એક પત્ર લખવાની, પત્ર લખવાની શૈલી ઉપર ધ્યાન દોરી માતા–પિતા અને પોતાના પર એક પત્ર લખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. નિબંધ સ્પર્ધામાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ પણ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પર્ધાના નિર્ણાયકશ્રી તરીકે મનોવિજ્ઞાન વિષયના અધ્યાપક ડૉ. અશ્વિન શર્મા દ્વારા નિર્ણય આપવામાં આવ્યો હતો. ડિબેટ સમિતિના અધ્યક્ષ શ્રીમતી રેખાબેન પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૬૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે સાલુ અઝામિના (ટી.વાય.બી.એ.), દ્વિતીય ક્રમે બોચિયા હેતલ (એમ.કોમ.સેમ–૨) તેમજ તૃતીય ક્રમે યાદવ પૂનમ (ટી.વાય.બી.કોમ.) વિજેતા બન્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. વૃષ્ટિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સ્પર્ધાના નિયમો શ્રીમતી રિદ્ધિબેન લાડ દ્વારા જણાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.





## એક દિવસીય વર્કશોપ

નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજના આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ કરિયર ગાઈડન્સ એન્ડ પ્લેસમેન્ટ સેલ તથા આઈ.કયુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪/૧૨/૨૦૨૪ના ZOHO Books- An Accounting and Finance Software વિષય અંતર્ગત એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રસંગિક ઉદ્બોધન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી તથા આઈ.કયુ.એ.સેલના કૉ–ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલ તથા કરિયર ગાઇડન્સના અધ્યક્ષા ડૉ. નેહા હરિયાણીએ હાજરી આપી વિદ્યાર્થીઓનો યોગ્ય માર્ગદર્શન આપી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં ૧૭૭ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષશ્રી અંજલિ કાગથરા, શ્રી અંકિતભાઈ શર્મા, શ્રી દેવલભાઈ પટેલ, તથા શ્રી શાનભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ફોટોગ્રાફી અને જરૂરી ટૅક્નિકલ સુવિધા કુ. કેયુરી રાઠોડ અને દિવ્યા લહામગે દ્વારા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભાર દર્શન કુ. એશા રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું





## ઇન્ડસ્ટ્રીયલ વિઝિટના ભાગરૂપે બાલાજી વેફર્સ, વલસાડની મુલાકાત

તા. ૧૯/૧૨/૨૦૨૪ના રોજ એસ.બી.ગાર્ડા કૉલેજના કોમર્સના ૫૦ વિદ્યાર્થીઓ અને ૩ શૈક્ષણિક સ્ટાફ ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ માટે બાલાજી વેફર્સના પ્રવાસે ગયા હતા અને બાલાજી વેફર્સની આખી ઉત્પાદન પ્રક્રિયા એમના સ્ટાફ દ્વારા સમજાવવામાં આવી હતી અને ૧૨૦૦ કરોડનું ટર્નઓવર કરતી ફેકટરીની મુલાકાતનો વિદ્યાર્થીઓએ આનંદ માણ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ વિશ્વંભર મંદિર–રાબડા, સાઈબાબા મંદિર, સ્વામિનારાયણ વલસાડ, સોમનાથ મંદિર–બીલીમોરા અને સ્વામિનારાયણ મંદિર ગૌધામ–નવાગામની મુલાકાત લીધી હતી. આ પ્રવાસમા ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.ડી.એમ.ગુર્જર અને ઉપાચાર્યશ્રી ડૉ. એચ.જે. પટેલ દ્વારા બસને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. પ્રવાસની તમામ કામગીરી કોમર્સ વિભાગના અધ્યક્ષ લેફટનન્ટ ડૉ. આઈ.એ.ચૌધરીએ સંભાળી હતી અને

આ કાર્યને સફળ બનાવવામાં એડહોક પ્રાધ્યાપિકા કુ. લીના ટેલર અને કુ. કેયુરી રાઠોડએ ભૂમિકા ભજવી હતી.




## યુનિવર્સિટીની ઈન્ટર કૉલેજ પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં ગાર્ડા કૉલેજનું ગૌરવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઉપક્રમે ઈન્ટર કૉલેજ પાવર લિફ્ટિંગ (ભાઈઓ)ની સ્પર્ધાનું આયોજન પ્રો.વી.બી.શાહ. ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ કૉલેજ, અમરોલી સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨ જેટલી કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં સોંતકે તનિષ એ. (એફ.વાય.બી.કોમ), સિલ્વર મેડલ (120+Kg) પ્રાપ્ત કરી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ વધાર્યું તેમજ ટીમ મેનેજર તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા શ્રી ચિરાગ ટંડેલે સેવા આપી હતી. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બાબતે ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ.એચ.જે. પટેલ, તેમજ જીમખાના ચેરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવારે અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## એન.એસ.એસ. કેમ્પનો સમાપન સમારોહ

નવસારીની સુપ્રસિદ્ધ અને જાણીતી એસ.બી. ગાર્ડા કૉલેજ, નવસારીના એન.એસ.એસ.ના ૫૨ (બાવન)માં ખાસ વાર્ષિક શિબિરનું સાતેમ ગામે તા. ૧૪/૧૨/૨૦૨૪ના રોજ ઉત્સાહભેર સમાપન સમારોહ યોજાયો. આ કાર્યક્રમની શરૂઆત સંગીતા રાજભરની પ્રાર્થના થકી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય શ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્‌બોધન રજૂ કરી સ્વયંસેવકો જીવનમાં સંસ્કારનું સિંચન કયા કયા શ્રેત્રમાંથી પ્રાપ્ત થાય છે અને તેનું મહત્વ સમજાવ્યું.

આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રી ડૉ. રમેશદાન ગઢવી (કુલસચિવશ્રી, વી.એન. એસજી.યુ,સુરત) સમારોહના અધ્યક્ષશ્રી અને ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ (એમ.એલ.એ.નવસારી) તથા અતિથિ વિશેષશ્રી ડૉ. પ્રકાશચંદ્ર (પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર શ્રી, એન.એસ.એસ.)નું શાલ, સ્મૃતિભેટ અને ટ્રી પ્લાન્ટ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. મુખ્ય મહેમાનશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ એમના પ્રવચનમાં રાષ્ટ્રીય સેવા યોજનાની વિવિધ પ્રવૃતિ થકી રાષ્ટ્ર અને સમાજનો વિકાસ કઈ રીતે થઈ શકે તેનું મહત્વ સમજાવ્યું હતું. ડૉ. પ્રકાશચંદ્રએ એમના પ્રવચનમાં ભારત માતાનું મહત્વ અને વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત દેશને વિકસિત બનાવવા પર ભાર આપી સ્વયંસેવકોને પ્રેરણા પૂરી પાડી હતી. સ્વયંસેવકોને પ્રોત્સાહિત કરવા મોટી સંખ્યામાં ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સાત દિવસીય ખાસ વાર્ષિક શિબિરમાં સ્વયંસેવકોએ ગ્રામ સફાઈ, શ્રમ કાર્ય, વૃક્ષોને ગેરુ ચૂનો, શાળામાં બાળકો માટે મેદાન બનાવવાની પ્રવૃત્તિ, સ્વચ્છતા અને પર્યાવરણ જાગૃત્તિ રેલી, વ્યસન મુકિત રેલી અને નાટક, આઈ ચેક અપ કેમ્પ દ્વારા દર્દીઓને મફતમાં નેત્ર તપાસ જેવી અનેક પ્રવૃત્તિઓ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી તેમજ સાથો સાથ શિબિર દરમ્યાન જ્ઞાન સત્ર પણ યોજાયા જેમાં શ્રીમતી માધવીબેન શાહ (સોલાર એનર્જી), ડૉ. અર્પિતાબેન પટેલ (કૃપોષણ), શ્રીમતી ગાયત્રીબેન તલાટી (જીવનમાં યોગનું મહત્વ), શ્રી મહેશભાઈ પુરોહિત (સ્વદેશી જાગરણ મંચ), મનોવિજ્ઞાનના વિદ્યાર્થી આનંદિતા નાયક, હવની ટંડેલ, આનંદ નાયકા, વિવેક પાંડે, (અસરકારક અભ્યાસ પદ્ધતિ , સમય સંચાલન, યોગા , સેલ્ફ અવરનેશ) જેવા વિષયો પર પોતાના ઉમદા વિચારો રજૂ કરી સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા. કૃષિ મુલાકાત અંતર્ગત પ્રાકૃતિક ખેતી, કિચન ગાર્ડન, ગૌ આધારિત ખેતિ વિશે વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી.

સમાપન સમારોહમાં સ્વયંસેવકોએ પોતાના પ્રતિભાવો રજૂ કરી આનંદની લાગણી વ્યકત કરી હતી. તેમજ સ્વયંસેવકોને મહેમાનોને હસ્તે પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમનું સંચાલન ડૉ. રાધાબેન ગૌતમે કર્યું હતું તેમજ કાર્યક્રમમાં આભારદર્શન શ્રી કિશોરભાઈ પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાધાબેન ગૌતમ, શ્રીમતી હેતલબેન નાયક અને શ્રી કિશોરભાઈ પટેલે અથાક પ્રયત્નો કર્યા હતા. કાર્યક્રમ રાષ્ટ્રગીતનું ગાન કરી સમાપ્ત કરવામાં આવ્યો હતો.









## ગાડૉ કૉલેજના વિદ્યાર્થીઓ એક દિવસીય પ્રાર્કતિક શિક્ષણ શિબિર–કિલાદ કેમ્પ સાઈટમાં જોડાયા

નવસારીની એસ.બી.ગાર્ડા કૉલેજ (આર્ટસ) એન્ડ પી.કે.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારીની પ્રવાસ સમિતિ અને આઈ.ક્યુ.એ.સી. દ્વારા 'એક દિવસીય પ્રાકૃત્તિક શિક્ષણ શિબિર' કિલાદ કેમ્પ સાઈટ ખાતે સામાજિક વનીકરણ વિભાગ, નવસારીનાં સહયોગથી તા. ૨૭/૧૨/૨૦૨૪ના રોજ યોજાયો હતો.

આ શિબિરમાં કૉલેજના ૨૦૦ વિદ્યાર્થીઓ અને ૧૨ પ્રોફેસરો જોડાયા હતા. કૉલેજના ઉપાચાર્ય ડૉ. એચ.જે.પટેલે શુભેચ્છાઓ આપી પ્રવાસનો આરંભ કરાવ્યો હતો. 'પ્રાકૃતિક શિક્ષણ શિબિરમાં કિલાદ કેમ્પ સાઈટ'માં કિલાદનાં જંગલથી ટ્રેકિંગની શરૂઆત RFO ચંદ્રિકા મેડલ, RFO હીના મેડમ અને કેમ્પ સાઈટનાં સ્ટાફ સાથે થઈ હતી. જેમાં, જંગલમાં વિસ્તારમાં આવતા વૃક્ષોનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. જંગલનાં પાંચ અનામત વૃક્ષો સાગ, સીસમ, મુહડો, ખેર અને ચંદનનાં વૃક્ષોનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. જંગલનાં પાંચ અનામત વૃક્ષો સાગ, સીસમ, મહુડો, ખેર અને ચંદનનાં વૃક્ષોની માહિતી તથા તેના વિવિધ ઉપયોગોની માહિતી ટ્રેકિંગ દરમ્યાન RFO હીના મેડમે આપી જંગલના સુક્ષ્મ જીવ જંતુઓ, જેમાં ખાસ કરીને કરોડીયા, પતંગિયા, કિડી, સાપના વિવિધ પ્રકારો તથા નિશાચર પશુ–પંખીઓની માહિતી પૂરી પાડી હતી. આ ઉપરાંત વઘઈ બોટર્નિકલ ગાર્ડનની મુલાકાત કરાવી હતી.

એક દિવસીય પ્રાકૃતિક શિક્ષણ શિબિરમાં જાનકીવન ખાતે ACF શ્રી કેયુરભાઈ પટેલે પોતાના વકતવ્યમાં પ્રકૃતિ અને પ્રકૃતિના જતનનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની નોકરી અંગેની માહિતી માંગી હતી તેની આખી પ્રક્રિયા પણ ACF શ્રી કેયુરભાઈ પટેલે સમજાવી હતી. જાનકીવન ખાતે જ પ્રકૃતિ શિક્ષણ અંગેની પરીક્ષા યોજાઈ હતી જેમાં સૌથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર તથા વૃક્ષોના રોપાઓ આપીને નવાજવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ સ્થાને કહાર તનીષા, બીજા ક્રમે આહિર ક્રિષ્ના અને ત્રીજા સ્થાને શુકલા શ્વેતા રહ્યા હતા. વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક શિક્ષણ શિબિર અંગેના પ્રતિભાવો ફિડબેક ફોર્મનાં માધ્યમથી તથા પ્રત્યક્ષ શાબ્દિક રીતે આપ્યા હતા. શિબિરમાં જોડાયેલ તમામ વિદ્યાર્થીઓને શિબિર અંગેનું પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

આ એક દિવસીય પ્રાકૃતિક શિક્ષણ શિબિરની મુલાકાત આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરે લીધી હતી. આ શિબિરમાં જોડાયેલ તમામ વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરો માટે સવાર–સાંજ નાસ્તો તથા બપોરના ભોજનની વ્યવસ્થા સામાજિક વનીકરણ વિભાગ, નવસારી તરફથી પૂરી પાડવામાં આવી. આ પ્રાકૃતિક શિક્ષણ શિબિરની સફળતા માટે નાયબ વન સંરક્ષક ભાવનાબેનનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.





## વ્યાખ્યાન

તા. ૩૦/૧૨/૨૦૨૪ના રોજ નવસારીની સુપ્રસિદ્ધ એસ.બી.ગાર્ડા કૉલેજના વુમન સેલ અને આઈ.ક્યુ.એ. સેલના સયુંકત ઉપક્રમે ગ્રામ સેવા ટ્રસ્ટ ખારેલના કાર્યકર્તાશ્રી ડૉ. મિહિરભાઈ દવેનું મહિલાઓ આત્મનિર્ભર બની શકે એ સંદર્ભમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરના માર્ગદર્શન હેઠળ વ્યાખ્યાનનું આયોજન કરવામાં

આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત જાગૃતિ ઘેવારેની પ્રાર્થનાથી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરે પ્રાસંગિક ઉદ્દબોધનમાં વિદ્યાર્થીનીઓમાં જો કુશળતા હોય તો કેવી રીતે આર્થિક ઉપાર્જન કરી શકે તે અંગેની પ્રેરણાસભર માહિતી આપી હતી. આ કાર્યક્રમના મુખ્ય વકતાશ્રી ડૉ. મિહિરભાઈ દવેએ ગ્રામ સેવા ટ્રસ્ટ ખારેલ જે શિક્ષણ અને મહિલાઓ આત્મનિર્ભર બની શકે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે તેમજ તે અંગેની ટ્રેનિંગ પણ આપે છે જેમાં જ્વેલરી મેકિંગ, સીવણ કલાસ, સેનેટરી પેડ બનાવવા, ખેતી ઉદ્યોગ વગેરે અંગે માહિતીસભર વકતવ્ય રજૂ કરી, વિદ્યાર્થીનીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમમાં આ પ્રવૃત્તિ સાથે જોડાયેલા પ્રોજેકટ સુપરવાઈઝર પૂર્વીબેન દેસાઈ પણ હાજર રહી માર્ગદર્શન પૂરું પાડયું હતું. કાર્યક્રમની અંતે વિદ્યાર્થીનીઓએ પ્રશ્નોતરી કરી માર્ગદર્શન મેળવ્યું હતું. વુમન સેલના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલ, ઉપાધ્યક્ષા શ્રીમતી હેતલબેન નાયક, સભ્યોશ્રી કુ. લીના ટેલર, કુ. કિર્તી પટેલ, કુ. પૂજા ઈંગોલે, કુ. વંદન ધૂમ તથા અન્ય અધ્યાપક ભાઈ–બહેનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. પૂજા ઈંગોલે કર્યું તેમજ આભારવિધિ કુ. કિર્તી પટેલે કરી હતી. ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.







## Smt R.P.Chauhan Arts and Smt J.K.Shah and Shri K.D.Shah Commerce College, Vyara.

### વિશ્વ ધ્યાન દિવસની ઊજવણી



શ્રી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ, વ્યારા ખાતે NSS-NCC તથા આર્ટ ઓફ લીવીંગના સંયુકત ઉપક્રમે 'વિશ્વ ધ્યાન દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવી હતી. સંયુકત રાષ્ટ્રએ ૨૧ ડીસેમ્બરને 'વિશ્વ ધ્યાન દિવસ' તરીકે જાહેર કરેલ હોય, કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં યોગ અને ધ્યાન થકી સ્વાસ્થય અને સુખાકારીની સમાજ કેળવાય તે આ ઊજવણી પાછળનો મુખ્ય ઉદ્દેશ છે.

આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ વાય. ખરવાસિયાએ આ પ્રસંગે વિવિધ વકતાઓને આવકારી દરેક વ્યકિતના જીવનમાં સ્વાસ્થય અને સુખાકારીનું ખૂબ મહત્ત્વ છે અને તે માટે યોગ અને ધ્યાન અનિવાર્ય છે. વર્તમાન સમયમાં માનવ જીવન તણાવયુકત અને અનેક હાડમારીથી ભરેલું છે. જેની અસર માનવીના સ્વાસ્થય ઉપર થાય છે. તેમાંથી મુકિત મેળવવા યોગ અને ધ્યાન ખૂબ ઉપકારક બને છે એમ જણાવીને યોગ અને ધ્યાનનો માર્ગ અપનાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સોહમ હોસ્પિટલ, વ્યારાથી ઉપસ્થિત ડૉ. જેનીશ ચૌહાણે 'આર્ટ ઓફ લીવીગ' એ એક બિન–નફાકારક શૈક્ષણિક અને માનવતાવાદી સંસ્થા છે. જેની સ્થાપના શ્રી રવિશંકરજી દ્વારા કરવામાં આવી હતી. એટલુંજ નહી આ સંસ્થા ભારત સહીત વિશ્વના ઘણા દેશોમાં ધ્યાનને લગતા કાર્યક્રમો કરે છે અને તેના ખૂબ સારા પરિણામો વિશ્વને મળ્યા છે એમ જણાવી શાળા–મહાશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યોગ અને ધ્યાનમાં પોતાના જીવનમાં અપનાવશે તો શૈક્ષણિક અને આરોગ્યના ક્ષેત્રે ખૂબ સફળતા મેળવી શકશે એમ જણાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. કામીનીબેન પટેલ, જ્યોતિબેન મહાલે, ભાવનાબેન ચૌધરી, રેખાબેન પાડવી અને કપિલાબેન પાડવીએ પણ પ્રસંગોચિત ઉદ્દ્બોધન કરી યોગ અને ધ્યાન કરાવ્યા હતા. યોગ અને ધ્યાન વિષયક જાગૃતિ વિદ્યાર્થીઓ અને લોકોમાં આવે તે માટે કૉલેજ કેમ્પસમાં એક રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રા. એસ.આર.ચૌધરીએ કર્યું હતું.

## સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, ડેડીયાપાડા.

### વીર બાલ દિવસની ઉજવણી

સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ ડેડીયાપાડા ખાતે આચાર્ય ડૉ. અનિલાબેન પટેલના અધ્યક્ષ સ્થાને એન.એસ.એસ. યુનિટ દ્વારા તારીખ ૨૬ ડિસેમ્બર, ૨૦૨૪ને ગુરુવારના રોજ 'વીર બાલ દિવસ'ને રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવણી અને વ્યાખ્યન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રા. મહેશકુમાર વસાવા દ્વારા આજના દિવસનો મહત્વ સમજાવવાથી થઈ હતી. સમાજશાસ્ત્ર વિભાગના પ્રા. સુરેશભાઈ ગામીત દ્વારા વિદ્યાર્થીઓને દસમાં શીખગુરુ ગોવિદસિંહજીના પુત્રો સાહિબજાદા બાબા જોરાવરસિંહ અને બાબા ફતેહસિંહની શહાદતને યાદ કરી આજનો દિવસનો મહિમા સમજાવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. વખતસિંહ ગોહિલ, ગુજરાતી વિભાગમાંથી ડૉ. ધર્મેશભાઈ વણકર, પ્રા. ગંભીરભાઈ વસાવા, ગણેશભાઈ વસાવા, સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. રીતેશભાઈ પરમાર, પ્રા. ગંગોત્રીબેન વસાવા, રસાયણશાસ્ત્રના અધ્યક્ષ પ્રા. સંદીપભાઈ ગાઈન, હિન્દી વિભાગમાંથી પ્રા. સુરતનભાઈ વસાવા, પ્રાણીશાસ્ત્ર વિભાગમાંથી પ્રા. નવનિતાબેન વસાવા અને અંગ્રેજી વિભાગમાંથી પ્રા. પ્રિતિકાબેન વસાવા, પ્રા. સંદિપભાઈ વસાવા વગેરેની પ્રેરકરૂપ હાજરીની સાથે કૉલેજમાં અભ્યાસ કરતા ૪૫ વિદ્યાર્થીઓએ હાજરી આપી કાર્યક્રમ શોભાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમેશભાઈ વસાવાના માર્ગદર્શન હેઠળ પ્રા. મહેશકુમાર વસાવા દ્વારા કરવામાં આવ્યો.




### 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉજવણી

તા. ૨૧/૧૨/૨૦૨૪ના રોજ સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ ડેડીયાપાડા ખાતે આચાર્યશ્રી ડૉ. અનિલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમેશભાઈ વસાવા દ્વારા તા. ૨૧ ડીસેમ્બર 'વિશ્વ ધ્યાન દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતીના અધ્યાપક અને યોગ ટ્રેનર પ્રા. ગણેશભાઈ વસાવા દ્વારા ધ્યાન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાણાયમ, ઓમકાર સાથે જીવનમાં ધ્યાન વિશે વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એફ.વાય., એસ.વાય, ટી.વાય, બી.એ./બી.એસ.સી.ના વિદ્યાર્થીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જેમાં એફ.વાય., એસ.વાય, ટી.વાય, બી.એ./બી.એસ.સી.ના કુલ ૯૩ વિદ્યાર્થીઓ અને કૉલેજ સ્ટાફ હાજર રહ્યા હતા. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમ સમાપન કર્યું હતું.



### એક દિવસીય સેમીનાર

તા. ૨૧/૧૨/૨૦૨૪ના રોજ સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ ડેડીયાપાડા ખાતે આચાર્ય ડૉ. અનિલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ રૂસા (RUSA) પ્રકલ્પના કૉ–ઓર્ડિનેટર ડૉ. રમેશભાઈ વસાવા અને સંજયભાઈ પરમાર દ્વારા તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ 'જાતિ, ધર્મ અને જાતિયતાના આધારે ભેદભાવ સામે શિક્ષણની ભૂમિકા' વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય વકતા તરીકે નૈષધકુમાર મકવાણા હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમનું આયોજન ડૉ. રીતેશકુમાર પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. વકતા દ્વારા વિષય સંદર્ભે વિદ્યાર્થીઓને જાતિ, ધર્મ, અને જાતિયતાના આધારે ભેદભાવ સામે શિક્ષણ થકી ભેદભાવ દુર કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્યશ્રીએ વિષયને અનુરૂપ ઉદ્‌બોધન કર્યુ હતું. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. યોગેશ્વરીબેને કર્યું અને આભાર દર્શન પ્રા. દિશાબેન ગાંધીએ કર્યું. જેમાં એફ.વાય, એસ.વાય, ટી.વાય, બી.એ./બી.એસ.સી.ના કુલ ૯૩ વિદ્યાર્થીઓ અને કૉલેજ સ્ટાફ હાજર રહ્યા અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમ સમાપન કર્યું હતું.



## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-12-2024 to 31-12-2024

| Detail | Description | Dec.-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 3079 | |
| | Internet Lab User | 99 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 26 | |
| | Research Scholars | 3 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 2 | |
| | Online User | 2 | |
| | Total | | 3209 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| December-2024 | 724 | 645 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2024 | 16 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2024 | 17 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2024 | 16 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in